અમદાવાદ
# એક્સપ્રેસ

Ahmedabad Express Ahmedabad RNI No.GUJGUJ/2011/40654




પેજ-08

રશ્મિકાએ રિલેશન શિપનો સંકેત આપ્યો...

પેજ-09

સર્જરીના 15 દિવસ બાદ મો. શમીએ શેર કર્યા ફોટો, કહ્યું ટાંકા તુટી ગયા છે




હવામાન

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 32.00 | 19.00 |
| વડોદરા | 33.00 | 19.00 |
| સુરત | 33.00 | 20.00 |

પેજ 5



સેબી રોકાણકારોના હિતોની રક્ષા માટે પ્રતિબદ્ધ

15 MARCH-2024 FRIDAY

નોર્થ કોરિયાના તાનાશાહ કિમે ટેન્ક ચલાવી :કિમ સૈનિકો વચ્ચે દેખાયા



પેજ 10

શેરબજાર

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 73097.28 | ▲ | 335.39 |
| નિફ્ટી | 22146.65 | ▲ | 148.95 |
| સોનું | 65,559.00 | ▼ | 338.00 |
| ચાંદી | 75,210.00 | ▲ | 040.00 |


વર્ષ-13 । અંક-120 । વિક્રમ સંવત-2080 । ફાગણ સુદ-05 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# ચૂંટણી પહેલાં દેશભરમાં પેટ્રોલ-ડીઝલ સસ્તું થયું



## કેન્દ્ર સરકારે ભાવમાં પ્રતિ લિટર બે રૂપિયાનો ઘટાડો કર્યો, આવતીકાલથી નવો ભાવ લાગુ થશે

નવી દિલ્હી, તા. 14

ચૂંટણી પહેલા કેન્દ્ર સરકારે દેશભરમાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં ઘટાડો કર્યો છે. પેટ્રોલ અને ડીઝલના ભાવમાં બે રૂપિયાનો ઘટાડો કર્યો છે. આવતીકાલે સવારે 6 વાગ્યાથી નવો ભાવ અમલમાં આવશે. આ પહેલાં રાજસ્થાન સરકારે રાજ્યમાં પેટ્રોલ-ડીઝલ પર 2 ટકા વેટનો ઘટાડો કર્યો છે. કેન્દ્રીય મંત્રી હરદીપ પુરીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર ટ્વીટ કરીને લખ્યું- 'પેટ્રોલ અને ડીઝલના ભાવ 2 રૂપિયા ઘટાડીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફરી એકવાર સાબિત કર્યું છે કે કરોડો ભારતીયોના પરિવારનું કલ્યાણ અને સુવિધા હંમેશા તેમનું લક્ષ્ય રહ્યું છે.

**ઓઈલ કંપનીઓ પ્રતિ લીટર 10 રૂપિયા કમાઈ રહી છે :** ઓઈલ માર્કેટિંગ કંપનીઓ હાલમાં પેટ્રોલ અને ડીઝલ પર પ્રતિ લિટર 10 રૂપિયાની કમાણી કરી રહી છે, જે તેઓ ગ્રાહકોને આપી શકે છે. ઓઈલ કંપનીઓએ છેલ્લે એપ્રિલ 2022માં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડો કર્યો હતો. હાલમાં દેશના મોટાભાગના ભાગોમાં પેટ્રોલ 100 રૂપિયા અને ડીઝલ 90 રૂપિયા પ્રતિ લીટરથી ઉપર છે. પેટ્રોલ અને ડીઝલના ભાવ ઘટાડવાના પગલાથી ફુગાવાને ઘટાડવામાં મદદ મળી શકે છે અને 2024ની સામાન્ય ચૂંટણી પહેલા તે મહત્વપૂર્ણ બની શકે છે.

**સરકાર પેટ્રોલ અને ડીઝલ પર ભારે ટેક્સ વસૂલે છે :** આપણા દેશમાં પેટ્રોલ અને ડીઝલની બેઝ પ્રાઈસ અત્યારે 57 રૂપિયાની આસપાસ છે. પરંતુ કેન્દ્ર અને રાજ્ય સરકારો તેના પર ટેક્સ લાદે છે અને તેને 100 રૂપિયા સુધી લાવે છે. કેન્દ્ર સરકાર તેના પર 19.90 રૂપિયાની એક્સાઈઝ ડ્યુટી વસૂલ કરી રહી છે.

# ચૂંટણીપંચે ઈલેક્ટોરલ બોન્ડનો ડેટા જાહેર કર્યો

## 763 પાનાનું બે લિસ્ટ વેબસાઇટ પર અપલોડ કર્યું, SCએ 15 માર્ચની ડેડલાઇન આપી હતી

નવી દિલ્હી, તા. 14

ચૂંટણીપંચે ગુરુવારે (14 માર્ચ) પોતાની વેબસાઈટ પર ઈલેક્ટોરલ બોન્ડના તમામ ડેટા જાહેર કર્યા હતા. વેબસાઈટ પર 763 પેજની બે યાદી અપલોડ કરવામાં આવી છે. સૂચિમાં બોન્ડ ખરીદનારાઓ વિશેની માહિતી શામેલ છે. બીજામાં રાજકીય પક્ષો દ્વારા મેળવેલા બોન્ડની વિગતો છે. સુપ્રીમ કોર્ટે પંચને આ ડેટા 15 માર્ચ સુધીમાં સાર્વજનિક કરવાનો આદેશ આપ્યો હતો. આ પહેલા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI)ના ચેરમેન દિનેશ કુમારે બુધવારે સુપ્રીમ કોર્ટમાં એફિડેવિટ દાખલ કરી હતી. કહેવામાં આવ્યું હતું કે 11 માર્ચે સુપ્રીમ કોર્ટના નિર્દેશો અનુસાર ચૂંટણીપંચને ચૂંટણી બોન્ડ સંબંધિત ઉપલબ્ધ માહિતી આપવામાં આવી છે.

એસબીઆઈ ચેરમેને કહ્યું- અમે પેન ડ્રાઈવમાં બે ફાઈલો ECIને આપી છે. એક ફાઈલમાં બોન્ડ ખરીદનારાઓની વિગતો હોય છે. તેમાં બોન્ડની ખરીદીની તારીખ અને રકમનો ઉલ્લેખ છે. બીજી ફાઈલમાં રાજકીય પક્ષો દ્વારા બોન્ડને રોકડ કરવામાં આવ્યા હોવાની માહિતી છે. એન્વેલોપમાં 2 PDF ફાઈલો પણ છે. આ PDF ફાઈલો પેન ડ્રાઈવમાં પણ રાખવામાં આવી છે, તેને ખોલવાનો પાસવર્ડ પણ એન્વલપમાં આપવામાં આવ્યો છે. SBIના એફિડેવિટ મુજબ, 1 એપ્રિલ, 2019થી 15 ફેબ્રુઆરી, 2024 સુધીમાં 22 હજાર 217 ચૂંટણી બોન્ડ ખરીદવામાં આવ્યા હતા.




### પેનડ્રાઈવમાં બે ફાઈલ આપી

SBI ચેરમેને કહ્યું- અમે પેન ડ્રાઈવમાં બે ફાઈલ ECIને આપી છે. એક ફાઈલમાં બોન્ડ ખરીદનારાઓની વિગતો હોય છે. એમાં બોન્ડની ખરીદીની તારીખ અને રકમનો ઉલ્લેખ છે. બીજી ફાઈલમાં રાજકીય પક્ષો દ્વારા બોન્ડને એન્કેસ કરવામાં આવ્યા હોવાની માહિતી છે. પરબીડિયામાં 2 PDF ફાઈલો પણ છે. આ પીડીએફ ફાઈલો પેન ડ્રાઈવમાં પણ રાખવામાં આવી છે, એને ખોલવાનો પાસવર્ડ પણ એમાં આપવામાં આવ્યો છે. SBIએ સુપ્રીમ કોર્ટને જણાવ્યું કે જે પક્ષકારોએ 15 દિવસની વેલિડિટીની અંદર ઈલેક્ટોરલ બોન્ડને રોકડ કરાવ્યા નથી.

### સુપ્રીમ કોર્ટે સમયમર્યાદા વધારવાની અરજી ફગાવી

ડેટા સબમિશન માટે 6 માર્ચની સમયમર્યાદા વધારવાની SBIની અરજીને સુપ્રીમ કોર્ટે સોમવારે ફગાવી દીધી હતી. મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચુડની આગેવાની હેઠળની બેંચે આદેશનું પાલન ન કરવા બદલ બેંકની આકરી ટીકા કરી અને કાર્યવાહીની ચેતવણી આપી હતી.

### ઈલેક્ટોરલ બોન્ડ યોજના ગેરબંધારણીય કરાર

એસબીઆઈએ દાવો કર્યો હતો કે ગોપનીયતા જાળવવા માટે બે ફાઈલોમાં સંગ્રહિત ડેટાને એકત્રિત કરવામાં, ક્રોસ-ચેક કરવામાં અને રિલીઝ કરવામાં ઘણો સમય લાગશે. 15મી ફેબ્રુઆરીએ સુપ્રીમ કોર્ટે ઈલેક્ટોરલ બોન્ડ યોજના, 2018ને ગેરબંધારણીય જાહેર કરી હતી. SBIને બોન્ડ જાહેર કરવા અને તેને બંધ કરવાનો આદેશ આપ્યો હતો.

### CJIએ SBIને કહ્યું- તમે 26 દિવસમાં શું કર્યું?

SBIએ કોર્ટને કહ્યું હતું- અમને બોન્ડ સંબંધિત માહિતી આપવામાં કોઈ સમસ્યા નથી, પરંતુ એમાં થોડો સમય જોઈએ છે. એના પર CJI ડીવાય ચંદ્રચૂડે પૂછ્યું હતું- તમે છેલ્લી સુનાવણી (15 ફેબ્રુઆરી)થી 26 દિવસમાં શું કર્યું? સુપ્રીમ કોર્ટે SBIના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટરને એફિડેવિટ દાખલ કરવા જણાવ્યું કે બેંક આપેલા આદેશોનું પાલન કરશે. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે અમે અત્યારે કોઈ કન્ટેમ્પ્ટ નથી લગાવતા, પરંતુ અમે SBIને નોટિસ આપી રહ્યા છીએ.

## Quick Read

### અશ્લીલ કન્ટેન્ટ સામે કેન્દ્રની ડિજિટલ સ્ટ્રાઈક: નિયમોનું વારંવાર ઉલ્લંઘન કરી રહ્યા હતા

નવી દિલ્હી : કેન્દ્ર સરકારે અશ્લીલ કન્ટેન્ટ સામે ફરી એકવાર આક્રમક કાર્યવાહી કરી છે. કેન્દ્ર સરકારે આ પ્રકારનું કન્ટેન્ટ પીરસતા 18 OTT પ્લેટફોર્મ, 19 વેબસાઈટ, 10 એપ અને 57 ઓટીટી સોશિયલ મીડિયા હેન્ડલ પર પ્રતિબંધ લગાવી દીધો છે. માહિતી અને પ્રસારણ મંત્રાલયે આ પ્લેટફોર્મ અનેક વખત ચેતવણી આપી હતી. આમ છતાં, તેઓ દ્વારા આઈટી એક્ટના નિયમોનું વારંવાર ઉલ્લંઘન થતું હતું. માહિતી અને પ્રસારણ મંત્રાલયે જણાવ્યું કે, 'આ ઓટીટી પ્લેટફોર્મ પર વાંધાજનક કન્ટેન્ટ પ્રસારિત કરાઈ રહ્યું હતું

### રામલલાના દર્શન માટે નથી લાગતા પૈસા, ટ્રસ્ટે ફરી એક નિવેદન બહાર પાડ્યું

નવી દિલ્હી : ભગવાન શ્રી રામની નગરી અયોધ્યા આ દિવસોમાં ભગવાન રામના ગુણગાનથી ગૂંજી રહી છે. રામલલાના દર્શન કરવા લાખો લોકો અયોધ્યા પહોંચી રહ્યા છે.ખાસ કરીને રામલલાના જીવનના અભિષેક બાદ મોટી સંખ્યામાં ભક્તો અયોધ્યા રામ મંદિરે પહોંચી રહ્યા છે. 10 દિવસમાં લાખો લોકોએ રામલલાના દર્શન કર્યા છે. ત્યારે ભક્તોને કોઈ પણ પ્રકારની સમસ્યાનો સામનો ન કરવો પડે અને તેઓ સરળતાથી ભગવાન રામના દર્શન કરી શકે, આ માટે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ટ્રસ્ટ દ્વારા વિશેષ માહિતી આપવામાં આવી છે.

### 'એક દેશ એક ચૂંટણી' અંગે રામનાથ કોવિંદ સમિતિએ રાષ્ટ્રપતિને સોંપ્યો રિપોર્ટ

નવી દિલ્હી : પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની આગેવાની હેઠળની ઉચ્ચ સ્તરીય સમિતિએ આજે 'એક દેશ એક ચૂંટણી'ને રાષ્ટ્રપતિને પોતાનો રિપોર્ટ સુપરત કરી દીધો છે. દેશભરમાં લોકસભા, રાજ્યોની વિધાનસભાઓ અને સ્થાનિક એકમોની ચૂંટણીઓ એકસાથે યોજવાની શક્યતા અંગે આ અહેવાલ રજૂ કરવામાં આવ્યો છે. આ અહેવાલ 2 સપ્ટેમ્બર, 2023 ના રોજ સમિતિની રચના બાદ હિતધારકો, નિષ્ણાતો દ્વારા આપવામાં આવેલા સૂચનો અને 191 દિવસના સંશોધન કાર્યને ધ્યાનમાં લેવાયા છે.

### શરદ પવારની તસવીરનો ઉપયોગ કરવા બદલ અજીત પવારને સુપ્રીમની ફટકાર

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે આજે એનસીપી ચૂંટણી ચિહ્ન વિવાદ પર સુનાવણી કરી હતી. કોર્ટે અજિત પવારની આગેવાની હેઠળની રાષ્ટ્રીય કોંગ્રેસ પાર્ટી જૂથને શરદ પવારની તસવીર અને નામનો ઉપયોગ ન કરવાનો આદેશ આપ્યો છે. શરદ પવાર તરફથી હાજર વકીલ અભિષેક મનુ સિંઘવીએ સુપ્રીમ કોર્ટમાં કહ્યું કે 'અજિત પવારની એનસીપી ઘડિયાળનું ચિહ્ન અને શરદ પવારના ચહેરાનો ઉપયોગ કરીને લોકોને ગેરમાર્ગે દોરી રહી છે. તમે ઘડિયાળ અને શરદ પવારની તસવીરનો ઉપયોગ કઈ રીતે કરી શકો? આ છેતરપિંડી છે.

# પ.બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીને માથા પર થઈ ગંભીર ઈજા, TMCએ આપી માહિતી

## મમતા બેનર્જીનો એક ફોટો સામે આવ્યો : ઘરમાં ચાલતી વખતે પડી ગયા હતા, ટાંકા આવ્યા : અગાઉ ચૂંટણી પહેલાં પણ પડી ગયા હતા

કોલકાતા, તા. 14

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. TMCએ પોતાના 'X' હેન્ડલ પર તેની માહિતી આપી છે. TMCનું કહેવું છે કે 'તેના અધ્યક્ષ અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીને મોટી ઈજા થઈ છે, તેમના માટે પ્રાર્થના કરો. મુખ્યમંત્રી મમતા બેનર્જીનો એક ફોટો પણ સામે આવ્યો છે, જેમાં તેમના માથામાંથી લોહી નિકળતુ દેખાઈ રહ્યું છે. તેમને કોલકાતાની SSKM હોસ્પિટલમાં દાખલ કરાયા છે, તેમની સારવાર ચાલી રહી છે.



મળતી માહિતી અનુસાર, મુખ્યમંત્રી મમતા બેનર્જી પોતાના ઘરે ટ્રેડ મિલ કરતા સમયે પડી ગયા હતા. ત્યારબાદ અભિષેક બેનર્જી તેમને હોસ્પિટલ લઈ ગયા. જણાવી દઈએ કે, મુખ્યમંત્રી મમતા બેનર્જી આ પહેલા પણ દુર્ઘટનામાં ઈજાગ્રસ્ત થઈ ચૂક્યા છે. આ વર્ષે જાન્યુઆરીમાં તેઓ રોડ દુર્ઘટનાનો શિકાર બન્યા હતા. તે દરમિયાન તેઓ બર્ધમાનથી કોલકાતા પરત ફરી રહ્યા હતા. સૂત્રોના અનુસાર, વરસાદના કારણે મમતા બેનર્જી કારથી પરત ફરી રહ્યા હતા. તે દરમિયાન ધુમ્મસના કારણે કારની અચાનક બ્રેક લગાવતા દરમિયાન મમતા બેનર્જીના માથામાં ઈજા થઈ હતી. જણાવાય રહ્યું છે કે, મમતા બેનર્જીના કાફલામાં એક અન્ય કારના આવવાથી ડ્રાઈવરે અચાનક બ્રેક લગાવવી પડી હતી. જેના કારણે તેના માથામાં ઈજા થઈ હતી.

### CAA ક્યારેય પરત નહીં લેવામાં આવે : શાહ

નવી દિલ્હી, તા. 14

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે એક ઈન્ટરવ્યુમાં સ્પષ્ટ કરી દીધુ છે કે CAA કાયદો ક્યારેય પરત લેવામાં નહી આવશે. તેમણે કહ્યું કે દેશમાં ભારતીય નાગરિકતા સુનિશ્ચિત કરવી એ અમારો સાર્વભૌમ અધિકાર છે અને અમે તેની સાથે ક્યારેય સમાધાન નહીં કરીશું. શાહે કહ્યું કે CAA મોદી સરકાર દ્વારા લાવવામાં આવ્યો છે અને તેને પરત લેવો અસંભવ છે. તેમણે વિપક્ષી નેતાઓ પર તુષ્ટિકરણની રાજનીતિ કરવાનો આરોપ લગાવ્યો હતો. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ઈન્ટરવ્યૂમાં દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલના એ નિવેદન પર વાત કરી જેમાં તેમણે કહ્યું હતું કે, શરણાર્થીઓને નાગરિકતા આપવાથી ચોરી એને દુષ્કર્મમાં વધારો થશે.

# તમિલનાડુના મંત્રીએ જાહેર મંચથી આપી PM મોદીને મારવાની ધમકી

નવી દિલ્હી, તા. 14

તમિલનાડુના મંત્રી ટી.એમ. અનબરસનનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. તેમાં તેઓ પીએમ મોદી વિરુદ્ધ વિવાદાસ્પદ નિવેદન આપી રહ્યા છે. આ વીડિયોમાં તેઓ કહી રહ્યા છે કે, મેં અત્યાર સુધી એટલા માટે શાંતિ રાખી છે કારણ કે, હું એક મંત્રી છું. જો હું મંત્રી ન હોત તો ટુકડા કરી નાખું. તેમનું આ નિવેદન ગત અઠવાડિયાનું હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. ટી.એમ. અનબરસન તમિલનાડુમાં એમકે સ્ટાલિનની આગેવાની હેઠળની DMK-કોંગ્રેસ ગઠબંધન સરકારમાં ગ્રામીણ ઉદ્યોગ મંત્રી છે.



### મંત્રી ન હોત તો બીજી રીત અપનાવી હોત: અનબરસન

વાયરલ વીડિયોમાં અનબરસન કહી રહ્યા છે કે, આપણા અનેક વડાપ્રધાન આવ્યા પરંતુ આવું કોઈ નહોતુ બોલતું. મોદી અમને નષ્ટ કરી દેવાની વાત કરે છે પરંતુ હું તેમને અક વાત યાદ અપાવી દઉં કે, DMK કોઈ સામાન્ય સંગઠન નથી. તે અનેક બલિદાનો અને ખૂબ મબેનત બાદ બન્યુ છે. જે લોકોએ DMKને નષ્ટ કરવાની વાત કરી તેમનો જ વિનાશ થઈ ગયો. આ સંગઠન બની રહેશે એ વાત દિમાગમાં રાખવી. મેં પીએમ મોદીનો અલગ રીતે સામનો કર્યો હોત. અત્યારે હું ચૂપ છું કારણ કે, હું એક મંત્રી છું. જો હું મંત્રી ન હોત તો તેમની સાથે બીજી રીત અપનાવી હોત.

# સમાજવાદી પાર્ટી દલિત વિરોધી છે: CM યોગીનો મોટો આરોપ

## આજે જે વિકાસના કામો થઈ રહ્યા છે તે અગાઉ નહોતા થયા: CM યોગી

નવી દિલ્હી, તા. 14

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે સમાજવાદી પાર્ટી પર ગંભીર આરોપ લગાવ્યો છે. ગેસ્ટ હાઉસ કાંડનો ઉલ્લેખ કરતા તેમણે સમાજવાદી પાર્ટીને દલિત વિરોધી ગણાવી છે. અંબેડકર નગરમાં એક કાર્યક્રમ દરમિયાન સીએમ યોગીએ કહ્યું કે જ્યારે સંવેદનશીલ સરકાર હોય છે ત્યારે તે કોઈપણ ભેદભાવ વિના તમને લાભ આપે છે. આજે જે વિકાસના કામો થઈ રહ્યા છે તે અગાઉ નહોતા થયા. જ્યારે તમે ડબલ એન્જિનની સરકાર બનાવી ત્યારે તેની અસર સ્પષ્ટ દેખાય રહી છે. તેમણે કહ્યું કે સપા, બસપા અયોધ્યામાં રામ મંદિરનું નિર્માણ કરાવી શકી હોત, સપા તો તમારા જિલ્લાનું નામ પણ હટાવી દેવા માગતી હતી. સમાજવાદી પાર્ટી દલિત વિરોધી છે. આ જ સમાજવાદી પાર્ટી છે જેણે ગેસ્ટ હાઉસ કાંડ કર્યો હતો. આજે ભગવાનના ભક્તોને આવાસ મળ્યુ અને ત્યારબાદ તેમને ભગવાનના દર્શન પણ કરાવી દીધા. મુખ્યમંત્રીએ કહ્યું કે, સારી સરકાર સુરક્ષા, સમૃદ્ધિ અને લોકકલ્યાણનું કામ કરે છે.



### સરકારી યોજનાઓના લાભ કોઈપણ ભેદભાવ વગર મળી રહ્યા છે: CM યોગી

તેમણે સભામાં કહ્યું કે, જો ડબલ એન્જિનની સરકાર ન બની હોત તો શું 56 લાખ ગરીબોને મકા મળી શક્યા હોત? સપા, બસપામાં આ થઈ શક્યું હોત? આજે રાજ્યમાં 15 કરોડ લોકોને મફત રાશન અને માલિકીના અધિકારો આપવામાં આવી રહ્યા છે. આજે સરકારી યોજનાઓના લાભ કોઈપણ ભેદભાદ વિના આપવામાં આવી રહ્યા છે. સીએમએ કહ્યું કે આજે અંબેડકર નગરમાં 6 હજાર કરોડ રૂપિયાનું રોકાણ આવ્યું છે એનો અર્થ એ કે, 10 હજાર લોકોને સીધો રોજગાર મળશે. જ્યારે સરકારમાં બેઠેલા લોકો માત્ર પરિવાર વિશે જ વિચારે છે, ત્યારે જ ગરીબોની યોજનાઓ લૂંટાય છે.

# ફિચ રેટિંગ્સે ભારતના જીડીપી ગ્રોથ અનુમાનમાં કર્યો સુધારો, 7.6 ટકા વૃદ્ધિ દરનો અંદાજ

નવી દિલ્હી, તા. 14

1 એપ્રિલ, 2024થી શરૂ થતા નવા નાણાકીય વર્ષ 2024-25 માટે રેટિંગ એજન્સી ફિચે ભારતના જીડીપી અંદાજમાં વધારો કર્યો છે. આ ઉપરાંત આ એજન્સીએ આર્થિક વૃદ્ધિનું અનુમાન 6.5 ટકાથી વધારીને 7 ટકા કર્યું છે. રેટિંગ એજન્સીએ સ્થાનિક માંગને ધ્યાનમાં રાખતા આગામી નાણાકીય વર્ષ માટે ભારતના વૃદ્ધિ દરના અનુમાનમાં વધારો કરવાનો નિર્ણય કર્યો છે. ફિચને ભારતીય અર્થતંત્રના વિકાસ બાબતે વિશ્વાસ છે, આથી 2024-25ના નાણાકીય વર્ષ માટે ડિસેમ્બર 2023માં જાહેર કરાયેલ અનુમાન 50 બેસિસ પોઈન્ટ્સ વધારીને 7 ટકા કરવામાં આવ્યું છે. ચાલુ નાણાકીય વર્ષ 2023-24ના ઓક્ટોબરથી ડિસેમ્બરના ત્રીજા ત્રિમાસિક ગાળા માટે સ્ટેટિસ્ટિક્સ મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલા ભારતના જીડીપીના ડેટા અનુસાર, આ સમયગાળા દરમિયાન ભારતે 8.4 ટકાના દરે વિકાસ કર્યો છે. જેથી આગામી નાણાકીય વર્ષ માટે રેટિંગ એજન્સીઓ અને નાણાકીય સંસ્થાઓ ભારતના વિકાસ દરના અંદાજમાં વધારો કરી રહી છે. ફિચનો અંદાજ છે કે 2023-24માં ભારતનો GDP વૃદ્ધિ દર 7.8 ટકા રહી શકે છે, જે સરકારના પોતાના અંદાજ 7.6 ટકા કરતાં વધુ છે. તાજેતરના ગ્લોબલ ઈકોનોમિક આઉટલુક રિપોર્ટમાં ફિચે જણાવ્યું છે કે રોકાણ વૃદ્ધિ દરમાં વાર્ષિક ધોરણે 10.6 ટકા અને ખાનગી વપરાશમાં 3.5 ટકા વૃદ્ધિને કારણે દેશના આર્થિક વિકાસના આંકડાએ દરેક ક્વાર્ટરમાં તમામ અંદાજોને પાછળ છોડી દીધા છે.

# પાકિસ્તાની મારા ઘરની સામે પ્રદર્શન કરી રહ્યા છે અને દેશના ખેડૂતોને તેની મંજૂરી નથી: કેજરીવાલે કેન્દ્ર પર સાધ્યુ નિશાન

નવી દિલ્હી, તા. 14

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ હાલમાં નાગરિકતા સંશોધન કાયદા (CAA)ને લઈને કેન્દ્ર સરકાર પર આકરા પ્રહાર કરી રહ્યા છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરી છે. તેમણે પોસ્ટમાં લખ્યું કે, પાકિસ્તાનીઓને સંપૂર્ણ પોલીસ સુરક્ષા અને સમ્માન સાથે મારા ઘરની બહાર પ્રદર્શન કરવાની મંજૂરી અને આ જ દેશના ખેડૂતોને દિલ્હીમાં આવવાની પણ મંજૂરી નહીં? ભારતીય ખેડૂતો પર ટીયર ગેસના શેલ, લાઠી, ડંડા અને ગોળીઓ? અને પાકિસ્તાનીઓને આટલું સમ્માન? CAA વિરુદ્ધ સીએમ કેજરીવાલના નિવેદન બાદ પાકિસ્તાનથી આવેલા હિન્દુ શરણાર્થીઓએ તેમના આવાસની સામે પ્રદર્શન કર્યું છે. ચંદગી રામ અખાડા પાસે પાકિસ્તાનથી આવેલા હિન્દુ શરણાર્થી એકઠા થઈને મુખ્યમંત્રી કેજરીવાલ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી રહ્યા છે.

### CAA બિલકુલ પણ દેશ હિતમાં નથી: કેજરીવાલ

આ અગાઉ સીએમ કેજરીવાલે પ્રેસ કોન્ફરન્સ કરીને ગૃહમંત્રી અમિત શાહના નિવેદનનો જવાબ આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે CAA દેશના હિતમાં બિલકુલ પણ નથી. તેમણે અમિત શાહને કહ્યું કે તમે બીજા દેશોમાંથી લોકોને લાવીને અહીં વસાવવાની તૈયારી કરી રહ્યા છો. પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશમાં અઢીથી ત્રણ કરોડ લઘુમતી લોકો રહે છે. આટલી મોટી સંખ્યામાં તેઓને કેવી રીતે અહીં વસાવવામાં આવશે? તેમણે કહ્યું કે આપણા દેશના લોકોના અધિકારોને મારીને તમે તેને અન્ય દેશોના લોકો પર ખર્ચ કરવાનો પ્રયાસ કરી રહ્યા છો. શું આ લોકોના આવ્યા બાદ ભારતની વહુ-દીકરીઓ સુરક્ષિત રહેશે? તેઓ દિલ્હીના લોકો માટે નવા રેશનકાર્ડ બનાવવાની પરવાનગી આપી નથી રહ્યા અને અહીં બહારના લોકોને વસાવવાની તૈયારીઓ કરવામાં આવી રહી છે. કેનેડા સહિત અન્ય દેશો કે જેમણે આમ કર્યું હતું તેણે પાછળથી તેને બંધ કરી દીધું હતું.



## રાજકોટમાં 4 વર્ષનું બાળક રમતાં રમતાં સ્વિમિંગ પૂલમાં ડૂબી ગયું : બાળકનો મૃતદેહ સ્વિમિંગ પુલમાં તરતો મળ્યો...

# બચવા 30 સેકન્ડ હવાતિયાં માર્યા પણ...

### રાજકોટમાં રમતાં રમતાં 4 વર્ષનું બાળક સ્વિમિંગ પુલમાં પડ્યું, કોઇ હાજર ન હોવાથી મોત...

રાજકોટ | રાજકોટમાં નેપાળી પરિવારનું 4 વર્ષનું બાળક રમતાં રમતાં સ્વિમિંગ પૂલમાં ડૂબી ગયું હતું. આ ઘટના દરમિયાન ત્યાં કોઈ જ હાજર ન હોવાથી બાળકનો મૃતદેહ સ્વિમિંગ પુલમાં તરતો મળ્યો હતો. આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ છે. બાળકના મોતથી નેપાળી પરિવારમાં શોક ફેલાયો હતો. આ ઘટનાની જાણ થતાં યુનિવર્સિટી પોલીસે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી.

સીસીટીવીમાં દેખાય છે કે, ચાર બાળક સ્વિમિંગ પુલની પાસે દોડાદોડી કરી રમી રહ્યા છે. સાથે એક મહિલા પણ જોવા મળે છે. બાદમાં મહિલા અને અન્ય ત્રણ બાળકો જતા રહે છે ત્યારે 4 વર્ષનું બાળક એકલું પડી જાય છે અને સ્વિમિંગ પુલ પાસે એકલુ રમતું નજરે પડે છે. બાદમાં એકવાર બાળક સ્વિમિંગ પુલની કિનારી પર ઉભા રહી પગથી છબછબિયા કરે છે. પછી સ્વિમિંગ પુલથી દૂર જતું રહે છે. પરંતુ મોત બોલાવતું હોય તેમ ફરી બાળક સ્વિમિંગ પુલ પાસે જાય છે અને ફરી પાણી સાથે રમવા લાગે છે. પરંતુ અચાનક જ બાળક બેલેન્સ ગુમાવે છે અને ઊંધામાથે સ્વિમિંગ પુલમાં ખાબકે છે, પાણીમાં બચવા માટે બાળક હવાતિયાં મારે છે. આવું 30 સેકન્ડ સુધી ચાલે છે પણ અંતે બાળકનું પ્રાણ પંખેરૂ ઊડી જાય છે.




**બાળક રમતાં રમતાં સ્વિમિંગ પુલમાં પડ્યું :** પ્રાપ્ત માહિતી મુજબ, રાજકોટના નવા 150 ફૂટ રિંગ રોડ ઉપર ઘંટેશ્વર પાસે વર્ધમાનનગર શેરી નં. 3માં આવેલા ઓરમ એપાર્ટમેન્ટમાં ગઈકાલે સાંજે 4:20 વાગ્યા આસપાસ અમૃત લોકેશભાઈ વિશ્વકર્મા (ઉં.વ.4) રમતાં રમતાં સ્વિમિંગ પૂલમાં પડી ગયો હતો. જે બાદ માસુમ બાળક સ્વિમિંગ પુલમાં ડૂબી જતાં તેનું મોત નીપજ્યું હતું. જોકે, સ્વિમિંગ પુલમાં બાળકનો તરતો મૃતદેહ જોવા મળ્યો હતો. જેથી સ્થાનિકો દ્વારા તાત્કાલિક 108 એમ્બ્યુલન્સને જાણ કરવામા આવી હતી. 108 એમ્બ્યુલન્સના તબીબ સ્થળ પર પહોંચી બાળકને તપાસ્યો હતો, પરંતુ બાળકના શ્વાસ થંભી ગયા હોવાથી તેને મૃત જાહેર કર્યો હતો. જેથી બાળકના પરિવારમાં કલ્પાંત છવાયો હતો.

**બાળકના મોતથી પરિવારમાં શોક છવાયો** બનાવની જાણ થતાં યુનિવર્સિટી પોલીસના હેડ કોન્સ્ટેબલ મનોજભાઈ સ્ટાફ સાથે ઘટનાસ્થળે દોડી ગયા હતા. પરિવારની પૂછપરછ કરતા મૃતકના પિતા લોકેશભાઈને સંતાનમાં 3 દીકરા છે. તેઓ મૂળ નેપાળના છે. 2 વર્ષ પહેલા લોકેશભાઈ ઓરમ એપાર્ટમેન્ટમાં ચોકીદાર તરીકેની નોકરીમાં લાગ્યા હતા. જેઓ અહીં પાર્કિંગની ઓરડીમાં પરિવાર સાથે રહે છે. જોકે, ત્રણમાંથી એક બાળકનું સ્વિમિંગ પુલમાં ડૂબી જતાં મૃત્યુ નીપજ્યું હતું.

### ફેસબુક ફ્રેન્ડ રિક્વેસ્ટે વૃદ્ધને નવડાવ્યા...

## મહિલાએ ઓનલાઈન મિત્રતા કરી, બાદમાં હર્બલ પ્રોડક્ટના નામે 95 લાખનો ચૂનો લગાવ્યો

વડોદરા | આજકાલ કોઈ અજાણી વ્યક્તિ લોભામણી લાલચ આપે તો લોકો ન કરવાના કામ કરતા હોય છે. બાદમાં જ્યારે ભાન પડે કે હું છેતરાયો/છેતરાઈ છું ત્યારે પોલીસ સ્ટેશન અથવા ક્રાઈમ બ્રાંન્ચના દરવાજા ખખડાવે છે. અત્યારે ઓનલાઈન છેતરપિંડીના કિસ્સા સતત વધી રહ્યા છે. કોઈ અજાણી વ્યક્તિ ફેસબુક, ઈન્સ્ટાગ્રામમાં ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલે તો જાણ્યા જોયા વગર વાત કરવા લાગે છે અને છેલ્લે સાયબર ક્રાઈમનો ભોગ બને છે. એવો જ એક કિસ્સો વડોદરામાં બનવા પામ્યો છે. વડોદરાના સિનિયર સિટીઝનને એક મહિલાની ફેસબુક ફ્રેન્ડ રિક્વેસ્ટ આવી. તેઓએ ફ્રેન્ડ રિક્વેસ્ટ એક્સેપ્ટ કરી અને મહિલા સાથે મિત્રતા થઈ. આ મહિલા જે કંપનીમાં કામ કરે છે, તે કંપનીને ઈન્ડિયામાંથી એક પ્રોડક્ટના 100 પેકેટ જોઈએ છે અને તેમાંથી સારો પ્રોફિટ થશે તેમ કહીને સિનિયર સિટીઝનને RBIના નામે મેઈલ અને કોલ કર્યા અને ટુકડે ટુકડે 94.93 લાખ રૂપિયા પડાવી લીધા. આ મામલે વડોદરા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

વડોદરાના અલકાપુરી વિસ્તારમાં રહેતા સિનિયર સિટીઝને વડોદરા સાયબર ક્રાઈમ બ્રાંચમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત 19 ઓક્ટોબર 2023ના રોજ મારા ફેસબુક એકાઉન્ટ ઉપર સ્ટિફ મ્હિઝ નામની મહિલાના ફેસબુક એકાઉન્ટ પરથી ફ્રેન્ડ રિક્વેસ્ટ આવી હતી. જે મે એક્સેપ્ટ કરી હતી. આ મહિલાએ મારી નોકરી, રહેઠાણ અને મારી ઉંમર પુછી હતી અને ત્યાર બાદ અમારી વોટ્સએપ પર રેગ્યુલર વાતચીત થતી. ધીરે ધીરે આ વાતચીત મિત્રતામાં કેળવાઈ. જેમાં તેણે જણાવ્યું હતું કે, તે એક કંપનીમાં કામ કરે છે, જેને એક પ્રોડક્ટકની જરૂર છે અને તે ઈન્ડિયામાં મળી રહે છે. એનું નામ OFIHO છે, જે હર્બલ પ્રોડક્ટ છે. તેનો ઉપયોગ વજન ઓછુ કરવા, કોલેસ્ટ્રોલ લેવલ ઘટાડવા, ડાયાબિટીસ ઘટાડવા વગેરેમાં થાય છે.

આ મહિલાએ મને જણાવ્યું હતું કે, ઈન્ડિયામાં 100 ગ્રામનાં પેકેટની કિંમત 1 લાખ રૂપિયા છે. જેને કંપની 2 લાખ રૂપિયામાં ખરીદશે. જેથી આપણે બન્નેને સારો પ્રોફિટ થશે, જે આપણે શેર કરીશું અને કંપનીને 100 પેકેટની જરૂર છે. પહેલા એક સેમ્પલ પેકેટ મંગાવવા જણાવ્યું. તે પેકેટને ચેક કરવા તેની કંપનીનો કર્મચારી લેરી આવશે અને તેણે મને લોકલ ડિલર ડૉ. વિરેન્દ્રનો કોન્ટેક્ટ નંબર આપ્યો હતો.

## વીરડા વાજડી ગામે મજૂરીકામે ગયેલા શ્રમિકના મકાનમાં 60 હજારની ચોરી

રાજકોટ | શહેરના કાલાવડ રોડ પર આવેલા વીરડા વાજડી ગામે ચોરીનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. ઈંટના ભઠ્ઠામાં મજૂરીકામ કરતા ગાંડાભાઈ ભાણાભાઈ ચૌહાણે નોંધાવેલી ફરિયાદમાં, હાલ તેઓ કણકોટ રોડ પર ચાલતા ઈંટના ભઠ્ઠામાં મજૂરીકામ કરતા હોય ત્યાં જ રહેતા હતા. જ્યારે વીરડા વાજડી ગામનું મકાન બંધ રાખ્યું હતું. દરમિયાન બે દિવસ પહેલા પોતે પત્ની સાથે વીરડા વાજડીના ઘરે ગયા હતા. સાંજે મકાન બંધ કરી જતા રહ્યા હતા. ત્યારે પત્ની મંગળવારે વીરડા વાજડી ઘરે જતા મકાનના પાછળના નવેળાની બારીની ગ્રીલ તૂટેલી જોવા મળી હતી. ઘરમાં તપાસ કરતા ચીજવસ્તુઓ વેરણછેરણ જોવા મળી હતી. કબાટ ચેક કરતા અંદર રાખેલા રોકડા રૂ.20 હજાર તેમજ સોનાના ઘરેણાં, લેપટોપ મળી કુલ રૂ.60 હજારની મતા ગાયબ હતી. પત્નીએ પોતાને જાણ કરતા પોતે વીરડા વાજડી દોડી ગયા હતા અને યુનિવર્સિટી પોલીસને જાણ કરી ચોરીની ફરિયાદ નોંધાવી છે. મળી હતી. ઘરમાં તપાસ કરતા ચીજવસ્તુઓ વેરણછેરણ જોવા મળી હતી. કબાટ ચેક કરતા અંદર રાખેલા રોકડા રૂ.20 હજાર તેમજ સોનાના ઘરેણાં, લેપટોપ મળી કુલ રૂ.60 હજારની મતા ગાયબ હતી. પત્નીએ પોતાને જાણ કરતા પોતે વીરડા વાજડી દોડી ગયા હતા અને યુનિવર્સિટી પોલીસને જાણ કરી ચોરીની ફરિયાદ નોંધાવી છે.

## ગળથ નજીક ભેસાણ તાલુકા ભા.જ.પ. મંત્રીની તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા

ભેસાણ | ભેસાણ તાલુકાના ગળથમાં રહેતા તાલુકા ભાજપના મંત્રી ગત રાત્રીના ઘરેથી નીકળ્યા બાદ ગામ નજીકથી તેનો લોહીલોહાણ હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. તેના શરીર પર તીક્ષ્ણ હથિયારના ઘા જોવા મળ્યા હતા. સ્થળ પર લોહીનું ખાબોચિયું ભરાઈ ગયું હતું. આ અંગે જાણ થતા ભેસાણ પોલીસે ઘટના સ્થળે જઈ મૃતદેહને પી.એમ.માં ખસેડયો હતો. ભેસાણ હોસ્પિટલ ખાતે મોટી સંખ્યામાં લોકોના ટોળા ઉમટયા હતા. તેઓએ હત્યારાઓને તાકિદે પકડવા માંગ કરી હતી. હાલ પોલીસની ટીમ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. આ અંગેની વધુ વિગત મુજબ, ભેસાણ તાલુકાના ગળથ ગામમાં રહેતા પૂર્વ સરપંચ અને હાલ ભેસાણ તાલુકા ભાજપના મંત્રી તરીકે સેવા આપતા વિનુભાઈ કેશુભાઈ ડોબરીયા(ઉ.વ. 59) ગત રાત્રીના દસેક વાગ્યે બાઈક લઈ ઘરેથી નીકળ્યા હતા. મોડી રાત સુધી ઘરે પરત આવ્યા ન હતા. આ દરમ્યાન ગામ નજીક આવેલી દરગાહ પાસે તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા કરાયેલી હાલતમાં વિનુભાઈનો મૃતદેહ મળી આવ્યો હતો. ગ્રામજનોએ આ અંગે જાણ કરતા ભેસાણ પીએસઆઈ એમ.એન. કાતરીયા સહિતના સ્ટાફે સ્થળ પર જઈ તપાસ કરતા વિનુભાઈને ગળા, છાતી તથા પેટના ભાગે તીક્ષ્ણ હથિયારના ઘાના નિશાન જોવા મળ્યા હતા. મૃતદેહની હાલત પરથી અજાણ્યા શખ્સોએ કરેલા ક્રૂરતાપુર્વકના હુમલામાં વિનુભાઈના આંતરડા બહાર નીકળી ગયા હતા અને સ્થળ પર લોહીનું ખાબોચિયું ભરાઈ ગયું હતું.




પોલીસે મૃતદેહને ભેસાણ પી.એમ.માં ખસેડયો હતો. જ્યાં મોટી સંખ્યામાં લોકોના ટોળા એકત્ર થયા હતા. તેઓએ આરોપીઓને તાત્કાલીક પકડવાની માંગ કરી હતી. આ મામલે મૃતક વિનુભાઈ ડોબરીયાના ભાઈ ચંદુભાઈ ડોબરીયાએ ફરિયાદ કરતા પોલીસે અજાણ્યા શખ્સો વિરૂધ્ધ હત્યાનો ગુનો દાખલ કરી સીસીટીવી તેમજ કોલ ડિટેઈલના આધારે વધુ તપાસ હાથ ધરી છે. હત્યારાઓ ટુંક સમયમાં પકડાઈ જાય તેવો પોલીસને આશાવાદ છે. હવે હત્યારાઓ ક્યારે પોલીસના હાથમાં આવે છે એ જોવું રહ્યું. જીલ્લા ભાજપ પ્રમુખ કિરીટ પટેલે જણાવ્યું હતું કે, પક્ષના કાર્યકરની હત્યાથી ગમગીની વ્યાપી છે. આરોપીઓને તાત્કાલીક પકડી કડક સજા થાય તે માટે એસપીને રજુઆત કરવામાં આવી છે

## જેતપુરના જૂના રેલવે પુલ પાસેથી યુવાનની લાશ મળી

જેતપુર | જેતપુરના રેલ્વેના જુના પુલ પાસે રેલ્વે ટ્રેકની બાજુમાંથી કોઈ અજાણ્યા યુવાનનો કોહવાઈ ગયેલ હાલતમાં દુર્ગંધ મારતો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે મૃતદેહને પીએમ માટે સરકારી હોસ્પિટલ મોકલી મૃતક યુવાનની ઓળખ મેળવવા તપાસ હાથ ધરી હતી. શહેરના રેલ્વેના જૂના પુલ પાસે સામે કાંઠે જવાના રોડના ખૂણા પર રેલ્વે ટ્રેકની બાજુમાં એક મૃતદેહ પડ્યો હતો. આ ઉદ્યોગનગર પોલીસને જાણ થતાં પોલીસ સ્થળ પર પહોંચીને મૃતદેહ જોતા અતિ દુર્ગંધ મારતો અને કોહવાઈ ગયેલ હાલતનો એકદમ કાળો પડી ગયેલ હતો. મૃતદેહ બેસેલ હાલતમાં હોય આ અજાણ્યા જેવા યુવાનને હાર્ટઅટેક અથવા તો કોઈ ઝેરી સરીસૃપ કરડી ગયું હોવાનું અનુમાન લગાવાય રહ્યું છે. મૃતદેહ દુર્ગંધ મારતો અને ઈયળો પડી ગઈ હોવાથી મૃતકના મોતને ૪૮ કલાક જેટલો સમય



થઇ ગયો હોવાનું પણ અનુમાન લગાવાય રહ્યું છે.

મૃતદેહને પોલીસે પીએમ માટે જેતપુર સિવિલમાં ખસેડયો હતો. અજાણ્યા યુવાને શરીર પર એક ગંજી , પેન્ટ પહેરેલ હોય તેનો પહેરવેશ જોતા કોઈ પરપ્રાંતીય કારીગર હોવાનું લાગી રહ્યું હોવાથી પોલીસે અજાણ્યા યુવાનની ઓળખ મેળવવા માટે પરપ્રાંતીય કારીગરોમાંથી બે ત્રણ દિવસથી ગુમ થયેલ કોઈ યુવાન હોય તે અંગેની તપાસ હાથ ધરી હતી.

### સ્મીમેરમાં શનિવારે ટોકન સિસ્ટમ શરૂ કરવામાં આવી હતી

## સ્મીમેર હોસ્પિટલમાં 3માંથી 2 કેશ કાઉન્ટર કરી દેવાતાં દર્દીઓની લાઈન લાગી ગઇ...

સુરત | સ્મીમેરમાં શનિવારે ટોકન સિસ્ટમ શરૂ કરવામાં આવી હતી. જો કે પહેલા જ દિવસે સિસ્ટમમાં ખામીના કારણે દર્દીઓને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો અને સારવાર મેળવતા 5 કલાક જેટલો સમય લાગ્યો હતો. આખરે ઉહાપોહ બાદ બીજા જ દિવસે ટોકન સિસ્ટમ બંધ કરી જૂની સિસ્ટમ શરૂ કરવામાં આવી હતી અને સુધારા વધારા બાદ બે દિવસ બાદ ફરી ટોકન સિસ્ટમ શરૂ કરવામાં આવશે તેવું જણાવાયું હતું. જોકે 3 દિવસ બાદ પણ ખામીઓ દૂર ન થતા ગુરૂવારથી ફરી ટોક્ન સિસ્ટમ શરૂ કરવાનું મોકૂફ રાખવામાં આવ્યું છે. બીજી તરફ બુધવારે સવારે જૂની સિસ્ટમમાં ફેરબદલ કરી પહેલી 7 બારીઓ કેસ પેપર માટે શરૂ કરવામાં આવી હતી તેમજ કેશ બારી ત્રણમાંથી ઘટાડી બે કરી દેવાતા દર્દી અને સગાસંબંધીઓની નાણાં ભરવા માટેની લાંબી લાઈન લાગી ગઈ હતી. લાંબી કતારના કારણે દર્દીઓને અને સગા સંબંધીઓને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. સ્મીમેર હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટ ડો. જીતેન્દ્ર દર્શને જણાવ્યું હતું કે હાલ જૂની સિસ્ટમ પ્રમાણે જ બારીઓની વ્યવસ્થા રાખવામાં આવશે. દર્દીઓને કોઈ તકલીફ ન પડે તેની પૂરતી કાળજી લેવામાં આવશે.

શરૂ કરવાનું મોકૂફ રાખવામાં આવ્યું છે. બીજી તરફ બુધવારે સવારે જૂની સિસ્ટમમાં ફેરબદલ કરી પહેલી 7 બારીઓ કેસ પેપર માટે શરૂ



કરવામાં આવી હતી તેમજ કેશ બારી ત્રણમાંથી ઘટાડી બે કરી દેવાતા દર્દી અને સગાસંબંધીઓની નાણાં ભરવા માટેની લાંબી લાઈન લાગી ગઈ હતી. લાંબી કતારના કારણે દર્દીઓને અને સગા સંબંધીઓને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. સ્મીમેર હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટ ડો. જીતેન્દ્ર દર્શને જણાવ્યું હતું કે હાલ જૂની સિસ્ટમ પ્રમાણે જ બારીઓની વ્યવસ્થા રાખવામાં આવશે. દર્દીઓને કોઈ તકલીફ ન પડે તેની પૂરતી કાળજી લેવામાં આવશે.

## ખેડૂતોમાં ચિંતા: ડભોઇના ચોતરીયા પીર પાસે કેનાલોમાં ઠેરઠેર મોટા ગાબડાં

ડભોઇ | ડભોઇ શહેરના ચોતરીયા પાસે સરદાર સરોવર નર્મદા નિગમ દ્વારા પોર શાખા નહેર સાંકળ 2717 મીટરની કેનાલોમાં મોટા ગાબડા પડી જવાથી પાણી વેડફાઇને ખેતરોમાં પહોંચી ગયું છે. જેનાથી ખેતીના ઉભા પાકને નુકસાન થવાની ભીતિ ખેડૂતોમાં સેવાઈ રહી છે. ઉપરાંત એકથી ત્રણ પાટિયામાં ઝાડી ઝાંખરાં ઉગી નીકળતાં અને ઠેર ઠેર કેનાલોની સંરક્ષણ દીવાલો તૂટી ગઈ છે. આ કેનાલો ઉપરના ઝાડી ઝાંખરાં, ગાંડા બાવળિયાની સાફ-સફાઇ કરવા તેમજ ગાબડા તાત્કાલિક પૂરવા ખેડૂતોની માગ છે. ડભોઇ શહેરના ચોતરીયા પીર પાસે આવેલી સરદાર સરોવર નર્મદા નિગમ પોર શાખા નહેર સાંકળ 2717 મીટરની કેનાલો બનાવાઇ છે. આ કેનાલો દ્વારા ખેડૂતોને પાણી પૂરું પાડવામાં આવે છે. પરંતુ છેલ્લા ઘણા દિવસથી



મોટા મોટા ગાબડા પડી જતાં પાણી વેડફાઈને સીમના ખેતરોમાં પાણી ભરાઈ જવાથી પાકને નુકસાન થાય તેવી ખેડૂતોમાં ભીતિ સેવાઈ રહી છે. જ્યારે કે અંદર અને ઉપર ગાંડા બાવળિયા અને ઝાડી ઝાંખરાં મોટા પ્રમાણમાં ઉગી નીકળ્યા છે. જેને કારણે ખેડૂતોની ખેતી સુધી પાણી મળી શકતું નથી. વહેલી તકે ઠેર ઠેર કેનોલોમાં પડી ગયેલા ગાબડાં, ઝાડી ઝાંખરાં સાફ કરાવવા તેમજ કેનાલોમાં પડેલા ગાબડાને રિપેર કરવા ખેડૂતોમાં માગ ઉઠી છે.

### સ્કૂલમાં ટ્રેનિંગ અપાતી!: છેલ્લા કેટલાક સમયથી લગ્ન પ્રસંગોમાંથી ચોરી થવાના બનાવો વધ્યા હતા

## રાજકોટ ક્રાઇમ બ્રાન્ચે MPની ગેંગને માલિયાસણથી ઝડપી, 3 રાજ્યોમાં લગ્ન પ્રસંગમાં ચોરી કરી હતી....

રાજકોટ | છેલ્લા કેટલાક સમયથી લગ્ન પ્રસંગોમાંથી ચોરી થવાના બનાવો વધ્યા હતા. જેને લઈને પોલીસ કમિશ્નર દ્વારા આ અંગેની તપાસ ક્રાઈમ બ્રાન્ચને સોંપાઈ હતી. ક્રાઈમ બ્રાન્ચે રાજકોટમાં બનેલી આવી ત્રણ ઘટનાઓનો ભેદ ઉકેલી નાખ્યો છે. તેમજ રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ગુજરાતના અન્ય રાજ્યોમાં થયેલી 41 જેટલી ચોરીની આરોપીઓ પાસે કબૂલાત કરાવી છે.

તપાસ દરમિયાન MPનાં કડીયા ગામમાં આ પ્રકારની ચોરીની તાલીમ આપવા માટેની શાળા ચાલતી હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. આ ગેંગને ઝડપી લેવા પોલીસે MPનાં વિવિધ ગામોમાં કેમ્પ કરી, વેશપલટો કરી આરોપીઓ અંગે માહિતી મેળવી હતી. અને ગેંગ રાજકોટ આવતી હોવાની જાણ થતાં માલિયાસણ ખાતે વોચ ગોઠવી આ ગેંગને દબોચી લીધી હતી. હાલ પોલીસે આરોપીઓની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સમગ્ર મામલે ક્રાઈમ બ્રાન્ચનાં ડીસીપી પાર્થરાજસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, ક્રાઈમ બ્રાન્ચે લગ્ન પ્રસંગમાંથી કિંમતી ઘરેણાની ચોરીનાં નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. આ કામના આરોપીઓ



મધ્યપ્રદેશનાં કડીયા-સાસી ગામના રહેવાસી છે. આ ગામમાં એક આખી શાળા ચાલે છે. જે શાળામાં લોકોની નજર ચૂકવીને કઈ રીતે ચોરી કરી શકાય તેની તાલીમ આપવામાં આવે છે. ત્યાંની ગેંગ દેશના જુદા જુદા રાજ્યોમાં ફેલાયેલી છે.

ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ઝડપાયેલી ગેંગે રાજકોટ શહેરમાં બે ગ્રામ્ય વિસ્તારમાં 1 તેમજ અમદાવાદ ઉપરાંત મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં મળી 44 ચોરીને અંજામ આપ્યો હોવાનું ખુલ્યું છે. હાલ પોલીસે પાંચ મુખ્ય આરોપીઓ તેમજ એક બાળકિશોરી સહિત 6 આરોપીઓને ઝડપી લેવામાં આવ્યા છે. સ્વીફ્ટ કાર અને સોના ચાંદીનાં ઘરેણાં સહિત કુલ રૂ. 21.44 લાખનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે. આ ગેંગનો તેમના વિસ્તારમાં ખોફ હોવાથી સ્થાનિક પોલીસની ખાસ મદદ મળી નથી. આ છતાં ક્રાઈમ બ્રાન્ચે બે મહિનાથી સતત વોચ ગોઠવીને આ ગેંગને ઝડપી પાડી છે. આરોપીઓ ફોરવ્હીલ ગાડીમાં કિશોર કે કિશોરી સાથે તેના ગામથી નીકળી ભારતના અલગ અલગ રાજ્યોમાં પ્રવાસ કરતા હતા. દરમિયાન મોટા શહેરમાં પાર્ટી પ્લોટમાં લગ્નનું આયોજન થયું હોય તેવી જગ્યાએથી થોડે દૂર ગાડી રાખતા હતા. આ ગાડીમાં કિશોર કે કિશોરી તથા તેની સાથે એક ગાઈડ તરીકે હોય જે બન્નેને લગ્નને અનુરૂપ કપડાં પહેરાવી ગાડીમાંથી ઉતારી દેતા હતા. ત્યારબાદ જે બન્ને પાર્ટીપ્લોટમાં પ્રવેશ કરી લગ્નમાં સોના કે ચાંદીના દાગીનાની બેગ ઉપર નજર રાખતા હતા. આ બેગ માણસની નજર ચુકવી કિશોર કે કિશોરી ચોરી કરીને બહાર નીકળી જતા હતા. જો કોઈનું ધ્યાન પડી જાય તો તેની સાથે ગાઈડ તરીકે રહેલી વ્યક્તિ બાળકે ભૂલથી બેગ લીધી હોવાનું જણાવી બેગ પરત આપી દેતો હતો.

## ભૂલાયેલું કામ ફરી યાદ આવ્યું: 7 વર્ષ બાદ ફરી ચલથાણ બ્રિજનું ખાતમુહૂર્ત

પલસાણા | આખરે સાત વર્ષ બાદ ફરી લોકસભાની ચૂંટણી પહેલા જ નેશનલ હાઈવે નંબર 48 ઉપર ચલથાણ નીલમ હોટલ પાસે છ લેન તેમજ ચલથાણ ચાર રસ્તા અને કરણ ચાર રસ્તા ખાતે 61.5 કરોડના ખર્ચે ઓવરબ્રિજની મંજૂરી મળતા 14મી માર્ચના રોજ ખાતમુહૂર્ત વિધિ કરાશે.

સુરત જિલ્લામાંથી પસાર થતાં નેશનલ હાઈવે નંબર 48 પર પલસાણા તાલુકાનાં ચલથાણ ગામની સીમમાં સાત વર્ષ અગાઉ ઓવરબ્રિજની મંજૂરી મળતા ખાતમુહૂર્ત વિધિ જે તે સમયના કેન્દ્રિય મંત્રી મનસુખ માંડવિયા, સાંસદ સી.આર.પાટિલ, સ્થાનિક સાંસદ પ્રભુ વસાવા સહિતના આગેવાનોની ઉપસ્થિતિમાં યોજાઇ હતી.

જો કે ત્યારબાદ જે એજન્સીને કોન્ટ્રાક્ટ મળ્યો હતો તેને બ્લેકલિસ્ટ કરવામાં આવતા આખરે આ કામ અટકી પડ્યું હતું. સાત વર્ષ સુધી બાર થી વધુ ગ્રામજનો વિકાસના કામથી વંચિત રહી ગયા હતા. પરિણામે ગંભીર ટ્રાફિક સમસ્યાનું નિર્માણ થતું હતું. આખરે મંજૂરી મળતા જ તા. 14-3-2024ના રોજ ગુજરાતના રાજ્યકક્ષાના મંત્રી કુંવરજી હળપતિના અધ્યક્ષ સ્થાને 61.5 કરોડના ખર્ચે નીલમ હોટલ પાસે 6 લેનના ઓવરબ્રિજ તેમજ ચલથાણ ચાર રસ્તા પાસે 6 લેન ઓવરબ્રિજ અને ત્યારબાદ કરણ ચાર રસ્તા પાસે ઓવરબ્રિજનું કામની ખાતમુહૂર્ત



વિધિ નેશનલ હાઈવે ઓથોરીટી દ્વારા રાખવામાં આવી છે. હવે જોવું રહ્યું કે, એક જ કામનું ફરી એક વખત ખાતમુહૂર્ત વિધિ યોજાઇ રહી છે ત્યારે સોશિયલ મિડિયા પર પણ આ વખતે થઈ રહેલું બ્રિજનું ખાતમુર્હૂત અંતિમ હોય એવી આશા રાખીએ છીએ. એવા વિવિધ વ્યંગાત્મક મેસેજો ફરતા થયા હતા. ચલથાણના હાઈવે પર વર્ષ 2017માં ખાતમુહૂર્ત વિધિ કર્યા બાદ આ ઓવર બ્રિજ બનાવવાનું તંત્ર ભૂલી ગયું હોવા અંગે ગત 14-5-2023 તેમજ 1-3-2024ના રોજ અહેવાલ પ્રસિદ્ધ કરી વહીવટી તંત્રને ભૂલાયેલું કામ યાદ અપાવ્યું હતું. જેને લઈ આખરે લોકસભાની ચૂંટણી પહેલા આ મુદ્દો ગરમાય નહીં તે ધ્યાનમાં રાખી હાલ આ કામગીરી મંજૂર કરી ખાતમુહૂર્ત વિધિનો કાર્યક્રમ યોજવામાં આવી રહ્યો છે.

### ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી

## કાજીપુરા ગામ પાસે વાહનની અડફેટે અજાણ્યા પુરૂષનું મોત




નડિયાદ | તા.14

નેશનલ હાઈવે નં.-૪૮ કાજીપુરા નજીકથી પસાર થતાં અજાણ્યા પુરુષનું અજાણ્યા વાહનની અડફેટે આવી જતા તેનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે ખેડા ટાઉન પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. નેશનલ હાઈવે નં.-૪૮ કાજીપુરા સીમ નજીક ગઈકાલે સાંજે ૫ વાગ્યાના સુમારે એક અજાણ્યો પુરુષ હાઈવે પરથી પસાર થતો હતો. ત્યારે પૂરઝડપે આવેલા અજાણ્યા વાહને ટક્કર મારતા રાહદારી પુરુષનું ગંભીર ઈજા થતાં ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. આ અજાણ્યો પુરુષ ૩૫થી ૪૦ વર્ષના આશરાનો બે વર્ષથી છૂટક મજૂરી કરતો હતો તેનું કોઈ ચોક્કસ રહેઠાણ ન હતું. આ અંગેની જાણ થતા હાઈવે પેટ્રોલિંગની એમ્બ્યુલન્સ મારફતે મૃતકની લાશને ખેડા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતા લાશને પીએમ રૂમમાં રાખવામાં આવેલી છે. આ બનાવ અંગે પ્રવીણભાઈ વિઠ્ઠલભાઈ વાઘેલાએ ખેડા ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### ધો. 12માં કરમસદના સેન્ટરમાં બનેલી ઘટના

## બોર્ડ પરીક્ષા: માસ કોપીની ઘટનામાં સ્થળ સંચાલક સહિતના પાંચ કર્મચારીને નોટિસ

આણંદ | તા.14

આણંદ જિલ્લાના કરમસદ અને તારાપુર ખાતે ગત રોજ ધો.૧૨માં ભૂગોળ વિષયની પરીક્ષા દરમ્યાન અનઅધિકૃત વ્યક્તિ દ્વારા માસ કોપી કરાવવામાં આવી રહી હોવાનું પ્રકાશમાં આવ્યા બાદ ખંડ નિરિક્ષક સહિતના પાંચ કર્મચારીઓને આજે ગાંધીનગરનું તેડું આવ્યું હતું અને તમામને ગાંધીનગર ખાતે બોલાવી પૂછપરછ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. જિલ્લા શિક્ષણાધિકારી કામિનીબેન ત્રિવેદીએ ગત રોજ કરમસદ ખાતે આવેલ સરદાર પટેલ વિદ્યામંદિરની ઓચિંતી મુલાકાત લીધી હતી જેમાં જ્યારે તેઓ પરીક્ષા ખંડ ખાતે પહોંચ્યા ત્યારે દરવાજા નજીકથી એક વ્યક્તિ કંઈ લખાવી રહ્યા હોવાનું જોવા મળ્યું હતું. જો કે તેઓને જોતા જ આ વ્યક્તિ દોડીને બહાર જતો રહ્યો હતો. જેથી જિલ્લા શિક્ષણાધિકારીએ તુરત જ આ અંગે કાર્યવાહી હાથ ધરી સ્થળ સંચાલક સહિતનો તમામ સ્ટાફ બદલી નાંખ્યો હતો અને શિક્ષણ બોર્ડને આ અંગે જાણ કરી હતી. સાથે સાથે તારાપુરની સાર્વજનિક હાઈસ્કુલ ખાતે પણ અનઅધિકૃત વ્યક્તિ પરીક્ષા ખંડમાં આવી વિદ્યાર્થીને જવાબો લખાવી રહી હોવાનું સ્કવોડની ટીમને ધ્યાને આવ્યું હતું. જે મામલે પણ ફરીયાદ થઈ હતી. ગત રોજ આણંદ જિલ્લાના બે પરીક્ષા સેન્ટરો ખાતે માસ કોપી ઝડપાતા તંત્ર હરકતમાં આવ્યું હતું અને આજે તમામ પરીક્ષા કેન્દ્રો ખાતે સઘન સુરક્ષા વચ્ચે પરીક્ષા યોજાઈ હતી. સાથે સાથે ઉચ્ચ કક્ષાએથી પણ શિક્ષણ બોર્ડ દ્વારા સ્પેશિયલ સ્કવોડ મોકલવામાં આવી હતી. ઉપરાંત કરમસદ ખાતેના ખંડ નિરિક્ષક ખંડ સંચાલક તથા વહીવટી કર્મચારી મળી પાંચ કર્મચારીઓને આજે ગાંધીનગર ખાતે બોલાવવામાં આવ્યા હતા જ્યાં ઉચ્ચ શિક્ષણ કચેરી ખાતે તમામની પૂછપરછ કરાઈ હોવાના અહેવાલ સાંપડયા છે.



**સીસીટીવીના આધારે કોપી કેસની તપાસ કરાશે**

આણંદ જિલ્લા શિક્ષણાધિકારી કામિનીબેન ત્રિવેદીના જણાવ્યા મુજબ કરમસદ સરદાર પટેલ વિદ્યામંદિર ખાતે તેઓ પહોંચ્યા ત્યારે દરવાજા બહારથી કોઈ વ્યક્તિ લખાવી રહ્યું હોવાનું જોવા મળ્યું હતુ પરંતુ તેઓને જોતા જ તે વ્યક્તિ ભાગી ગયો હતો. આ અંગે પરીક્ષા કેન્દ્રના સીસીટીવી તપાસવામાં આવી રહ્યા છે. હાલ ડીવીડ મેળવવામાં આવી છે અને જવાબો લખાવનાર વ્યક્તિ કોણ હતું અને કેવી રીતે પરીક્ષા ખંડમાં આવ્યો તે દિશામાં વધુ તપાસ ચાલુ હોવાનું તેઓએ ઉમેર્યું હતું.

### રાજ્ય સરકારની સૌની યોજના-2 અંતર્ગત

## ગઢડાના ઈતરીયા ડેમમાં પાણી પ્રશ્ને મતદાનના બહિષ્કારની ચિમકી

ગઢડા(સ્વા.) | તા.14

ગઢડા (સ્વા.)શહેર અને તાલુકાના ગોરડકા, ઉગામેડી, અડતાળા, લાખણકા અને તતાણા ગામના કમાન્ડ એરીયામા આવતા ખેડૂતો દ્વારા ઉનાળો નજીક હોવાથી અને ખેતી માટે પાણીનો અભાવ હોવાથી ખેતીના પાકને જીવતદાન આપવા માટે સૌની યોજના-૨ મારફતે ડેમ ભરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. આ સિંચાઈનો કમાન્ડ એરીયા આશરે ૧૨૦૦ હેકટર ચો.મી જેટલો હોય તેને ઘેલો, ઈતરીયા, ઘેલા સોમનાથ, ઘેલો લીંબાળી ડેમમાથી કાયમી ધોરણે સિંચાઈના પાણીની સગવડ મળી રહેતી હતી. અત્યાર સુધીમાં ઉપરના ત્રણેય ડેમો ભરવામાં આવ્યા નથી. જેના કારણે આ વિસ્તારમાં ઘઉં, ચણા, જીરૂ અને ઘાસ વિગેરેનું વાવેતર હોવાથી અને કુવાના તળ પણ ખાલીખમ્મ થઈ જવાથી ઉભો પાક પણ સુકાઈ જાય તેવી પરિસ્થિતિ જોવા મળી રહી છે. ત્યારે ખેડૂતો અને ખેતી માટે એકમાત્ર જીવતદાન આપી શકે તેવી સૌની યોજના લીંક-૨ મારફતે ખંભાળા સંપમાંથી તાત્કાલીક ધોરણે ઈતરીયા ડેમ ભરવામાં આવે તેવી પ્રબળ માંગ અને જરૂરીયાત ઉઠવા પામી છે.ગઢડા તાલુકાના ઉપરોક્ત ગામોના જમીન વિસ્તારોના ખેડુતોના પાકો જળવાઈ રહે અને ખેડૂત પરિવારના ભરણ પોષણ પણ સારી રીતે થઈ શકે, માલ-ઢોર, પશુઓ માટે પણ ઉભી થનારી કપરી પરિસ્થિતિ અટકાવવા અને પાણી વગર ખેડૂતોની મહેનત એળે જવાથી નુકશાન થવાની શક્યતા નિવારી શકાય માટે તાત્કાલીક ધોરણે ત્રણેય ડેમોમાં પાણી નાખવા માંગણી કરવામાં આવી છે. આ મુદ્દે ખેડૂતો તરફથી સરકાર સુધી રજૂઆત પહોંચાડવા માટે ગઢડાના મામલતદાર સમક્ષ આવતીકાલ તા.૧૪ ને ગુરૂવારે સવારે ૧૦ કલાકે બોટાદ રોડ ખાતે એકત્રિત થઈને ખેડૂતો દ્વારા આવેદનપત્ર પાઠવવામાં આવનાર હોવાનુ અને તાત્કાલિક અસરથી ખેડૂતોની જરૂરી માંગણી ના સ્વીકારાય તો આગામી લોકસભાની ચુંટણીમાં ખેડુતો દ્વારા મતદાનનો બહિષ્કાર કરવામાં આવનાર હોવાનુ ખેડુત અગ્રણીઓ અનિરૂદ્ધભાઈ શેખવા, ડાયાભાઈ પટેલ અને દિનેશભાઈ ભીંગરાડીયા વગેરેએ આક્રોશભેર જણાવ્યુ હતુ.

### ગેરકાયદે લાગુની જમીન ફાળવણી કરી સરકારને આથક નુકશાન

## અંજારના જમીન કેસમાં પૂર્વ કલેકટર પ્રદિપ શર્માની ધરપકડ, બે દિવસના રિમાન્ડ પર

ભુજ | તા.14

અંજારની જમીન ગેરકાયદે ફાળવણી કરી સરકારને આથક નૂકશાન પહોંચાડવાના કેસમાં કચ્છના પૂર્વ કલેકટર પ્રદિપ શર્મા અને તત્કાલિન નિવાસી નાયબ કલેકટર વિરૂધ ગુનો નોંધાયા બાદ આર.ડી.સી. અજીતસિંહ ઝાલાની ધરપકડ બાદ મંગળવારે મોડી સાંજે એલસીબીએ પ્રદિપ શર્માની ધરપકડ કરીને દસ દિવસના રિમાન્ડની માંગણી સાથે કોર્ટમાં રજુ કરતાં અદાલતે બે દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતા. અંજારના મામલતદાર રાહુલકુમાર રાણાભાઇ ખાંભરાએ ભુજ એ ડિવિઝન પોલીસ માથકે ગેરકાયદે જમીન ફાળવણી અંગે પૂર્વ કલેક્ટર પ્રદિપ શર્મા અને તત્કાલિન નિવાસી નાયબ કલેકટર અજીતસિંહ મહેપતસિંહ ઝાલા વિરૂધ ફરિયાદ નોંધાવી હતી. આરોપી અધિકારીઓએ પોતાની સતાનો દુરઉપયોગ કરીને અંજારમાં રહેતા રસીલાબેન કાંતિલાલ જેઠવાએ તેમના માલિકીના મકાનની બાજુમાં સરકારી ખરાબાની ૧૪ ગુંઠા જમીન લાગુ તરીકે મંજુર કરવા અરજી કરી હતી. જેમાં સરકારી ભાગ અને નિયમોને નેવે મુકીને આરોપી અધિકારીઓએ ગેરકાયદે જમીનની ફાળવણી કરવાનો હુકમ કરીને સરકારને રૂપિયા ૩.૫૪ કરોડનું આથક નૂકશાન પહોંચાડીને ગુનો કર્યો હતો. ગુનો દાખલ થતાંની સાથે એલસીબીએ તત્કાલિન નિવાસી નાયબ કલેક્ટર અજીતસિંહ ઝાલાની ધરપકડ કરીને કોર્ટમાં ગુરૂવાર સુધીના રિમાન્ડ મેળવ્યા હતા. બાદમાં મોડી સાંજે અગાઉ ગાંધીધામના ચુડવા અને ભુજની જમીનના મામલે પાલરા જેલમાં સજા ભોગવી રહેલા પૂર્વ કલેકટર પ્રદિપ શર્માનો એલસીબીએ પાલારા જેલમાંથી કબજો લઈ ધરપકડ કરી હતી. બુધવારે સાંજે પ્રદિપ શર્માના દસ દિવસના રિમાન્ડ મેળવવાની માગણી સાથે કોર્ટમાં રજુ કર્યા હતા.



## ધો.10માં ગણિતનું પેપર ઘણું સરળ વિદ્યાર્થીઓ ખુશ

આણંદ | તા.14

વિદ્યાર્થીઓ માટે કઠીન ગણાતા ગણિત વિષયનું પ્રશ્નપત્ર આજે એકંદરે સરળ રહેતા વિદ્યાર્થીઓમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. ધો. ૧૦ની બોર્ડની પરીક્ષામાં આજે યોજાયેલ સ્ટાન્ડર્ડ-બેઝીક ગણિતની પરીક્ષામાં જિલ્લાના ત્રણેય ઝોનમાં મળી કુલ-૯૬૬ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. ૨૮,૩૫૧ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. સોમવારના રોજથી જિલ્લાના વિવિધ પરીક્ષા કેન્દ્રો ખાતે ધો.૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓનો પ્રારંભ થયો છે. આજે ધો.૧૦માં સવારના સેશનમાં સ્ટાન્ડર્ડ-બેઝીક ગણિત વિષયની પરીક્ષા યોજાઈ હતી. ગણિત વિષય મોટાભાગના વિદ્યાર્થીઓ માટે કઠિન હોઈ વિદ્યાર્થીઓ સહિત વાલીઓમાં સવારથી ચિંતા જોવા મળી હતી. જો કે ધો.૧૦નું સ્ટાન્ડર્ડ-બેઝીક ગણિત વિષયનું પ્રશ્નપત્ર એકંદરે સરળ નીકળતા પરીક્ષા પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીઓ હળવા મૂડમાં જોવા મળ્યા હતા. આણંદ શહેરની ડી.એન. હાઈસ્કુલના શિક્ષણ તજજ્ઞા રાજુભાઈના જણાવ્યા મુજબ આજનું સ્ટાન્ડર્ડ-બેઝીક ગણિતનું પેપર વિદ્યાર્થીઓને અનુલક્ષીને કાઢવામાં આવ્યું હતું. બેઝીક ગણિતનું પેપર સરળ હતું જ્યારે સ્ટાન્ડર્ડ ગણિતમાં કેટલાક પ્રશ્નો બુધ્ધિ કસોટીના હતા અને વિદ્યાર્થીઓના વિચાર માંગી લે તેવા જનરલ ઓપ્શન સાથેના એક ગુણના પ્રશ્નો હતા. આજે યોજાયેલ ધો.૧૦ની સ્ટાન્ડર્ડ-બેઝીક ગણિત વિષયની પરીક્ષામાં જિલ્લામાં નોંધાયેલ કુલ-૨૯,૩૧૭ વિદ્યાર્થીઓ પૈકી ૯૬૬ વિદ્યાર્થીઓ ગેરહાજર અને ૨૮,૩૫૧ વિદ્યાર્થીઓ હાજર નોંધાયા હતા.

### પ્રમોશન મળ્યા બાદ રજા પર વતન ભાવનગર આવ્યા હતા

## ગાંધીનગરના સિનિયર જિલ્લા તિજોરી અધિકારીની ભાવનગરમાં આત્મહત્યા

ભાવનગર | તા.14

મૂળ ભાવનગરના વતની અને હાલ ગાંધીનગરના સિનિયર જિલ્લા તિજોરી અધિકારી તરીકે ફરજ બજાવતા બેલુરભાઈ બિપીનચંદ્ર રાવલ (ઉ.વ.૪૫)એ ગઈ કાલ તા.૧૨ના રોજ બપોરના સમયે ભાવનગરમાં અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હોવાનું ભરતનગર પોલીસે જણાવ્યું હતું. આ અંગેની પ્રાપ્ય વિગત અનુસાર ગાંધીનગર ખાતે સેક્ટર-૧૯માં રહેતા અને હાલ ગાંધીનગર સિનિયર તિજોરી અધિકારી તરીકે ફરજ બજાવતા બેલુરભાઈ રાવલને હજુ ૧૨ દિવસ અગાઉ પ્રમોશન મળ્યું હતું. બાદમાં, રજા લઈને તેઓ વતન ભાવનગર આવ્યા હતા. ત્રણ ભાઈઓમાં મોટા બેલુરભાઈ શહેરમાં વારાહી સોસાયટીમાં રહેતા દેવલભાઈના ઘરે રોકાયા હતા. જ્યાં ગઈકાલ તા.૧૨ માર્ચના રોજ ઢળતી બપોરે સાંજે ૪.૪૫ વાગ્યાના અરસામાં મકાનમાં ઉપરના માળે રૂમમાં છતના હુક સાથે પ્લાસ્ટિકની દોરી બાંધી તેમણે કોઈ અગમ્ય કારણોસર અંતિમ પગલું ભરી લીધું હતું. બનાવ અંગે ભરતનગર પોલીસે તેમના ભાઈ દેવલભાઈનું નિવેદન લીધું હતું. જેમાં તેમણે જણાવ્યું હતુ કે, બન્ને ભાઈ બપોરે સાથે જમ્યા હતા અને બપોરે ૩.૩૦ વાગ્યાના અરસામાં બન્ને પોતપોતાની રૂમમાં વામકુક્ષી માટે ગયા હતા. બાદમાં, પોતાને સોલારનો વ્યવસાય હોવાથી વ્યવસાય અર્થે જતા રહ્યા હતા. આ દરમિયાન સાંજના ૫ વાગ્યાના અરસામાં પરિવારજનો જગાડવા માટે ગયા ત્યારે ખખડાવવા છતાં બેલુરભાઈએ બારણુ નહીં ખોલતા દેવલભાઈને જાણ કરાઈ હતી. આથી તેઓ આવ્યા હતા અને લેચ-કીથી દરવાજો ખોલ્યો ત્યારે ખ્યાલ આવ્યો હતો. તપાસ દરમિયાન પોલીસને તેમની સ્યુસાઈડ નોટ મળી આવી હતી. જે સ્યુસાઈડ નોટ પોલીસે કબ્જે કરી છે. તેઓએ ભાવનગરમાં તિજોરી કચેરી અને લોકલ ફંડ (એલ.એફ.)માં અધિકારી તરીકે ફરજ બજાવી હતી. સરળ, મિલનસાર અને ઉમદા સ્વભાવના અધિકારી હોવાથી બેલુરભાઈ બહોળો ચાહક વર્ગ ધરાવતા હતા. આથી તેઓએ ભરી લીધેલા આ અંતિમ પગલાથી ભારે અરેરાટી સાથે આઘાત છવાયો છે.



## ખડિયારપુરામાં સોલર પેનલની ચોરીના કેસમાં 2 શખ્સો ઝડપાયા

નડિયાદ | માતર તાલુકાના ખડિયારપુરા ગામે આવેલા ફાર્મ હાઉસના ધાબા પર લગાવેલી સોલર પેનલ તેમજ સોલરની બેટરી સહિત રૂ.૫૦,૦૦૦ની મત્તા કોઇ તસ્કર ચોરી ગયો હતો. એલસીબી ખેડા પોલીસે વસોના બે તસ્કરોને સોલર પેનલની સાધન સામગ્રી સાથે ઝડપી પાડયો હતો. માતર તાલુકાના ખડીયારપુરા ગામે વડોદરાના જાનીસાર મહેબુબ મુન્શીની માલિકીના ગોલ્ડન ફાર્મના ધાબા પર લગાવેલી રૂા. ૫૦ હજારની સોલર પેનલ સહિતની સાધન સામગ્રી તસ્કરો ચોરી ગયા હતા. વસો ચોકડી નજીક છાપરામાં રહેતો ધનજી ઉર્ફે ધનો ધુલાભાઈ ઝાલા અને તેના મિત્ર નટવર ઉર્ફે નટુ જશવંતભાઈ સોલંકી (રહે. કૃષ્ણપુરા, બામરોલી) સામગ્રી વેચવા જવાના હતા ત્યારે એલસીબી ખેડા પોલીસે છાપરામાં છાપો મારતા ધનો ઝાલાના ઘર આગળ ખુલ્લી જગ્યામાંથી સોલર પેનલ, તેની બેટરીઓ અને ઇન્વેટર મળી આવ્યા હતા. પોલીસે આ બંને તસ્કરોને ઝડપી પાડી માતર પોલીસને હવાલે કર્યા છે. આમ એલસીબી ખેડા પોલીસે માતરની ચોરીનો ભેદ ઉકેલવામાં સફળતા મેળવી છે.

## શામરિયામોરા વિસ્તારમાં માટીના ઢગલા ન હટાવાતા વાહનચાલકો મુશ્કેલીમાં

બારડોલી | બારડોલી નગરમાં નગરજનોને સુવિધા કરતા સમસ્યા વધુ સહન કરવાનો વારો આવે છે. તાજેતરમાં શામરીયામોરા વિસ્તારમાં રાઇઝિંગ લાઇન રીપેરીંગ માટે ખોદકામ કર્યા બાદ, પુલ પર એક તરફ માટીનો ઢગલો છે, જેના કારણે અડધો રસ્તો બંધ હોય, વાહન ચાલકોને અવર જવર કરવામાં ઘણી મુશ્કેલી થઈ રહી છે. અકસ્માત થવાની પણ સંભાવના છે. છતાં પાલિકાના અધિકારી અને પદાધિકારીઓ આ સમસ્યા છેલ્લા પંદર દિવસથી હોવા છતાં દૂર કરાવવામાં નિષ્ફળ રહ્યા છે. બારડોલીના જલારામ ભિક્ષુકગૃહની સામે ખાડીના પુલ પર છેલ્લા એક માસથી માટીનો ઢગલો ખડકાયેલ હાલતમાં પડ્યો છે. રાઇઝિંગ લાઇન રીપેરીંગ માટે ખોદકામ કરવામાં આવ્યું હતું. જે રીપેરીંગ કામ કરતા પંદર દિવસ વિતી ગયા, ત્યારે રસ્તો બંધ હતો, હવે ખુલ્લો કર્યો તો, અડધો રસ્તો માટીના ઢગલાના કારણે બંધ છે. સિંગલ રસ્તા પરથી જ અવર જવર કરવાનો વારો આવ્યો છે. પંદર દિવસ પછી પણ માટીનો ઢગલો પુલ પરથી પાલિકા હટાવી શકી નથી.

### પુરવઠા વિભાગની તૈયારીઓ પાણીને લગતી 19 જેટલી મીની યોજનાઓની કામગીરી હાથ ધરવામાં આવી

## આણંદ જિલ્લામાં પાણીના 22 નવા હેન્ડપંપો નાંખવાની મંજૂરી, જુના 54ની મરામત કરાશે

આણંદ | તા.14

ઉનાળાને લઈને આણંદ જિલ્લા પાણી પુરવઠા વિભાગ દ્વારા સીમ વિસ્તારના લોકો માટે પીવાના પાણીનું ખાસ આયોજન કરાયું છે. વિભાગ દ્વારા ૨૨ નવા હેન્ડપંપોને મંજૂરી આપવામાં આવી છે. ૫૪ જુના હેન્ડપંપનું સમારકામ અને ૧૯ જેટલી મીની યોજનાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આણંદ જિલ્લાના સીમ વિસ્તાર સહિત તમામ લોકોને ઘેર ઘેર પાણીની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે. જેમાં ખાસ કરીને સીમ વિસ્તારમાં રહેતા લોકોને ઉનાળા દરમ્યાન પાણી માટે તકલીફ ન પડે તે માટે વિશેષ આયોજનો હાથ ધરવામાં આવી છે. આણંદ જિલ્લાના વિવિધ તાલુકામાંથી ગત મહિને અગાઉ મળેલ દરખાસ્તને પગલે બાવીસ નવા હેન્ડપંપની અરજીઓ મંજૂર કરવામાં આવી છે. આ ઉપરાંત જેટપંપ જેવી મીની યોજના હેઠળ ૨૦થી વધુ પરિવારોને પાણીની જરૂરિયાતને ધ્યાનમાં રાખી ૧૯ જેટલી મીની યોજના શરૂ કરવામાં આવી હોવાનું કચેરી સૂત્રો દ્વારા જણાવાયું છે. અગાઉ બનેલા અને યાંત્રિક ખામીને કારણે બંધ થઈ ગયેલ ૫૪ જેટલા હેન્ડપંપ ગત મહિને રીપેર કરીને પુનઃ કાર્યરત કરવામાં આવ્યા છે. આ સિવાય અન્ય જે તાલુકામાંથી રજૂઆત મળશે તે દિશામાં પણ આયોજન સત્વરે હાથ ધરાશે.



**સોજિત્રા તાલુકામાં સૌથી વધુ 8 હેન્ડપંપ મંજૂર**

આણંદ જિલ્લાના સોજિત્રા તાલુકામાં સૌથી વધુ ૮ અને બોરસદ તાલુકામાં ૬ તેમજ પેટલાદ અને ખંભાત તાલુકામાં ૧-૧ નવા હેન્ડપંપ માટે મંજૂરી આપવામાં આવી છે. જ્યારે આણંદ તથા બોરસદ તાલુકામાં ૧૧, પેટલાદ અને ઉમરેઠ તાલુકામાં ૮-૮, સોજિત્રા, ખંભાત તાલુકામાં ૭-૭ અને આંકલાવ તાલુકામાં બે હેન્ડપંપ રીપેર કરવામાં આવ્યા છે. સાથે સાથે આણંદ તાલુકામાં ૨, પેટલાદમાં ૨, બોરસદમાં ૫, સોજિત્રામાં ૪, ખંભાત-આંકલાવ-ઉમરેઠ તાલુકામાં ૨-૨ મીની યોજના શરૂ કરવામાં આવી છે.

### બોટાદ પોલીસ મથકમાં માતાએ ફરિયાદ નોંધાવી

## ભાવનગર મનપાએ પ્રથમવાર મિલ્કત વેરાની રૂ. 150 કરોડની વસુલાત કરી

ભાવનગર | તા.14

ભાવનગર મહાપાલિકા ઘરવેરા વિભાગની કાર્પેટ એરિયા કરપદ્ધતિમાં નાંણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં તા. ગત ૦૧ એપ્રિલ-૨૦૨૩ થી આજ દિન તા. ૧૩ માર્ચ-૨૦૨૪ સુધીમાં ૧.૭૮ લાખ કરદાતાઓ દ્વારા કુલ આવક રૂ. ૧૪૭.૨૬ કરોડ ભરપાઈ કરવામાં આવેલ છે, જ્યારે જૂની કર પદ્ધતિમાં રૂ. ૩.૨૪ કરોડ એમ કુલ મળી ૧૫૦.૫૦ કરોડની આવક થવા પામેલ છે. ભાવનગર મહાનગરપાલિકાએ મિલકત વેરાની આવકનો રૂ. ૧૫૦ કરોડની વસુલાત કરવાનો લક્ષ્યાંક પ્રથમવાર હાંસલ કર્યો છે. ભાવનગર મહાપાલિકાના ઘરવેરા વિભાગ તથા રીકવરી વિભાગના તમામ સ્ટાફ દ્વારા સયુંકત રીતે જપ્તી ઝુંબેશ શરૂ છે, જેમાં આજે બુધવારે કુલ ૨૧૭ આસામી દ્વારા કુલ ૩૬.૪૫ લાખ રૂપિયાનો મિલકત વેરો ભરપાઈ કરવામાં આવ્યો હતો. ચાલુ માસ માર્ચ દરમિયાન ૧,૨૭૫ આસામી પાસેથી કુલ રૂ. ૨.૮૧ કરોડ રૂપિયાનો વેરો વસુલવામાં આવ્યો છે. વધુમાં ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ઘરવેરાની કાર્પેટ પદ્ધતિમાં આકર્ષક વન ટાઈમ ઈન્સ્ટોલમેન્ટ સ્કીમ જાહેર કરાયેલ છે. જે અંતર્ગત જે-તે તારીખ સુધી ચડત વ્યાજ સાથે ચાલુ વર્ષની રકમ અને પાછલા બાકી રકમના પ્રતિ વર્ષ ૨૦ % રકમ સાથે પ્રથમ હપ્તો આગામી તા. ૩૧ માર્ચ-૨૦૨૪ સુધીમાં ભરી પછીના ચાર વર્ષોમાં દરેક વર્ષનો હપ્તો જે-તે વર્ષની રીબેટ યોજનાના સમયગાળા સુધીમાં ભરપાઈ કરવાના રહેશે. સળંગ પાંચ વર્ષ સુધી આ રીતે વેરો ભરી ચડત વ્યાજમાંથી મુક્ત થવા મહાપાલિકા દ્વારા અનુરોધ કરવામાં આવે છે. આગામી દિવસોમાં પણ રીકવરી ઝુંબેશ શરૂ રહેનાર છે ત્યારે બાકી કરદાતાઓએ વેરો ભરપાઈ કરી રીકવરીની દંડનીય કામગીરીથી બચવા સત્વરે વેરો ભરપાઈ કરવા મહાપાલિકાએ અનુરોધ કર્યો છે.

## આપનો આજનો દિવસ

**મેષ (અ,લ,ઇ)**
તમે જે પણ કાર્ય કરશો, તમને સફળતા મળશે. જો તમે કોઈ નવું કામ શરૂ કરવા જઈ રહ્યા છો તો અચાનક તમારી ફંડ સંબંધિત સમસ્યા પણ દૂર થઈ જશે.

**વૃષભ (બ,વ,ઉ)**
આજે તમને તમારા સાથીદારોથી સાવધાન રહેવાની સલાહ આપવામાં આવી રહી છે, આજે તેઓ તમને નુકસાન પહોંચાડી શકે છે.

**મિથુન (ક,છ,ઘ)**
આજે પણ ધંધાની કેટલીક મૂંઝવણ તમને પરેશાન કરી શકે છે. જો તમે તમારો રસ્તો સરળ અને સીધો બનાવવા માગતા હોવ તો એવું કરો કે તાત્કાલિક લાભ મળે.

**કર્ક (ડ,હ)**
સવારથી કંઈક વિચિત્ર વાતાવરણ રહેશે. દૈનિક ઘરના કામો પણ અમૂક અટકળો પછી જ પૂર્ણ થશે. ધંધો કરતા લોકોના જીવનમાં લાંબા સમયથી ચાલી રહેલી સમસ્યા આજે સમાપ્ત થઈ શકે છે.

**સિંહ (મ,ટ)**
આજે તમારા ઉપર કોઈ વિશેષ કાર્યનું દબાણ આવી શકે છે. આ માટે તમારે તમારા કામમાંથી થોડો સમય પણ આપવો પડી શકે છે.

**કન્યા (પ,ઠ,ણ)**
તમારી આ પદ્ધતિ તમને તમારા કાર્યક્ષેત્રમાં આજે અપાર સફળતા પ્રાપ્ત કરાવી શકે છે. નવો વ્યવસાય શરૂ કરવા જઈ રહ્યા છો તો નિષ્ણાતનો અભિપ્રાય લો.

**તુલા (ર,ત)**
કોઈ કારણસર અથવા બીજા કારણે બિનજરૂરી ખર્ચનો યોગ છે. આજે તમારે વ્યર્થ મુસાફરી પણ કરવી પડી શકે છે. કોઈપણ સ્પર્ધાના બાકી પરિણામો આજે આવે તેવી પણ સંભાવના છે.

**વૃશ્ચિક (ન,ય)**
તમે શેર-બજારના મામલામાં ફસાઈને ઘણા પૈસા બગાડ્યા છો. તમારા માટે સારું રહેશે કે તમે જૂની ઘટનાઓથી શીખો. સમજદારીથી રોકાણ કરો.

**ધન (ભ,ધ,ફ)**
આજે પૈસા કમાવવાના ઘણા રસ્તા ખુલશે. રોકાણમાં પણ લાભની સંભાવના છે. જમીન-મકાનની ખરીદી કરતા પહેલા એકવાર લોકોનો અભિપ્રાય લો.

**મકર (ખ,જ)**
તમારે નિરાશ થવાની જરૂર નથી. તમે ફક્ત એક જ વસ્તુ ધ્યાનમાં રાખો કે જો તમે સાચા છો અને અધિકાર માટે અવાજ ઉઠાવો છો, તો પછી કોઈને કંઈ પણ કહેવામાં ડરશો નહીં.

**કુંભ (ગ,શ,સ)**
આજે તમને કોઈ ખૂબ મહત્વનું ઓફિસનું કામ આપવામાં આવશે. તમે આ કાર્ય પૂર્ણ કરી શકશો કે નહીં તે વિચારવાના બદલે કાર્ય પૂર્ણ કરવાનો પ્રયાસ કરો.

**મીન (દ,ચ,ઝ,થ)**
ધ્યાનમાં રાખો કે આ સમય તમારા સ્વાસ્થ્ય પર વધુ ધ્યાન આપવાનો છે. કારણ કે જો માનસિક સ્વાસ્થ્ય સારું નહીં હોય તો સખત મહેનત કરવી મુશ્કેલ બનશે.

માર્કેટ નિયામક સેબીએ સામાન્ય રોકાણકારોના હિતોની રક્ષા માટે અનેક પગલાં લીધા છે...

# સેબી રોકાણકારોના હિતોની રક્ષા માટે પ્રતિબદ્ધ

**શેર્સમાં ઝડપી વધ-ઘટને રોકવા સેબીએ પાંચ ઉપાય રજૂ કર્યા...**

મુંબઇ | માર્કેટ નિયામક સેબીએ સામાન્ય રોકાણકારોના હિતોની રક્ષા માટે અનેક પગલાં લીધા છે. તાજેતરમાં સેબીએ મ્યુચ્યુઅલ ફંડ કંપનીઓના ટોચના સંગઠન AmFiને સ્મૉલ અને મિડકેપ ઈક્વિટી સ્કીમ્સમાં રોકાણને નિયંત્રિત કરવાનો નિર્દેશ આપ્યો હતો. સાથે જ એમ્ફીને તેની સભ્ય કંપનીઓને એવી ઈક્વિટી સ્કીમ્સમાં રોકાણના પ્રવાહને નિયંત્રિત કરવા માટે પણ કહેવામાં આવ્યું છે. આ ઉપાય શેરમાર્કેટમાં અતિશય અટકળોને રોકવા અને તમામ શેરધારકોના હિતોની રક્ષા માટે છેલ્લા કેટલાક વર્ષો દરમિયાન સેબી દ્વારા લેવાયેલા પગલાંમાંથી એક છે.

**સેમ-ડે સેટલમેન્ટને મંજૂરી આપી શકે :** માર્કેટ નિયામક સેબીની શુક્રવારે થનારી બોર્ડ બેઠકમાં આઈપીઓ માટે સરળ નિયમોને મંજૂરી આપી શકે છે. બેઠક દરમિયાન વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (એફપીઆઇ)ને એડિશનલ ડિસ્ક્લોઝરના નિયમોથી બહાર કરવા, સેમ-ડે સેટલમેન્ટ ફ્રેમવર્કને મંજૂરી આપવા ઉપરાંત એઆઈએફ, મ્યુચ્યુઅલ ફંડ્સને કેટલીક રાહત મળી શકે છે. સૂત્રોએ બુધવારે આ જાણકારી આપી હતી. તેમણે કહ્યું કે પબ્લિક ઇશ્યૂ માટે સેબીનું બોર્ડ પ્રમોટર્સને લિસ્ટિંગ બાદ અનિવાર્ય 20% એમપીસી જાળવવા માટે તેમજ અન્ય રીતને પણ અનુમતિ આપી શકે છે. પ્રાઈવેટ ઈક્વિટી અને અન્ય નૉન-ઈન્ડિવિજ્યુઅલ શેરધારકોને પ્રમોટર્સના રૂપમાં વર્ગીકૃત કર્યા વગર માટે ક્વોલિફાય કરવા માટે લીલી ઝંડી પણ આપી શકે છે.

## માર્કેટ નિયામકે આ મોટાં પગલાં લીધાં...

**ઉપાય 1:** ક્લાઈન્ટ્સ પાસેથી અપફ્રન્ટ માર્જિન ક્લેક્શન ધીરે-ધીરે 100% સુધી વધારવું
અસર: ક્લાઈન્ટ્સ એટલી જ પોઝિશન લઈ રહ્યા છે જેટલું તે પોતાનું રોકાણ કરી શકે છે. ક્લાઈન્ટને પોઝિશન લેવા માટે બ્રોકર પૈસા આપી શકતા નથી એટલે જ ગ્રાહકોના ઓવરટ્રેડિંગને ઘટાડવામાં મદદ મળી છે.

**ઉપાય 2:** શેરમાર્કેટ પર એડિશનલ સર્વેલન્સ મિકેનિઝમ (એએસએમ) અને ગ્રેડેડ સર્વેલન્સ મિકેનિઝમ (જીએસએમ) ની શરૂઆત
અસર: અનેક મિડ, સ્મૉલ અને માઈક્રો કેપ શેર્સના મૂલ્યમાં કૃત્રિમ ઉતાર-ચઢાવમાં ઘટાડો થયો છે. શેરોમાં ડિલીવરી આધારિત લેવડદેવડ પર અમલથી વાસ્તવિક રોકાણકારોના હિતોની રક્ષા થઈ છે.

**ઉપાય 3:** કોઈપણ શંકાસ્પદ લેવડદેવડ માટે બ્રોકર્સ પાસે એ જ દિવસે નોટિસ મોકલીને તેની જાણકારી માંગવી
અસર: ટ્રેડર્સના એક વર્ગ દ્વારા સર્કુલર ટ્રેડિંગની ઘટનાઓને રોકવામાં મદદ મળી છે. ટ્રેડર્સ આવી કોઈપણ ગતિવિધિમાં સામેલ થતા પહેલા બે વાર વિચારવા માટે મજબૂર થયા છે.

**ઉપાય 4:** IPO લિસ્ટિંગની સમયમર્યાદા T+6થી ઘટાડીને T+3 કરવી
અસર: શેર્સ અલોટમેન્ટ બાદ ત્રીજા વર્કિંગ ડે પર લિસ્ટ થઈ રહ્યાં છે. તેનાથી સંભવિત લિસ્ટિંગ મૂલ્ય પર ગ્રે માર્કેટમાં અટકળોને ઘટાડવામાં મદદ મળી.

**ઉપાય 5:** એમ્ફીને મિડ-સ્મૉલકેપમાં બની રહેલા 'બબલ' અંગેની ચેતવણી આપીને આવી ઈક્વિટી સ્કીમમાં રોકાણના પ્રવાહને નિયંત્રિત કરવા કહેવું.
અસર: રોકાણકારોને માર્કેટમાં શેર્સનું મૂલ્યાંકન જોખમભર્યું હોવાનો સંકેત આપ્યો છે. જે રીતે ઈક્વિટી એસેટ્સમાં તેઓ રોકાણ કરી રહ્યાં છે. તે અંગે વધુ સાવધ રહેવાની જરૂર છે.

# બિટકોઈનમાં આગઝરતી તેજી, પ્રથમ વખત 73,000 ડોલરની સપાટી કૂદાવી ઓલ ટાઈમ હાઈ સ્પર્શ્યું...

અમદાવાદ | બિટકોઈનના ભાવમાં વધારો અટકવાના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. બુધવારે ટ્રેડિંગ દરમિયાન, તેની કિંમત પ્રથમ વખત ૭૩,૦૦૦ ડોલર (એટલે કે ૬૦,૫૦,૬૫૯ રૂપિયા) સુધી પહોંચી હતી. છેલ્લા ૨૪ કલાકમાં ટ્રેડિંગ દરમિયાન બિટકોઈનની કિંમત ૭૩,૬૬૧ ડોલર પર પહોંચી ગઈ છે. અમેરિકામાં ફુગાવાના આંકડા અપેક્ષા કરતા થોડા વધુ રહ્યા છે પરંતુ રોકાણકારોનું કહેવું છે કે આનાથી વ્યાજદરમાં ઘટાડો થવાની શક્યતામાં કોઈ ફરક પડશે નહીં. એવું માનવામાં આવે છે કે યુએસ ફેડરલ બેંક આ વર્ષના



મધ્યમાં વ્યાજ દરમાં ઘટાડો કરી શકે છે. જેના કારણે બિટકોઈનની કિંમતમાં વધારો જોવા મળી રહ્યો છે. બુધવારે ટ્રેડિંગ દરમિયાન, તેની કિંમત પ્રથમ વખત ૭૩,૦૦૦ ડોલરની સપાટી કુદાવી ગઈ હતી. છેલ્લા ૨૪ કલાકમાં ટ્રેડિંગ દરમિયાન બિટકોઈનની કિંમત વધીને ૭૩,૬૬૧ ડોલર પર પહોંચી ગઈ છે.અમેરિકામાં લેટેસ્ટ ડેટા અનુસાર ફેબ્રુઆરીમાં ગ્રાહક ભાવમાં ૦.૩૯ ટકાનો વધારો થયો છે. તે ૦.૩ ટકાની ઝડપે વધવાની ધારણા હતી. ઈંધણ અને આશ્રયના ભાવમાં વધારાને કારણે વાર્ષિક ધોરણે કોર ફુગાવો નજીવો ઘટીને ૩.૮ ટકા થયો હતો. ફેબ્રુઆરીમાં સીપીઆઈ ડેટા અપેક્ષા કરતાં વધુ હતો. આ હોવા છતાં, બિટકોઈનની કિંમત ૭૨,૦૦૦ ડોલરથી ઉપર રહી છે. છેલ્લા એક મહિનામાં તેની કિંમતમાં ૪૪ ટકાનો વધારો થયો છે.

તપાસ સમિતિએ ઓલ્ટમેન અને ગ્રેગની લીડરશિપને યોગ્ય ઠરાવી...

# જોખમ :રોકાણકારો ઝડપી નફાની લાયમાં F&Oમાં ટ્રેડિંગ ચિંતાજનક: સીઇએ...

મુંબઇ | રિટેલ રોકાણકારો ઝડપી અને ત્વરિત નફો મેળવવાની લ્હાયમાં ફ્યૂચર્સ અને ઓપ્શન્સ (F&O) સેગમેન્ટમાં જોખમી રીતે રમે છે જે ચિંતાની બાબત હોવાનું મુખ્ય આર્થિક સલાહકાર વી અનંથ નાગેશ્વરને જણાવ્યું હતું. સેબી અને NISM દ્વારા સંયુક્તપણે આયોજિત કોન્ફરન્સને સંબોધિત કરતા નાગેશ્વરને જણાવ્યું હતું કે ટકાઉ મૂડી નિર્માણ અને અને ટકાઉ આર્થિક વૃદ્ધિ માટે સૌથી મોટો ખતરો ટૂંકા ગાળામાં નફો રળી લેવાનું વલણ છે.

સતત વિકસતા અર્થતંત્રમાં મૂડીની વધતી જરૂરિયાત વચ્ચે કોર્પોરેટ જૂથોને બેન્કોને પ્રમોટ કરવા માટે મંજૂરી આપવા અંગે ચર્ચા વચ્ચે નાગેશ્વરને જણાવ્યું હતું કે ભારતીય કંપનીઓએ કોર્પોરેટ ગવર્નન્સ પ્રેક્ટિસ પર વધુ ફોકસ કરવાની જરૂરિયાત છે. તેમણે ઉમેર્યું હતું કે તે જોવું વધુ નવાઈ પમાડે તેવું છે કે ઊંડો આધ્યાત્મિક વારસો તેમજ શાણપણ ધરાવતો દેશ ખોટી દિશામાં જીવી રહ્યો છે.

નાગેશ્વરને નારાજગી વ્યક્ત કરતા કહ્યું હતું કે સેબીનો પોતાનો અભ્યાસ દર્શાવે છે કે જોખમી સેગમેન્ટમાં 90% સોદા રોકાણકારોને નુકસાન પહોંચાડે છે છતાં લોકો F&O વોલ્યૂમમાં ગ્રોથનો ઉલ્લેખ કરી રહ્યા છે. લાંબા ગાળે મૂડીનું સર્જન કરવા તેમજ વૃદ્ધિ માટે ખાસ કરીને દૃષ્ટિકોણથી તેના દેખાવમાં ફેરફાર કરવાની જરૂરિયાત જણાઈ રહી છે. જ્યારે નિયામકની વાત આવે છે ત્યારે શેરધારકોમાં અલગ વલણ જોવા મળે છે. શેરધારકો અનેકવાર નિયામકો દ્વારા અપાતી ચેતવણી અને વાતને નજરઅંદાજ કરે છે. અહીં નિયામક દ્વારા મુખ્ય ફોકસ એ



હોય છે કે આપણા વૃદ્ધિદર, માર્કેટ વેલ્યૂએશનના આંકડાઓથી ત્વરિત અંજાવવાને બદલે લાંબા ગાળા અંગે વિચારીને નિર્ણય લેવામાં આવે. દેશના મુખ્ય આર્થિક સલાહકાર વી અનંથ નાગેશ્વરને જણાવ્યું હતું કે ઈન્ડસ્ટ્રી અને સર્વિસ સેક્ટરની ગતિવિધિઓમાં તેજીને કારણે નાણાકીય વર્ષ 2023-24માં ભારતનો આર્થિક વૃદ્ધિદર 8%ની આસપાસ રહેશે. આ વૃદ્ધિદર મિનિસ્ટ્રી ઑફ સ્ટેટિસ્ટિક્સના 7.6%ના અનુમાન કરતાં વધારે રહેશે. નાણાકીય વર્ષ 2025 દરમિયાન અર્થતંત્ર 7%ના દરે વૃદ્ધિ પામશે, જે સતત ત્રીજુ વર્ષ હશે જ્યારે અર્થતંત્રનો વૃદ્ધિદર 7%થી વધારે રહેશે.

# SME શેરોમાં મહામંદી : આ ક્ષેત્રનો ઈન્ડેક્સ વધુ 2929 પોઈન્ટનો કડાકો

મુંબઈ | એસએમઈ આઈપીઓ અને કંપનીઓના શેરોના લિસ્ટિંગ બાદ શેરોના ભાવમાં મેનીપ્યુલેશન થઈ રહ્યાને લઈ મૂડી બજાર નિયામક તંત્ર સેબીના ચેરપરસને એસએમઈ આઈપીઓ, સેગ્મેન્ટ માટે નવા કડક નિયમો, ડિસ્કલોઝર્સ સહિતના એકશન લેવાના આપેલા નિવેદને આજે સતત ત્રીજા દિવસે એસએમઈ કંપનીઓના શેરોમાં વધુ મોટા ગાબડાં પડયા હતા. બીએસઈ એસએમઈ આઈપીઓ ઈન્ડેક્સ આજે વધુ ૨૯૨૩.૯૩ પોઈન્ટ એટલે કે ૫.૫૩ ટકા તૂટયો હતો. આમ ત્રણ દિવસમાં બીએસઈ એસએમઈ આઈપીઓ ઈન્ડેક્સમાં ૧૩.૫૦ ટકાનું ગાબડું પડી ગયું છે. ત્રણ દિવસમાં એસએમઈ આઈપીઓ ઈન્ડેક્સમાં ૧૩.૫૦ ટકા એટલે કે ૬૭૯૨ પોઈન્ટનો ધરખમ કડાકો




બોલાઈ ગયો છે. સંખ્યાબંધ એસએમઈ કંપનીઓના શેરોના ભાવોમાં ગાબડાં પડયા હતા. બીએસઈ એસએમઈ પ્લેટફોર્મ પર અત્યારે લિસ્ટેડ કુલ ૩૦૧ સ્ક્રિપો-કંપનીઓ પૈકી આજે ૧૮૬ સ્ક્રિપોમાં ટ્રેડીંગ થયું હતું. જે પૈકી ૧૬૧ કંપનીઓના શેરોના ભાવો તૂટીને નેગેટીવ બંધ રહ્યા હતા. જ્યારે માત્ર ૨૨ શેરો પોઝિટીવ બંધ રહ્યા હતા. અત્યાર સુધીમાં બીએસઈ એસએમઈ પ્લેટફોર્મ પર કુલ ૪૮૪ કંપનીઓ લિસ્ટ થઈ છે. જે પૈકી ૧૮૩ સ્ક્રિપો મેઈનબોર્ડમાં શીફ્ટ થઈ છે અને ૩૦ શેરોમાં ટ્રેડીંગ સસ્પેન્ડ થયું છે. ટ્રેડીંગ માટે અત્યારે ૨૫૯ સ્ક્રિપો માન્ય છે. અત્રે નોંધનીય છે કે, સેબીએ સ્મોલ કેપ ફંડો સામે પગલાં અને હવે મ્યુચ્યુઅલ ફંડો માટે સ્ટ્રેસ ટેસ્ટ-તાણ પરિક્ષણ માટે ડિસ્કલોઝર્સ માળખું ૧૫, માર્ચ સુધીમાં જાહેર કરવાના કરેલા નિર્ણય બાદ પેનીક સેલિંગ વધ્યું છે.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) દ્વારા પેમેન્ટ બેંક પર બિઝનેસ પ્રતિબંધ લાદવામાં આવ્યા બાદ Paytm પાર્ટનર બેંકની શોધમાં હતી

# paytm એ શોધ્યો નવો પાર્ટનર, યુઝર્સને રાહત, બેન્કને મળશે કરોડો નવા ગ્રાહક

અમદાવાદ, મુંબઈ | સંકટમાં ફસાયેલી ફિનટેક કંપની Paytm એ આખરે 15 માર્ચની સમયમર્યાદા પહેલા તેના નવા પાર્ટનરને શોધી કાઢ્યો છે. Paytm ની મૂળ કંપની One97 Communications એ દેશની સૌથી મોટી બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) સાથે હાથ મિલાવ્યા છે.

અત્યાર સુધી, Paytm નો UPI બિઝનેસ તેની પેટાકંપની Paytm પેમેન્ટ્સ બેંક પર નિર્ભર હતો. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) દ્વારા પેમેન્ટ બેંક પર બિઝનેસ પ્રતિબંધ લાદવામાં આવ્યા બાદ Paytm પાર્ટનર બેંકની શોધમાં હતી. હવે Paytm SBI સાથે મળીને થર્ડ પાર્ટી એપ પ્રોવાઈડર (TPAP) બની શકશે.

અહેવાલ અનુસાર, અગાઉ Paytm એ TPAP ભાગીદારી માટે એક્સિસ બેંક, યસ બેંક અને HDFC બેંક સાથે હાથ મિલાવ્યા હતા. એક દિવસ પહેલા જાહેર કરાયેલા અહેવાલમાં, આ જ બેંકો Paytm સાથે જોડાણ કરવામાં સૌથી આગળ હોવાનું કહેવાતું હતું. ગત મહિને વન 97 કોમ્યુનિકેશન્સ (ઓસીએલ) એ તેનું નોડલ અથવા એસ્ક્રો એકાઉન્ટ એક્સિસ બેંકને સોંપ્યું હતું.




કંપનીએ BSEને પણ આ માહિતી આપી હતી. તેની મદદથી, Paytm દ્વારા ડિજિટલ પેમેન્ટ સ્વીકારનારા વેપારીઓ 15 માર્ચની અંતિમ તારીખ પછી પણ કામ કરી શકશે.

એવી અપેક્ષા છે કે નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) પણ 15 માર્ચ સુધીમાં Paytmને TPAP લાઈસન્સ આપશે. આ લાઈસન્સ મળ્યા બાદ ગ્રાહકો સરળતાથી Paytm UPI નો ઉપયોગ કરી શકશે. Paytm પેમેન્ટ્સ બેંકે 15 માર્ચ પછી તેની કામગીરી બંધ કરવી પડશે.

## ACESOએ રિસર્ચ એન્ડ સ્ટ્રેટેજીક એક્વિઝિશન હેડ તરીકે રણજિત કુલકર્ણીની જાહેરાત કરી

મુંબઇ | લાઈફ ઈન્સ્યોરન્સ ક્ષેત્રમાં ક્રાંતિ લાવનાર અગ્રણી માર્કેટ મેકર કંપની ACESOએ તેના નવા રિસર્ચ એન્ડ સ્ટ્રેટેજીક એક્વિઝિશન હેડ તરીકે રણજિત કુલકર્ણીની જાહેરાત કરી છે. લાઈફ ઈન્સ્યોરન્સ ઈન્ડસ્ટ્રીમાં 35 વર્ષથી વધુ અનુભવ ધરાવતા રણજિત તેમની નવી ભૂમિકામાં બેજોડ કુશળતા અને માર્ગદર્શન પ્રદાન કરશે. ACESO પોલીસીધારકોને નવીન અને મહત્તમ ઉકેલો પ્રદાન કરી રહ્યું છે ત્યારે રણજિતની નિમણૂંક કંપનીની વ્યૂહાત્મક વૃદ્ધિ માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન છે. ઈન્સ્યોરન્સ ક્ષેત્રે તેમનું વિશાળ નેટવર્ક સુનિશ્ચિત કરશે કે ACESO ઈન્ડસ્ટ્રીના ટ્રેન્ડ્સ અને વિકાસમાં હંમેશા અગ્રેસર રહે. તેઓ નવી ભૂમિકામાં ACESOની ટીમને C2B પ્લેટફોર્મનો લાભ લેવામાં સક્ષમ કરશે, જે એલઆઈસી પોલીસીધારકો માટે વિશેષ પ્રકારે ડિઝાઈન કરાયું છે. તે એએલઆઈપી - એસાઈનમેન્ટ ઓફ લાઈફ ઈન્સ્યોરન્સ પોલીસી તરીકે ઓળખાય છે.

શેરોમાં કોઈ 'ગેરંટી' હોતી નથી :સેબી, RBI, ઈડીના એકશને નિરંકુશ તેજીનું પતન...

# અત્ર, તત્ર, સર્વત્ર શેરોમાં ગાબડાં સ્મોલ, મિડ કેપ શેરોમાં ભયાવહ મંદી

મુંબઈ | લોકસભા ચૂંટણીની તૈયારી વચ્ચે છેલ્લા ૧૦ વર્ષની શેરોમાં નિરંકુશ તેજીનું આજે પતન થતું જોવાયું હતું. અહીં કામચી તેજીની કોઈ 'ગેરંટી' હોતી નથી, કે ચાલતી નથી. નિરંકુશ તેજીને અંકુશમાં લેવા જતાં સેબી અને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા, એન્ફોર્સમેન્ટ ડિરેકટોરેટના આકરાં પગલાંઓએ આજે એક દિવસમાં જ શેરોમાં રોકાણકારોની સંપતિ રૂ.૧૩ લાખ કરોડ જેટલી ખાખ કરી મૂકી છે. શેરોમાં અત્ર, તત્ર, સર્વત્ર ગાબડાં પડવા સાથે ભયાવહ મંદીનો બિહામણો માહોલ ઊભો થઈ ગયો હતો. અનેક રોકાણકારોના રોકાણ પોર્ટફોલિયો હતા, ન હતા જેવા થઈ જતાં ઘણાં ઈન્વેસ્ટરો ડિપ્રેશનમાં સરી પડયા હતા. એવામાં અમેરિકામાં ફુગાવાનો આંક વધીને આવતાં વ્યાજ દરમાં ઘટાડાની શકયતા વિલંબમાં પડતાં અને વધવાની વાતો થવા લાગતાં તેની અસરે ફંડોએ શેરોમાં મોટું હેમરીંગ કર્યું હતું. નિફટી ૫૦ સ્પોટ ઈન્ડેક્સે આજે ૨૨૦૦૦ની સપાટી ગુમાવી હતી. જ્યારે સેન્સેક્સ ઈન્ટ્રા-ડે ૧૨૦૦ પોઈન્ટ જેટલો તૂટી ગયા બાદ અંતે ૯૦૬.૦૭ પોઈન્ટ ગબડીને ૭૨૭૬૧.૮૯ બંધ રહ્યો હતો. નિફટી ૫૦ સ્પોટ અંતે ૩૩૮



પોઈન્ટ ખાબકીને ૨૧૯૯૭.૭૦ બંધ રહ્યો હતો. પાછલા દિવસોમાં પાવર શેરોમાં જોવાયેલી અસાધારણ મોટી તેજીના વળતાં પાણી થઈ આજે મોટા ગાબડાં પડયા હતા. પાવર શેરોમાં એનએચપીસી રૂ.૮.૪૪ તૂટીને રૂ.૭૮.૨૦, જેએસડબલ્યુ એનર્જી રૂ.૪૭.૪૫ તૂટીને રૂ.૪૬૧.૪૫, અદાણી ગ્રીન એનર્જી રૂ.૧૭૨.૨૦ તૂટીને રૂ.૧૭૨૬.૫૫, ભેલ રૂ.૧૮.૬૫ તૂટીને રૂ.૨૨૫.૪૦, પાવર ગ્રીડ કોર્પ રૂ.૨૦.૭૫ તૂટીને રૂ.૨૬૪.૩૦, એનટીપીસી રૂ.૨૩ તૂટીને રૂ.૩૨૧.૮૫, ટાટા પાવર રૂ.૨૪.૨૫ તૂટીને રૂ.૩૭૧.૭૫, સુઝલોન રૂ.૧.૯૬ તૂટીને રૂ.૩૭.૩૫, અદાણી પાવર રૂ.૨૭.૭૫ તૂટીને રૂ.૫૨૮.૧૦, સિમેન્સ રૂ.૧૩૪.૩૦ તૂટીને રૂ.૪૬૪૯.૧૦, એબીબી રૂ.૧૨૩ તૂટીને રૂ.૫૫૯૧.૭૫ રહ્યા હતા. બીએસઈ પાવર ઈન્ડેક્સ ૪૨૨.૭૭ પોઈન્ટ એટલે કે ૬.૩૫ ટકા તૂટીને ૬૨૩૬.૭૫ બંધ રહ્યો હતો.

મેટલ-માઈનીંગ ક્ષેત્રે ફરી ચાઈનાની હાલત કફોડી બની રહ્યાના અને મોટી કંપનીઓ ડિફોલ્ટ બની રહી હોવાના સમાચાર વચ્ચે આજે મેટલ શેરોમાં ગાબડાં પડયા હતા. સેઈલ રૂ.૧૧ તૂટીને રૂ.૧૧૮.૮૦, એનએમડીસી રૂ.૧૮.૪૦ તૂટીને રૂ.૨૦૫.૦૫, કોલ ઈન્ડિયા રૂ.૩૨.૧૦ તૂટીને રૂ.૪૧૬.૯૦, વેદાન્તા રૂ.૧૮.૪૫ તૂટીને રૂ.૨૫૧.૮૫, એપીએલ અપોલો રૂ.૧૦૩.૯૫ તૂટીને રૂ.૧૪૯૦.૪૦, ટાટા સ્ટીલ રૂ.૮.૯૫ ઘટીને રૂ.૧૪૩.૫૦, જિન્દાલ સ્ટીલ રૂ.૪૨.૭૫ તૂટીને રૂ.૭૬૪.૪૦, હિન્દાલ્કો રૂ.૨૨.૫૦ તૂટીને રૂ.૫૦૬.૧૫, જેએસડબલ્યુ સ્ટીલ રૂ.૨૫.૧૫ તૂટીને રૂ.૭૯૨.૦૫ રહ્યા હતા. બીએસઈ મેટલ ઈન્ડેક્સ ૧૬૦૭.૩૧ પોઈન્ટ એટલે કે ૫.૭૫ ટકા તૂટીને ૨૬૩૫૦.૭૧ બંધ રહ્યો હતો.

# અદાણી ગ્રીન એનર્જીએ ગુજરાતમાં 300 મેગાવોટનો વીન્ડ પાવર પ્રોજેક્ટ સંપૂર્ણપણે કાર્યાન્વિત કર્યો

અમદાવાદ | ભારતની સૌથી વિરાટ અને વિશ્વની અગ્રણી રિન્યુએબલ એનર્જી કંપનીઓ પૈકની એક અદાણી ગ્રીન એનર્જી લિ.(AGEL) એ ગુજરાતમાં 126 મેગાવોટની પવન ઉર્જા ક્ષમતા કાર્યરત કરવા સાથે 300 મેગાવોટના પવન ઉર્જાના આ પ્રકલ્પને સંપૂર્ણપણે સંપ્પન કર્યો છે. આ અગાઉ 174 મેગાવોટ વીજ ઉત્પાદન કાર્યરત કરવામાં આવ્યું હતું. 300 મેગાવોટનના આ પવન ઉર્જા પ્રકલ્પ 1,091 મિલિયન વીજળી યુનિટનું ઉત્પાદન કરશે, જે વાર્ષિક અંદાજે 0.8 મિલિયન ટન કાર્બનના ઉત્સર્જનને ટાળશે. આ પ્રકલ્પના સંપૂર્ણ કાર્યાન્વયન સાથે અદાણી ગ્રીન એનર્જી લિ.(AGEL) એ રિન્યએબલ એનર્જીના બજારમાં તેના અધિપત્યને મજબૂત તાકતવર બનાવ્યું છે, જે 9,604 મેગાવોટના ભારતના સૌથી મોટા રિન્યુએબલ એનર્જી પોર્ટફોલિયોનું સંચાલન કરે છે. ક્લાઉડ આધારિત એનર્જી નેટવર્ક ઓપરેશન્સ સેન્ટર (ENOC) પ્લેટફોર્મ, દ્વારા તેની કાર્યરત અસ્ક્યામતોની સારસંભાળ રાખવામાં આવે છે, જે રીઅલ-ટાઈમ મોનિટરિંગને સક્ષમ કરવા સાથે ઉદ્યોગ દોરવણીની કામગીરી માટે એનાલિટિક્સ અને મશીન લર્નિંગ સેટિંગ બેન્ચમાર્કનો લાભ ઉઠાવે છે. ગ્રીડના સંતુલન માટે ભારતના ઉર્જા મિશ્રણ માટે પવન ઉર્જા મહત્વપૂર્ણ છે. પવન ઊર્જાની પૂરક પ્રકૃતિ, સૌર અને અન્ય સ્ત્રોતો સાથે સંકલિત ગ્રીડની સ્થિરતાને મજબૂતી બક્ષે છે. નવા રિન્યુએબલ એનર્જી મંત્રાલયના જણાવ્યા અનુસાર ભારત વિશ્વમાં ચોથા સ્થાને સૌથી વધુ પવન સ્થાપિત કરવાની ક્ષમતા ધરાવે છે. નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ વિન્ડ એનર્જીએ ભારતની 120 મીટરની ઊંચાઈએ 695.5 અને જમીનની સપાટીથી 150 મીટરની ઊંચાઈએ 1163.9 ગીગાવોટની કુલ પવન શક્તિનો અંદાજ લગાવ્યો છે.

# બીએટીએ આઇટીસીના 43.68 કરોડ શેરો રૂ. 17,485 કરોડમાં વેચ્યા

નવી દિલ્હી | બ્રિટિશ મલ્ટીનેશનલ કંપની બીએટી(બ્રિટિશ અમેરિકન ટોબેકો) કંપનીએ આજે આઈટીસી લિમિટેડમાં પોતાનો ૩.૫ ટકા હીસ્સો રૂ. ૧૭,૪૮૫ કરોડમાં ખુલ્લા બજારમાં વેચી નાખ્યો હતો. ૩.૫ ટકા હિસ્સો વેચી નાખ્યા પછી આઈટીસીમાં બીએટી પીએલસીનો હિસ્સો ઘટીને ૨૫.૫ ટકા થઈ ગયો છે.

સિંગાપોર સરકાર, મોનેટરી ઓથોરિટી ઓફ સિંગાપોર, લોકહીડ માર્ટીન કોર્પોરેશન, ગોલ્ડમેન સાક્સ (સિંગાપોર), કોપથેલ મોરેશિયસ ઈન્વેસ્ટમેન્ટ, બીઓએફએ સિક્યુરિટીસ યુરોપ એસએ, સોસિએટ જનરલ, મોર્ગન સ્ટેન્લી એશિયા, સિંગાપોર પીટીઈ અને ધિસેલો માસ્ટર ફંડ એલપીએના આઈટીસીના શેરો ખરીદ્યા છે. બીએટીએ ૪૮ ટ્રાન્ઝેકશનમાં આઈટીસીના ૪૩.૬૮ કરોડ શેરો વેચ્યા છે. આ વેચાણ સરેરાશ ૪૦૦.૨૫ રૂપિયાના ભાવે કરવામાં આવ્યો છે. એટલે કે બીએટીએ વેચેલા આઈટીસીના શેરોનું કુલ મૂલ્ય ૧૭,૪૮૭.૯૭ કરોડ રૂપિયા થાય છે.

ભારતમાંથી પણ આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ મ્યુચઅલ ફંડ, મોતીલાલ ઓસવાલ મ્યુચઅલ ફંડ, નિપ્પોન ઈન્ડિયા મ્યુચઅલ ફંડ, એસબીઆઈ મ્યુચઅલ ફંડ, મેક્સ લાઈફ ઈન્સ્યુરન્સ કંપની, આઈએએમફ, કેપિટલ ગ્રુપ, કુવૈત ઈન્વેસ્ટમેન્ટ ઓથોરિટી, પીપલ્સ બેંક ઓફ ચાઈના, ઈન્ટરનેશનલ બેંક ફોર રિકન્ટ્રકશન એને ડેવલોપમેન્ટે પણ આઈટીસીના શેરો ખરીદ્યા છે. આજે આઈટીસીનો શેર ૪.૪૯ ટકા વધીને ૪૨૨.૪૦ રૂપિયાની સપાટીએ બંધ રહ્યો હતો.

# શેરબજાર તૂટ્યું, ઉદ્યોગપતિઓની નેટવર્થ ધોવાઇ, અદાણી- અંબાણીને કેટલી અસર થઇ!





મુંબઈ | શેરબજારના રોકાણકારો અને દેશની મોટી કંપનીઓના માલિકો માટે બુધવારનો દિવસ ખરાબ સાબિત થયો. વિશ્વના અગ્રણી ઉદ્યોગપતિઓમાં સામેલ અંબાણી અને અદાણીની કમાણી પર પણ શેરબજાર તૂટવાથી અસર થઈ છે અને તેમને ભારે નુકસાન સહન કરવું પડ્યું છે. ચાલો તમને જણાવીએ કે એક જ દિવસમાં બંનેની નેટવર્થ કેટલી ઘટી.

શેરબજારમાં જોરદાર ઘટાડો જોવા મળી રહ્યો છે. તેના કારણે રોકાણકારોને 14 લાખ કરોડ રૂપિયાનું મોટું નુકસાન થયું છે. ઘટાડાને કારણે માત્ર રોકાણકારો જ નહીં પરંતુ મોટી કંપનીઓના માલિકોની પણ સંપત્તિમાં ભારે ઘટાડો જોવા મળ્યો છે. વિશ્વના અગ્રણી ઉદ્યોગપતિઓમાં સ્થાન ધરાવતા અંબાણી અને અદાણીની કમાણી પર પણ શેરબજાર તૂટવાથી અસર થઈ છે. એક તરફ અદાણી ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણીને રૂ. 66,000 કરોડથી વધુનું નુકસાન થયું હતું અને તેઓ 100 અબજ ડોલરની ક્લબમાંથી બહાર હતા, તો બીજી તરફ દેશની સૌથી મૂલ્યવાન કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીને પણ રૂ. 36,000નું નુકસાન થયું હતું. કરોડનું નુકસાન થયું છે. ચાલો તમને જણાવીએ કે એક જ દિવસમાં બંનેની નેટવર્થ કેટલી ઘટી.

ભારતીય શેરબજારમાં રોકાણકારો માટે બુધવારનો દિવસ ખરાબ સાબિત થયો હતો. ટ્રેડિંગ દરમિયાન સેન્સેક્સમાં 1046 પોઈન્ટનો ઘટાડો થયો હતો, જ્યારે નિફ્ટીમાં 388 પોઈન્ટનો ઘટાડો થયો હતો. જો કે, શેરબજારમાં ટ્રેડિંગની છેલ્લી મિનિટોમાં બજારમાં થોડી રિકવરી જોવા મળી હતી, પરંતુ તેમ છતાં સેન્સેક્સ 906.07 પોઈન્ટ ઘટીને 72,761.89ના સ્તરે બંધ થયો હતો, જ્યારે નિફ્ટી 338 પોઈન્ટ ઘટીને 338 પોઈન્ટના સ્તરે બંધ થયો હતો. 21,997.70 નું સ્તર. આ ઘટાડા વચ્ચે શેરબજારના રોકાણકારોને લગભગ 14 લાખ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે.

## તંત્રીની કલમે...

**વિક્રમ સંવત 2080, ફાગણ સુદ-06**

# અતાર્કિક વિરોધ

એ નક્કી જ હતું કે સીએએના નિયમો લાગુ કરવા સંબંધી અધિસૂચના જે દિવસે જારી થશે ત્યારે તેને લઈને ફરી એક વખત રાજકીય પેંતરાબાજી જોવા મળશે જ. એવામાં પશ્ચિમ બંગાળ અને કેરળ બાદ હવે તમિલનાડુના મુખ્યમંત્રી સ્ટાલિને પણ વિરોધના સૂર વ્યક્ત કર્યા છે. સીએએને બંધારણની સંરચના વિરુદ્ધ ગણાવતાં તેમણે એલાન કર્યું છે કે તેઓ તેને તમિલનાડુમાં લાગુ નહીં થવા દે. મુશ્કેલી એ છે કે જે બંધારણની દુહાઈ આપતાં આ મુખ્યમંત્રીઓ સીએએ કાયદાને પોતપોતાનાં રાજ્યોમાં લાગુ નહિ થવા દેવાની વાત કહી રહ્યા છે, તે જ એમને એવું કરવાનો અધિકાર નથી આપતું! આપણા બંધારણ નિર્માતાઓએ સંઘીય માળખાનાનું પ્રારૂપ નક્કી કરતી વખતે એવી સંભવિત હાલત પર ઘણી ચર્ચા-વિચારણા બાદ અધિકારોની સ્પષ્ટ વહેંચણી કરી હતી અને તેની ત્રણ વિષય સૂચિ બનાવી હતી - કેન્દ્રીય સૂચિ, રાજ્ય સૂચિ અને સમવર્તી સૂચિ. નાગરિકતા કેન્દ્રીય સૂચિનો વિષય છે. તેની સાથે જોડાયેલા કાયદાને રાજ્ય સરકારો નકારી ન શકે. અલબત્ત અસહમતિની સ્થિતિમાં તે સુપ્રીમ કોર્ટમાં જઈ શકે છે. પણ સુપ્રીમ કોર્ટ વળી બંધારણની સંરક્ષક છે! એવું નથી કે આ મુખ્યમંત્રીઓ આ હકીકત નથી જાણતા અથવા તો સીએએ સંબંધિ અધિસૂચના અચાનક તેમની સામે આવી પડી હોય. ગૃહમંત્રી અમિત શાહ પહેલાં કેટલીય વાર કહી ચૂક્યા હતા કે લોકસભા ચૂંટણી પહેલાં તેને લાગુ કરી દેવામાં આવશે. આ અધિસૂચના જારી કરવાના સમયના રાજકીય નિહિતાર્થ હોઈ શકે છે, પરંતુ તેનો મુકાલબો પણ આ મુખ્યમંત્રીઓએ રાજકીય રૂપે જ કરવો જોઈએ. પરંતુ તેના વિરોધમાં એમ કહેવું કે તેઓ આ કાયદાને પોતાને ત્યાં લાગુ નહીં થવા દે, તે બંધારણીય શપથનું ધરાર ઉલ્લંઘન છે. જ્યારે કેરળ સરકારે ખુદ બંધારણના અનુચ્છેદ-૧૩૧ અંતર્ગત આ કાયદાને સુપ્રીમ કોર્ટમાં પડકાર ફેંક્યો છે, બલ્કે આ સંદર્ભમાં સો કરતાં વધારે અરજીઓ દાખલ છે અને કેન્દ્રએ પણ અદાલતમાં દાખલ પોતાના સોગંદનામામાં કહી રાખ્યું છે કે આ કાયદો કોઈપણ ભારતીય નાગરિકની નાગરિકતાને પ્રભાવિત નથી કરતો, તો પછી બંધારણીય પદ પર બેઠેલા સ્ટાલિન જેવા લોકોએ સુપ્રીમ કોર્ટ ઉપર ભરોસો રાખવો જોઈએ. અદાલતનો નિર્ણય તેની કાયદેસર સ્થિતિ નક્કી કરી દેશે. અસલમાં હાલનાં વર્ષોમાં કેન્દ્ર અને રાજ્યોમાં સત્તારૂઢ રાજનેતાઓની રાજકીય પ્રતિદ્વંદ્વિતા જે રીતે શાસકીય ટકરાવમાં તબદીલ થતી ગઈ છે, તેનાથી નજીકના ભવિષ્યમાં દેશના સંઘીય માળખા આગળ ગંભીર પડકારો ઊભા થઈ શકે છે. એ ખાસ જોવા મળ્યું છે કે પ્રાદેશિક પક્ષોને રાષ્ટ્રીય હિતો સાથે કોઈ લેવાદેવા હોતી નથી. તેઓ માત્ર પોતાની સત્તા ટકાવી રાખવા માટે રાષ્ટ્રને ગમે તેવું નુક્સાન કરવામાં ખચકાતા નથી. તપાસ એજન્સીઓ સાથે રાજ્ય સરકારોના ટકરાવનાં પણ કેટલાંય ઉદાહરણ આપણે જોયાં છે. મુખ્યમંત્રીઓએ કોઈપણ સંવેદનશીલ મુદ્દા પર રાજકારણ રમતાં પહેલાં હંમેશાં યાદ રાખવું જોઈએ કે કોઈ પ્રકારના ધાર્મિક-જાતીય ધ્રુવીકરણથી તેમના રાજ્યના સામાજિક તાણાવાણાને ગંભીર આઘાત પહોંચી શકે છે.

# જાફરાબાદ પોલીસ દ્વારા IACL કંપનીની પર્યાવરણ લોકસુનાવણીમાં ખોટી રીતે બળપ્રયોગ કરવા તેમજ અસરગ્રસ્ત લોકોની અટકાયત કરવા સામે ફરિયાદ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

કોપર પ્લાન્ટ હટાવો સમિતિના નેજા હેઠળ મેસર્સ ઈન્ડો એશિયા કોપર લિમિટેડ- લોથપુર અને લુણસાપુર, તાલુકો : જાફરાબાદ, જિ. અમરેલી. ખાતે સૂચિત 10 લાખ મેટ્રિક ટન પ્રતિ વર્ષ ના ગ્રીનફીલ્ડ ઈન્ટિગ્રેટેડ કોપર પ્લાન્ટ અને 16.5 લાખ મેટ્રિક ટન પ્રતિ વર્ષના ખાતર પ્લાન્ટની સ્થાપન માટે ના પ્રોજેક્ટનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. આજરોજ આ પ્રોજેક્ટની પર્યાવરણ લોકસુનાવણી યોજવામાં આવી હતી જેમા જિલ્લા કલેક્ટર સાહેબ અને જીપીસીબી ના પ્રાદેશિક અધિકારી ઉપસ્થિત રહયા હતા. લોકસુનાવણીમાં પોતાની રજૂઆતો નહીં સાંભળીને સ્થાનિકો સમિતિના સભ્યો સહિત રાજુલા અને જાફરાબાદ તાલુકાના ખેડૂત આગેવાનો તેમજ લોકોની લોક સુનવણીના સ્થળ પરથી ધરપકડ કરી તેમને ગેરકાયદેસર રીતે ડિટેન કરી જાફરાબાદ પોલીસ સ્ટેશનમાં લઈ જવામાં આવ્યા હતા. સ્થાનિક અસરગ્રસ્ત લોકો, રહીશો, પશુપાલકો અને ખેડૂતોએ પોતાની માંગણીઓ કે વાંધા રજૂ કરવા માટે કોઈ સમય આપવામાં આવ્યો નથી અને જનતાનો અવાજ દાબી દેવાનું કામ જિલ્લા કલેકટર સાહેબની હાજરીમાં પોલીસ વિભાગે કરેલ છે. અને બંધારણ માં આપેલ અધિકાર આર્ટિકલ ૧૯ વાણી સ્વાતંત્રતા યાને વિચારો રજૂ કરવાની આઝાદી યાને રાઈટ તો સ્પીચ યાને અભિવ્યક્તિ ની આઝાદી નો અધિકાર આપેલ છે. પરંતુ આ લોક સુનાવણી માં પોલીસ દ્વારા ૧૧ વ્યક્તિ ઓને પોલીસ દ્વારા લઈ ગઈ તેમ કોઈ વ્યક્તિ ને આ લોક સુનાવણી માં બોલવા દેવામાં આવેલ નથી આ પ્રોજેક્ટ માંથી નીકળતા પ્રદૂષણ લીધે આ વિસ્તારમાં ખેડૂતોના આંબાના બાગો પર તેમજ ખેતીના પાક પર વિપરીત અસરો થાય એમ છે. કંપનીએ હજી જમીન મેળવેલ નથી. ઈઆઈએ રિપોર્ટમાં ઘણી માહિતી હકીકતથી વિપરીત છે અને માહિતી છુપાવી દેવામાં આવી છે. આ પ્રોજેક્ટની ટેકનોલોજી વિષે કોઈ ખુલાસો કરેલ નથી. કંપની માટે રોજના 3 કરોડ 32 લાખ લિટર પાણીની જરૂરિયાત સામે કોઈ વ્યવસ્થા નથી. પ્રતિ વર્ષ 23 લાખ ટન સલફયુરીક એસિડ અને 6.75 લાખ ટન ફોસ્ફોરીક એસિડ પ્લાન્ટમાં બનશે જેમાંથી ભારે વાયુ પ્રદૂષણ થાય એમ છે. બેનઝીન, વિઓસી, બેનઝો પાયરીન, હાઈડ્રોકાર્બન સંલગ્ન સંયોજનો પણ કોપર પ્લાન્ટમાંથી ઉત્સર્જિત થવાના છે આ કોપર સ્મેલ્ટીંગ પ્લાન્ટમાંથી કોપર બનાવવા દરમિયાન બચતા કચરામાં લેડ, આર્સેનિક, ક્રોમિયમ, કોબાલ્ટ, ઝીંક, નિકલ, યુરેનિયમ જેવી રેડિયોએક્ટિવ ધાતુઓ પણ કચરા સાથે નીકળે છે પ્રોજેક્ટમાંથી નીકળનાર ભારે પ્રદૂષણની અસરથી સમગ્ર વિસ્તારમાં માનવ સ્વાસ્થ્ય સાથે જીવ સૃષ્ટિને પણ મોટું નુકશાન થવાનું છે ત્યારે સ્થાનિકો લોકોનો અવાજ બંધ કરી દેવાનું કામ ગુજરાત સરકાર પોલીસ વિભાગ અને વહીવટી તંત્ર સાથે કંપનીના સંચાલકોએ કરેલ છે. જેથી કોપર પ્લાન્ટ હટાવો સમિતિ આ ઘટના અને ગેર કાયદેસર રીતે પોલીસનો પર્યાવરણીય લોક સુનાવણીમાં હસ્તક્ષેપ વખોડી કાઢે છે અને આપ સાહેબ સમક્ષ માંગ કરે છે કે સ્થાનિક અસરગ્રસ્ત લોકોને રજૂઆતો કરવાથી અટકાવી દેવાયા હોવાથી અને પોલીસે ગેરકાયદેસર રીતે બળજબરી કરી ડિટેન કરેલ હોવાથી આ લોક સુનાવણી રદ બાતલ જાહેર કરવામાં આવે અને ફરીથી આ લોક સુનાવણી લોકોની સાચી રજૂઆત સાંભળવા યોજવામાં આવે. પોલીસ વિભાગ દ્વારા લોકો ની સુનાવણી માં હસ્તક્ષેપ કરવાની તપાસ હાથ ધરવા માંગ છે. અને પોલીસ ઈન્સ્પેક્ટર અને પોલીસ ના માણસો વિરુધ્ધ અમારી ફરિયાદ દખલ કરવામાં આવે. જાફરાબાદ અને રાજુલા વિસ્તારના લોકોની માંગ છે કે આ ભારે પ્રદૂષિત કોપર પ્લાન્ટ અહી મંજૂર ન કરવામાં આવે અને લોકોને પોતાની રોજીરોટી રળી લેતા અટકવવામાં ન આવે. સમગ્ર વિસ્તાર જીવ સૃષ્ટિ માટે અગત્યનો હોય અને અહી જૈવ વિવિધતા ભારે માત્રામાં હોય આ વિસ્તારને રક્ષણ આપવા માટે કાર્યવાહી કરવા માંગ કરવામાં આવી કાર્યવાહીની અપેક્ષાએ નકલ રવાના : મુખ્યમંત્રી કાર્યાલય, અગ્ર સચિવ વન અને પર્યાવરણ, અધિક મુખ્ય સચિવ ગૃહ વિભાગ, ડીજીપી ગુજરાત, એસપી અમરેલી, પીઆઈ જાફરાબાદ નિયામક પર્યાવરણ, અધ્યક્ષ અને સભ્ય સચિવ જીપીસીબી, જિલ્લા કલેક્ટર અમરેલી. ભાવનગર તમામ અધિકારીઓ ને ઈમેલ તથા લેખિત ફરિયાદ કરવામાં આવી.

# ખાંભાની ઐતિહાસિક ધરોહર સમાન ઈમારતો જાળવણીના અભાવે ખંઢેર હાલતમાં પરિણમી

## ખંઢેર થઇ ગયેલી મહારાજા સિયાજીરાવ ગાયકવાડે બનાવેલી ઈમારતો

કિશોર આર. સોલંકી | જાફરાબાદ



મહારાજા સિયાજીરાવ ગાયકવાડની વડોદરા રાજ્ય ના શાસનને 25 વર્ષ પુરા થતા ઉજવાયેલ જ્યુબીલી વર્ષની ઉજવણી અવશરે વડોદરા રાજ્યના તમામ મહાલ(તાલુકા) સેન્ટરોમાં ઉજવણીના ભાગરૂપે જ્યુબીલી ધર્મશાળા,પુસ્તકાલય,પોલીસ સ્ટેશન, મહાલ કચેરી, દવાખાના બનાવી પ્રજા વાત્સલ્ય મહારાજાએ પોતાના રાજ્યના લોકોને જ્ઞાન,ઉતારો, પોલીસ રક્ષણ અને આરોગ્યની સુવિધા પૂરી પાડવાના ઉમદા આશયથી પ્રજાને ભેટ આપેલ જે ઐતિહાસિક ધરોહરો ને 105 વર્ષ જેવો સમય વિતતા અનેક વાવાઝોડા - ભૂકંપ જેવી કાળની થપાટો સહન કરી આજે પણ અડીખમ ઊભી છે આઝાદી બાદની અને રાજ્ય સરકારો દ્વારા આ એતિહાસિક ધરોહરોની કાળજી - જાળવણી ન કરવાના કારણે રાજુલા પથ્થર - સાગ - સિસમ - સાઝડ ના લાકડા - ચૂનો રેતી પીસીને બનાવેલ બે બે માળની તત્કાલીન સમયે અને આજે પણ આધુનિક સુવિધા વાળી કંડારેલ ઈમારતોની પૂરતી કાળજી ન લેવાના કારણે ઐતિહાસિક ધરોહરો જેવી ઈમારતો ખંઢેર હાલતમાં જોવા મળે છે

જ્યુબીલી ધર્મશાળા અને જ્યુબીલી લાઈબ્રેરી તો સાવ ખંઢેર હાલત થતા કોઈ ઉપયોગી ન રહેતા ગેરકાયદે દબાણ કરનારાઓને મોકળું મેદાન મળતા ગેરકાયદે પાકી દુકાનો નો ખડકલો ખડકાઈ જતા ઐતિહાસિક ઈમારતો ફરતે થયેલા દબાણો માં ઈમારતો દેખાતી પણ નથી. જિલ્લાના જવાબદાર વિભાગો દ્વારા ઐતિહાસિક ધરોહરોનો ઉદ્ધાર કરાય તેમ લોકો ઈચ્છી રહ્યા છે.

# છતડીયા ગામે આગ બેકાબૂ બનતા ફાયર વિભાગે આગ કાબૂમાં લીધી

કિશોર આર. સોલંકી | જાફરાબાદ



રાજુલા પાસે આવેલ છતડીયા ગામે આવેલ ખડેશ્વરી બાપુના આશ્રમની પાછળના ભાગે આગ લાગી આ આગ લાગવાના સમાચાર મળતા ગામ લોકો એકત્રિત થઈ ગયેલા જેમાં મહાવીરભાઈ વાળા રાજદીપ ભાઈ હકુભાઈ બાબુભાઈ લખુભાઈ સહિતના લોકો એકત્રિત થઈ અને આજુબાજુ માંથી પાણી લઈને આગ બુજાવવાનો પ્રયત્ન કરેલો પરંતુ આગ બેકાબૂ બનતી હોવાથી આ બાબતે તાત્કાલિક રાજુલા પોલીસ તેમજ રાજુલા ફાયર વિભાગનો સંપર્ક કરેલો રાજુલા પોલીસને જાણ કરતા રાજુલાના પી.આઈ ગીડા દ્વારા તાત્કાલિક પોલીસ સ્ટાફને દોડાવવામાં આવેલ અને ફાયર ને જાણ કરવામાં આવેલ સમગ્ર ગામ લોકો પોલીસ સ્ટાફ તેમજ ફાયર સમયસર આવી પહોંચતા આગને કાબૂ માં લેવામાં સફળતા મળેલ જો આ આગ કાબુમાં ન આવી હોત તો બાજુમાં આવેલા લાખો રૂપિયાના ઘઉંનો પાક બળીને ખાખ થઈ જાત ત્યારે ગામ લોકો તેમજ પોલીસની મહેનત રંગ લાવી.

# ગીતાબેન રાઠવાના હસ્તે નવનિર્મિત તિલકવાડા પંચાયત ભવનનું લોકાર્પણ

ભરત શાહ દ્વારા | રાજપીપળા



છોટાઉદેપુર સાંસદ ગીતાબેન રાઠવાએ તિલકવાડા ખાતે અંદાજિત રૂ.૨ કરોડથી વધુના ખર્ચે સાકાર થયેલા તિલકવાડા પંચાયતના નવનિર્મિત ભવનનું લોકાર્પણ કરતા જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પ્રજાજનોના વિકાસ માટે, પ્રજાના પ્રશ્નોને વાચા આપવા તેમજ છેવાડાના માનવી સુધી કેન્દ્ર અને રાજ્ય સરકારની લોકકલ્યાણકારી યોજનાઓનો લાભ પહોંચાડવા માટે સતત ચિંતા કરી છે.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ ભીમસિંહ તડવી અને નાંદોદના ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખે પણ નાગરિકોને પ્રાથમિક સુવિધાઓ, લોકકલ્યાણકારી યોજનાઓનો લાભ અને વિકાસના કાર્યોને અવિરત પણે આગળ ધપાવવા અનુરોધ કર્યો હતો.

સાંસદ રાઠવાએ સૌ મહાનુભાવોની ઉપસ્થિતિમાં તિલકવાડા પંચાયત ભવનની તકતીનું અનાવરણ કરીને તેમજ રીબીન કાપીને નવનિર્મિત ભવનનું લોકાર્પણ કર્યું હતું. આ તકે સાંસદ રાઠવાએ તિલકવાડા તાલુકા વિકાસ અધિકારી અતુલભાઈ રાઠવા અને તિલકવાડા તાલુકા પંચાયત પ્રમુખ શ્રી પ્રેમજી ભીલને તેમની ચેમ્બરમાં કાર્યારંભ કરાવી પ્રજાજનોને બહેતર સુવિધા ઉપલબ્ધ કરાવવાની શુભેચ્છા પાઠવી હતી.

આ પ્રસંગે જિલ્લાના અગ્રણીઓમાં વિક્રમભાઈ તડવી, જયેન્દ્રભાઈ પ્રજાપતિ,અનિરુદ્ધસિંહ ગોહિલ, જિલ્લા પંચાયતના સભ્ય શ્રદ્ધાબેન બારીયા, મમતાબેન તડવી, સીડબલ્યુસીના ચેરમેન ભાઈલાલભાઈ પરમાર સહિત તાલુકાના અગ્રણીઓ, પદાધિકારીઓ, પંચાયતના કર્મયોગીઓ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# નણંદના લગ્નમાં ભાભી ના પિતા નહિ દેખાતા પતિએ થપ્પડ મારી પત્નીને અપમાનિત કરતા અભયમ નર્મદા મદદરૂપ બન્યું

ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના એક ગામ માંથી મહિલાનો કોલ આવેલ તેણે જણાવેલ કે, મારા પતિએ મને બધાની વચ્ચે થપ્પડ મારી મને અપમાનિત કરેલ છે,મારે દોઢ મહિનાની પ્રેગનેન્શી હોવા છતાં તેમણે મને થપ્પડ મારી અને ધક્કો માર્યો અને મારા સાસુ સસરા એ પણ મને અપશબ્દ સંભળાવ્યા હતા. આ મહિલા જણાવે છે કે વાત આટલી જ હતી કે મેં જાણ ના કરી કે પિતાની તબિયત સારી નહી હોવાથી પિતાએ મારા કાકા કાકીને લગ્નમાં મોકલેલ,લગ્નમાં સમાજના લોકો મહિલાના પતિને સસરા વિશે પૂછતાં તેઓ નથી આવ્યા તેમ જણાતા.પતિ એ લગ્ન મડપમાં જ પોતાની પત્ની ઉપર હાથ ઉપાડેલ અને અપમાનિત કરેલ આ વાત મહિલાથી સહન ના થતાં પતિને સમજાવવા 181ની મદદ માગેલ.

ત્યારબાદ 181 ટીમ ઘટન સ્થળે પહોંચી કાઉન્સિલગ કરતા પતિએ જણાવેલ કે અમે પ્રેમથી આમંત્રણ આપ્યું હોવા છતાં મારા સસરા લગ્નમાં ના આવ્યા અને બીજા ને મોકલી આપ્યા સમાજના લોકો મને પૂછે છે તારા સસરા દેખાતા નથી મે પત્ની ને પૂછ્યું તો તેઓએ મારા પિતા નહિ આવે બીમાર છે તેમ જણાવેલ, તે ખોટું બોલતી જણાઈ તેથી મે તેની ઉપર હાથ ઉપાડેલ, તેથી 181 ટીમે મહિલાના પતિને સમજાવી કાયદાકીય સમજ આપેલ સસરાના આવી શક્યા નહિ હોય તેની પાછળ કોઈ કારણ હશે,તેમની તબિયત સારી ના હોય તેમાં પત્ની ઉપર હાથ ઉપાડી તેમના માન સન્માનને ઠેસ પોહચાડી છે, પત્નીની ઈજ્જત તમારી ઈજ્જત છે, તેથી મહિલાના પતિને પોતાની ભૂલ સમજાઈ અને પત્ની પાસે માફી માંગી ફરી વાર આવી ભૂલ ના થાય તેની ખાતરી આપતા મામલો થાળે પડ્યો હતો.આમ 181 રાજપીપળા એ મહિલાના પતિને સમજાવી પતિ પત્ની વચ્ચે સુલેહ કરાવી મહિલાને અપમાનિત થતાં અટકાવી સુખદ સમાધાન કરાવ્યું હતું.

# એડવોકેટ હારૂન પાલેજાની હત્યાની ઘટના મામલે નર્મદા બાર એસો.ના વકીલો કામથી અળગા રહ્યા

ભરત શાહ | રાજપીપળા



હાલમાં એક બાદ એક વકીલો પર થતા હુમલા અને હત્યા નું ઘટનાઓ થી ગુજરાત ના વકીલો માં ભારે રોષ છે ત્યારે જામનગર ખાતે હાલમાં વધુ એક વકીલ ની હત્યા ના મામલે નર્મદા બાર એસો.માં વકીલો એ રાજપીપળા કોર્ટ બહાર સૂત્રોચ્ચાર કરી વકીલો પોતાના કામ થી અળગા રહ્યા હતા.

જામનગરમાં એડવોકેટ હારૂન પાલેજા ની સરેઆમ હત્યાની બનેલી ઘટનાજામનગરમાં એડવોકેટ હારૂન પાલેજા ની સરેઆમ હત્યાની બનેલી ઘટનાને નર્મદા જીલ્લા બાર એસોસીયેશન સખત શબ્દોમાં વખોડી કાઢે છે. વકીલો ઉપર થતા હુમલા અને ઘાતકી હત્યાઓ એ ગંભીર બાબત છે આ અગાઉ પણ ઘણા આવા બનાવો બનેલ છે.એમ છંતા આ બાબતે કોઈ નકકર પગલાં ભરતા નથી એ પણ એક ગંભીર બાબત છે. વકીલો સમાજમાં ન્યાય માટે લડતા હોય અને ન્યાય સ્થાપીત કરવા માટે વકીલોનો હિસ્સો હોય છે તેવા સમયે વકીલ સાથે થતા અત્યાચાર અને અન્યાયથી રક્ષણ મેળવવા માટે વકીલોનો હકક હિતને રક્ષણ આપવા માટે એડવોકેટ પ્રોટેકશન એકટ લાવવો ઘણો જરૂરી છે. સ્વ.હારૂન પાલેજાના આત્માને ચીરશાંતી મળે અને તેઓના પરીવારને ન્યાય મળે તેવી પ્રાર્થના સહ નર્મદા જીલ્લા બાર એસોસીયેશન જામનગર બાર એસો. સાથે છે. અને તેઓના સમર્થનમાં આજરોજ નર્મદા જીલ્લા બાર એસોસીયેશનના વકીલો તમામ કામકાજથી અળગા રહ્યા હતા. 2018 ના વર્ષમાં પણ જામનગર ના જ જાણીતા ધારાશાસ્ત્રી કિરીટભાઈ જોષી ની સિવિલ કેસની અદાવત રાખી જામનગર ના રસ્તા પર જ ચાકુ મારી હત્યા કરવામાં આવી હતી. અને આ બીજી હત્યા ની ઘટના બનતા ગુજરાત ના વકીલો માં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

# ચાપટ ગામ પાસે ઇકો ગાડી કોતર માં ઉતારી ઝાડ સાથે અથડાતાં 4 મુસાફરો ને ઇજા,ચાલક સામે ગુનો દાખલ



પ્રતિકાત્મક તસવીર

ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લાના ગરુડેશ્વર તાલુકાના ચાપટ ગામ પાસે એક પૂરપાટ જતી ઈકો ગાડી ના ચાલકે પોતાની ગાડી કોતર માં ઉતારી ઝાડ સાથે અથડાતા અંદર બેઠેલા ચાર મુસાફરો ને ઈજાઓ થઈ હતી.

મળતી માહિતી અનુસાર ગણપતભાઈ ચંદુભાઈ વસાવા રહે, ધીરખાડી, ખાપર ફળીયુ તા.ગરૂડેશ્વર જી.નર્મદા નાઓ એ આપેલી ફરિયાદ મુજબ ઈક્કો ગાડી નં.GJ- 22- H-4406 ના ચાલકે ગાડી પુરઝડપે હંકારી લાવી સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી રોડ ઉપરથી જમણી સાઈડે કોતરમા ઉતારીને ઝાડ સાથે અથાડી અકસ્માત કરી પોતાની ઈક્કો ગાડીમાં બેસેલ (૧) મનસુખભાઈ માકતા ભાઈ વસાવા ને ડાબા ખભા ઉપર ફેક્ચર થયેલ તથા શરીરે ઓછી વત્તી ઈજાઓ થયેલ (૨) દિવાલભાઈ રૂપાભાઈ વસાવા નાઓને ડાબા હાથે તથા જમણા ખભા તથા ડાબા પગે ફ્રેક્ચર થયેલ (૩) ચંદુભાઈ મારગીયાભાઈ વસાવા નાઓને કપાળના ભાગે ઈજા થયેલ(૪)મોતીભાઈ ભાદરભાઈ વસાવા નાઓને માથાના ઉપરના ભાગે ઈજા થયેલ (૫) મહેન્દ્રભાઈ પુનીયાભાઈ વસાવા નાઓને પીઠના ભાગે ઈજા થયેલ તથા ચાલકે પોતાને પણ ઓછી વતી ઈજાઓ પહોંચાડી એક્સિડન્ટ કરી ગુનો કરતા એકતાનગર ટ્રાફિક પોલીસે ઈકોના ચાલક ખાનસિંગભાઈ મનસુખભાઈ વસાવા રહે.ધીરખાડી ખાપર ફળીયુ તા.ગરૂડેશ્વર જી.નર્મદા નાઓ વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો છે.

# અબોલ પશુઓની સેવાર્થે વેટરનરી એમ્બ્યુલન્સને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવતા મનસુખભાઇ વસાવા



ભરત શાહ | રાજપીપળા

ભરૂચ સાંસદ મનસુખ ભાઈ વસાવાએ અબોલ પશુઓની સેવાર્થે નર્મદા જિલ્લા પંચાયત ખાતેથી વેટરનરી એમ્બ્યુલન્સને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવતા જણાવ્યું કે, પશુ સારવાર માટે સરકાર દ્વારા ઉત્તમ સેવા મળી રહી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ કેન્દ્ર અને રાજ્ય સરકાર માત્ર માનવની જ નહીં, પરંતુ મૂંગા પશુઓના સ્વાસ્થ્યની કાળજીની ચિંતા કરે છે. નર્મદા જિલ્લાના પશુપાલકોને વધુ દૂધ ઉત્પાદન મળે, પ્રગતિ કરે તે માટે કેન્દ્ર સરકાર આયોજનબદ્ધ કામગીરી કરી રહી છે. વધુમાં પશુપાલકોને સરકારની યોજનાઓનો મહત્તમ લાભ લેવા સાંસદે ખાસ અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે નાંદોદના ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખે જણાવ્યું કે, આ એમ્બ્યુલન્સ સાગબારા તાલુકાના 14 ગામના 9 હજારથી વધુ પશુઓને નિઃશુલ્ક સારવાર આપશે. દૂધ ઉત્પાદનમાં વધારો થાય તેમજ પશુપાલકો આર્થિક પગભર બને તેવા આશય સાથે કેન્દ્ર અને રાજ્ય સરકારે કામગીરી કરીને પશુઓની કાળજીનું ખાસ ધ્યાન રાખ્યું છે. આ વેટરનરી એમ્બ્યુલન્સ સાગબારાના ચોપડવાવ, દુધલીવેર, ગોડદા, નાની-મોટી મોગરી, નાના કાકડીઆંબા, કોડબા, કુંવર ખાડી સહિત ગોડદા ગામોમાં પશુઓને નિઃશુલ્ક સારવાર આપશે.

# ગરુડેશ્વર પોલીસે બે ગામોમાં જુગારધામ પર છાપા મારી રૂ.10,870 નો મુદ્દામાલ જપ્ત કર્યો



ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લામાં દારૂ જુગાર ના ધંધા ખાનગી રાહે ઘણી જગ્યાએ ચાલુ છે અને પોલીસ પણ આવા ધંધા બંધ કરાવવા સતત કાર્યરત છે જેમાં તાજેતર માં ગરુડેશ્વર તાલુકાના બે ગામોમાં ચાલતા જુગાર પર પોલીસે છાપા મારી મુદ્દામાલ સાથે જુગારીઓ ને ઝડપી લીધા હતા.

મળતી વિગતો અનુસાર ગરુડેશ્વર પોલીસે બાતમીના આધારે ધોબીસાલ ગામ તરફ જતા કાચા રસ્તાની બાજુમા એક સમળાના ઝાડ નીચે ચાલતા જુગાર પર રેઈડ કરતાં ત્યાં (૧) શૈલેષભાઈ રઘાભાઈ ભીલ, રહે. પાનતલાવડી ભીલવાડુ ફળીયુ તા.ગરુડેશ્વર જિ.નર્મદા (૨)ગોરધનભાઈ કરશનભાઈ ભીલ,રહે.નવાપુરા પટેલ ફળીયુ તા. ગરુડેશ્વર જિ.નર્મદા (૩) સંદેશભાઈ ભગુભાઈ ભીલ,રહે.નવાપુરા નિશાળ ફળીયુ તા.ગરુડેશ્વર જિ. નર્મદા(૪) ભરતભાઈ શાંતિભાઈ ભીલ રહે.પાયાકોઈ (લીંડા) ટેકરા ફળીયુ તા.નસવાડી જિ.છોટાઉદેપુર નાઓ ભેગા મળી હાર જીત નો જુગાર રમી રમાડતા હોય રેડ દરમિયાન પોલીસે પકડી તેઓની અંગ ઝડતી લેતા રોકડા રૂ.૮,૫૦૦/-તથા દાવ ઉપરના રૂ.૨૧૩૦/-મળી કુલ રોકડા રૂપિયા.૧૦,૬૩૦/- ના મુદ્દામાલ સાથે પકડાઈ ગયા હતાં

જ્યારે ગરુડેશ્વર ના વાંસલા ગામની નર્સરી પાસે જુગાર પર પોલીસે છાપો મારી રેવાભાઈ નાનજીભાઈ તડવી રહે.મોટી રાવલ તા.ગરૂડેશ્વર જી.નર્મદા ને આંક ફરકના આંકડા લખતા રૂ.૨૪૦/- સાથે ઝડપી કાયદેસર કાર્યવાહી કરી છે.

# મહીસાગર વન વિભાગ દ્વારા કાનેલા ખાતે અંદાજિત 150 જેટલા લાભાર્થીઓને વાંસ વિતરણ કરવામાં આવ્યું

જગદીશ ત્રિવેદી |ખારોલ



મહીસાગર વન વિભાગ અંતર્ગત આવેલ લુણાવાડા રેન્જ, બાલાસિનોરં રેન્જ, ખાનપુર રેન્જ એટલે કે મહીસાગર ૧ સબ ડિવિઝન નો વાસ વિતરણ કાર્યક્રમ કાનેલા ખાતે યોજવામાં આવ્યો હતો જેમાં મહીસાગર વન વિભાગ અંતર્ગત વિવિધ સહભાગી વન મંડળીના સભ્યો તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં અંદાજિત 150 જેટલા લાભાર્થીઓને વાસના સ્વરૂપમાં લાભ એનાયત કરવામાં આવ્યો હતો ઉપસ્થિત તમામ લોકોને વનવિસ્તારમાં દવ ન લગાવવા તેમજ દવા ના કિસ્સામાં મદદરૂપ થવા અંગે સમજ આપી અને જાગૃત કરવામાં આવ્યા હતા.

આમ મોટી સંખ્યામાં ગ્રામજનો વિતરણ કરવાથી તેઓશને લગતી વિવિધ વસ્તુઓ બનાવી આર્થિક લાભ પણ મેળવી શકશે. આ કાર્યક્રમમાં લુણાવાડા આરએફઓ, બાલાસિનોર આરએફઓ, ખાનપુર આરએફઓ દ્વારા ઉપસ્થિત લોકોને વાસનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# રાજપીપળા જૂની કોર્ટ સામે આવેલી પુરાણી પોલીસ લાઈન માં શોર્ટ સર્કિટ થી આગ લાગતા નાસભાગ

ભરત શાહ | રાજપીપળા



રાજપીપળા જૂની કોર્ટ સામે આવેલી પુરાણી પોલીસ લાઈન માં ગુરુવારે સાંજે અચાનક આગ લાગતા ત્યાં રહેતા રહીશો ના જીવ અધ્ધર થઈ ગયા હતા અને નાસભાગ થવા પામી હતી. જોકે રાજપીપળા નગરપાલિકા ના ફાયર વિભાગ માં જાણ કરતા તાબડતોડ ફાયર ફાઈટરો ઘટના સ્થળે પહોંચી જતા આગ પર કાબૂ મેળવ્યો હતો ત્યારબાદ લોકો એ રાહત નો શ્વાસ લીધો હતો સ્થાનિકો ના જણાવ્યા મુજબ આ આગ પુરાણી પાર્ક પોલીસ લાઈન ના B.2 બ્લોક ના દાદર પાસે શોર્ટ સર્કિટ થતા લાગી હતી જેના કારણે લોકો ગભરાઈ ગયા હતા પરંતુ આ આગ માં કોઈ ને કંઈ ઈજા કે નુકશાન થયું નથી પરંતુ અતિશય ધુમાડા ના કારણે ત્યાં રહેતા લોકો માં દોડધામ થઈ હતી.

# આકાંક્ષી જિલ્લાઓની મહત્વાકાંક્ષી ઉડાન





વર્ષ 2018માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવા ભારતના વિઝનના અનુરુપ દેશના 112 જિલ્લાઓમાં હ્યુમન ડેવલપમેન્ટ ઇંડેક્સમાં સુધારાનું લક્ષ્ય રાખ્યું છે. આ આકાંક્ષી જિલ્લાઓમાં 8 જિલ્લા ઉત્તરપ્રદેશમાં સામેલ છે. ઉત્તરપ્રદેશ સરકારે આ બધા જિલ્લાઓમાં એક સુનિયોજિત અને વિસ્તૃત કાર્યયોજના સાથે કાર્ય કરી વિકાસની મુખ્યધારાથી જોડાવાનું કાર્ય કર્યું છે. ઉપરાંત 100 વિકાસ વિભાગમાં મૂળભૂત, શિક્ષા, સ્વાસ્થ્ય, સામાજીક સંરચના જેવા ક્ષેત્રમાં સુધારો કરી નવા રોજગારના અવસરોનું સૃજન માટે કાર્ય કરવાવાળું ઉત્તરપ્રદેશ, દેશનું પહેલું રાજ્ય છે. ક્રાઈમની સામે જીરો ટોલરેન્સની નીતિ, દૂરના સીમાવર્તી વિસ્તારોમાં પાયાની સુવિધાઓનું વિકાસ, ઉત્તમ ઈંફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ અને કનેક્ટીવીટીથી જોડાયેલ જિલ્લા પ્રદેશની વિકાસ યાત્રામાં કંધાથી કંધા મિલાવી ચાલી રહ્યા છે.



“નીતિ આયોગના સહયોગ અને સંવાદિતાથી ઉત્તરપ્રદેશના 8 મહત્વાકાંક્ષી જિલ્લાઓની કાર્ય યોજના બનાવી તેને વિકાસની મુખ્યધારાથી જ ઉમેરવામાં આવી રહ્યું છે. વિકાસની ગતિમાં આ મહત્વાકાંક્ષી જિલ્લાઓ અને 100 વિકાસ વિભાગના સમગ્ર વિકાસના પ્રયાસ અપેક્ષિત પરિણામ માટે વધુ સિદ્ધ થઇ રહ્યું છે.”

**- યોગી આદિત્યનાથ**
**મુખ્યમંત્રી, ઉત્તરપ્રદેશ**

## જીબીસી - 4.0

| લક્ષ્ય ( રૂા. કરોડમાં) | ઉપલબ્ધિ ( રૂા. કરોડમાં) | ટકાવારી |
|---|---|---|
| 1,53,400 | 1,57,651 | 102 |

### લક્ષ્ય કરતા વધુ રોકાણ થયું

| જિલ્લા | લક્ષ્ય (રૂા. કરોડમાં) | ઉપલબ્ધિ (રૂા. કરોડમાં) | ટકાવારી |
|---|---|---|---|
| સોનભદ્ર | 1,00,000 | 1,21,221 | 121 |
| ચન્દૌલી | 20,000 | 23,458 | 117 |
| ફતેહપુર | 1,600 | 1,687 | 105 |
| બહરાઇચ | 2,500 | 2,549 | 102 |

“મહત્વાકાંક્ષી જિલ્લાઓને ઇંસ્પિરેશનલ ડિસ્ટ્રિક્ટના રૂપમાં વિકસિત કરવું પડશે. ભારના ‘મહત્વાકાંક્ષી જિલ્લા કાર્યક્રમ’નું ઉદ્દેશ્ય દેશના વિભિન્ન વિસ્તારોમાં સામેલ અને સમગ્ર વિકાસને સુનિશ્ચિત કરવાનું છે. આ કાર્યક્રમ હેઠળ કેટલા જિલ્લાઓમાં આમૂલ પરિવર્તન થયા છે.”

**- નરેન્દ્ર મોદી**
**વડાપ્રધાન**

### મુખ્ય રોકાણકાર કંપનીઓ

ટોરેંટ પાવર
(સોનભદ્ર)
22800 કરોડ રૂપિયા

ગ્રીનકો ગ્રુપ
(સોનભદ્ર)
17182 કરોડ રૂપિયા

જેએસડબ્લ્યૂ પીએસપી
સિક્સ લિમિટેડ
(સોનભદ્ર)
8000 કરોડ રૂપિયા

ઈન્ડિયા ગ્લાઈકોલ
(સોનભદ્ર)
4000 કરોડ રૂપિયા

વરુણ બેવરેજેસ લિમિટેડ
(ચિત્રકૂટ)
496 કરોડ રૂપિયા

ટસ્કો લિમિટેડ (ચિત્રકૂટ)
47 કરોડ રૂપિયા

એસીએમઇ ક્લીનટેક
સોલ્યૂશન્સ પ્રાઈવેટ લિમિટેડ
(ચંદૌલી) 9450 કરોડ રૂપિયા

### બલરામપુર

**યૂપીજીઆઈએસ-2023**

| પ્રોજેક્ટ | એમઓયૂ કરોડ રૂ.માં |
|---|---|
| 194 | 1402 |

**જીબીસી-4.0**

| પ્રોજેક્ટ | રોકાણ કરોડ રૂ.માં |
|---|---|
| 58 | 438 |

સરકારની મદદથી ગામમાં 60 વીઘામાં ઈંટ ભઠ્ઠા લગાવાયા છે. પ્રોજેક્ટ પર 31 કરોડ રૂપિયા રોકાણ કરાયું છે જેમા તુલસીપુરના વિકાસને નવી ગતિ મળશે. સાથે જ 250 લોકોને રોજગારનું અવસર મળશે.

- **બૃજેશ સિંહ,** બલરામપુર

### શ્રાવસ્તી

**યૂપીજીઆઈએસ-2023**

| પ્રોજેક્ટ | એમઓયૂ કરોડ રૂ.માં |
|---|---|
| 439 | 2422 |

**જીબીસી-4.0**

| પ્રોજેક્ટ | રોકાણ કરોડ રૂ.માં |
|---|---|
| 43 | 866 |

અમારી કંપનીએ ઈ-રિક્શા અને કૃષિના સાધન નિર્માણ માટે 10 કરોડ રૂપિયા રોકાણ કર્યા છે. જિલ્લા પ્રશાસન અને સરકારથી મદદ મળી છે. બંને પ્રોજેક્ટમાં 200 લોકોને રોજગાર મળ્યું છે.

- **શૈલેન્દ્ર તિવારી,** શ્રાવાસ્તી

### સિદ્ધાર્થનગર

**યૂપીજીઆઈએસ-2023**

| પ્રોજેક્ટ | એમઓયૂ કરોડ રૂ.માં |
|---|---|
| 299 | 9869 |

**જીબીસી-4.0**

| પ્રોજેક્ટ | રોકાણ કરોડ રૂ.માં |
|---|---|
| 110 | 441 |

જીસીબી 4.0 સરકારનું પ્રશંસનીય પગલું છે. આનાથી જોડાઇને અમે સિદ્ધાર્થનગર જિલ્લામાં રાઇસ મિલ ચાલુ કરવા જઇ રહ્યા છે. અહીંયા ધાન કુટાઇથી લઇ ચાવલ પૈકિંગ સુધી કામ થશે. આનાથી પ્રત્યક્ષ-અપ્રત્યક્ષ રૂપથી 80 લોકોને રોજગાર પણ મળશે.

- **રોહિત જાયસવાલ,** સિદ્ધાર્થનગર

### સોનભદ્ર

**યૂપીજીઆઈએસ-2023**

| પ્રોજેક્ટ | એમઓયૂ કરોડ રૂ.માં |
|---|---|
| 101 | 182338 |

**જીબીસી-4.0**

| પ્રોજેક્ટ | રોકાણ કરોડ રૂ.માં |
|---|---|
| 62 | 121277 |

ઉત્તરપ્રદેશમાં રોકાણનો સારો સમય છે. અમારી કંપની હાઈડ્રોઇલેક્ટ્રિક પ્રોજેક્ટ માટે 550 કરોડ રૂપિયાનું રોકાણ કરી રહી છે. અહીંયા પાવર પ્લાંટનું નિર્માણ કરી વીજળીનું ઉત્પાદન કરાશે, આ પ્રોજેક્ટથી જિલ્લાના 600 લોકોને રોજગાર મળશે.

- **દેવેશ રાય,** સોનભદ્ર

### ચન્દૌલી

**યૂપીજીઆઈએસ-2023**

| પ્રોજેક્ટ | એમઓયૂ કરોડ રૂ.માં |
|---|---|
| 275 | 33481 |

**જીબીસી-4.0**

| પ્રોજેક્ટ | રોકાણ કરોડ રૂ.માં |
|---|---|
| 85 | 23662 |

ચંદૌલીના ઔધોગિક ક્ષેત્રમાં ફેઝ-2માં 10 કરોડ રૂપિયાના રોકાણથી શિવગંગા ઇંડસ્ટ્રીઝની સ્થાપન કરાઇ છે. આનાથી ઉત્તમ ગુણવત્તાના ફ્લેક્સી પૈકેજિંગ પ્રિન્ટિંગ વગેરેનું કાર્ય થશે. આનાથી સ્થાનિક લોકોને રોજગાર પ્રાપ્ત થશે.

- **રાકેશ જાયસવાલ,** ચંદૌલી

### ફતેહપુર

**યૂપીજીઆઈએસ-2023**

| પ્રોજેક્ટ | એમઓયૂ કરોડ રૂ.માં |
|---|---|
| 147 | 2999 |

**જીબીસી-4.0**

| પ્રોજેક્ટ | રોકાણ કરોડ રૂ.માં |
|---|---|
| 82 | 1798 |

જિલ્લામાં 80 ટકા લોકો ખેતી પર નિર્ભર છે. ફૂડ પ્રોસેસિંગ સંબંધી ઉધમ માટે જિલ્લો ઉત્તમ છે. આનો સીધો લાભ ખેડૂતોને થશે. અધિકારીઓએ વહેલા બધી પ્રક્રિયા પૂરી કરવાની ખાતરી આપી છે.

- **મનોજ ગાંધી,** ફતેહપુર

### ચિત્રકૂટ

**યૂપીજીઆઈએસ-2023**

| પ્રોજેક્ટ | એમઓયૂ કરોડ રૂ.માં |
|---|---|
| 280 | 67422 |

**જીબીસી-4.0**

| પ્રોજેક્ટ | રોકાણ કરોડ રૂ.માં |
|---|---|
| 88 | 7147 |

ફૂડ પ્રોસેસિંગ યૂનિટમાં 500 કરોડ રૂપિયા રોકાણ કરી રહ્યો છું. મસાલે, ડ્રાઈ ફ્રૂટ, મિલેટ્સ, જાડો અનાજ વગેરેનું બિઝનેસ થશે. વૈધાનિક પ્રક્રિયા પૂરી થઇ છે. સરકાર ચિત્રકૂટ પર ખાસ ધ્યાન આપી રહી છે. આનાથી ઇકોનોમીમાં ગ્રોથ થશે.

- **ફૂલચંદ્ર કુશવાહ,** ચિત્રકૂટ

### બહરાઇચ

**યૂપીજીઆઈએસ-2023**

| પ્રોજેક્ટ | એમઓયૂ કરોડ રૂ.માં |
|---|---|
| 254 | 5171 |

**જીબીસી-4.0**

| પ્રોજેક્ટ | રોકાણ કરોડ રૂ.માં |
|---|---|
| 159 | 2749 |

હાઉસિંગ સોસાયટી ડેવલપ કરવા માટે 150 કરોડ રૂપિયા રોકાણ કરાયું છે. બહરાઇચ લખનૌ હાઈવેના ટિકોરા નાકા પાસે હાઉસિંગ નિર્માણ કાર્ય થઇ રહ્યું છે. આનાથી પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે લગભગ 300 લોકોને રોજગાર પણ મળી રહ્યું છે.

- **રાકેશ કુમાર અગ્રવાલ,** બહરાઇચ

### વર્ષ 2023-24માં એક જીલ્લા-એક પ્રોડક્ટ ઓફિસ હેઠળ તાલીમ આપવામાં આવી

| જિલ્લો | લક્ષ્ય | સિદ્ધિ |
|---|---|---|
| ફતેહપુર | 400 | 400 |
| સોનભદ્ર | 300 | 300 |
| શ્રાવસ્તી | 250 | 250 |
| ચિત્રકૂટ | 200 | 200 |
| ચંદૌલી | 350 | 350 |
| બહરાઇચ | 350 | 350 |
| બલરામપુર | 150 | 150 |
| સિદ્ધાર્થનગર | 200 | 200 |

एक जनपद एक उत्पाद
उत्तर प्रदेश




### એક જિલ્લો-એક ઉત્પાદન કાર્યક્રમ - વર્ષ 2023-24માં બેંકો દ્વારા મંજૂર કરાયેલ માર્જિન મની સ્કીમ લોન (લાખો રૂપિયામાં)

| જિલ્લો | પ્રોજેક્ટ સંખ્યા | પ્રોજેક્ટ રાશિ | માર્જિન મની |
|---|---|---|---|
| બલરામપુર | 23 | 550.47 | 80.97 |
| બહરાઇચ | 65 | 5877.42 | 613.36 |
| ચંદૌલી | 25 | 263.12 | 58.84 |
| ચિત્રકૂટ | 17 | 189 | 43.5 |
| ફતેહપુર | 23 | 607.67 | 120.02 |
| શ્રાવસ્તી | 5 | 53 | 13.25 |
| સિદ્ધાર્થનગર | 61 | 748.95 | 179.99 |
| સોનભદ્ર | 6 | 57 | 14.25 |

उत्तर प्रदेश



# રશ્મિકાએ રિલેશનશિપનો સંકેત આપ્યો...

## રૂમર્ડ બોયફ્રેન્ડ વિજય દેવરકોંડાની ટોપી પહેરીને સોશિયલ મીડિયા પર ફોટો શેર કર્યો

### રશ્મિકાએ તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક તસવીર શેર કરી છે.

રશ્મિકા મંદાના વિજય દેવરકોંડા સાથેના સંબંધોને કારણે ચર્ચામાં રહે છે. આવી સ્થિતિમાં હવે અભિનેત્રીએ તેના સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી છે, જેમાં રશ્મિકા વિજયની કેપ પહેરેલી જોવા મળી રહી છે.

મહિલા દિવસ પર રશ્મિકાએ તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક તસવીર શેર કરી છે. ફોટામાં તે વાદળી સ્વેટર અને ગુલાબી વૂલન કેપ પહેરેલી જોવા મળી હતી. ચાહકોએ આ ફોટો જોતાંની સાથે જ અટકળો શરૂ કરી દીધી હતી. હકીકતમાં, વિજય ગયા વર્ષે ન્યૂયોર્કમાં પણ આ જ ગુલાબી વૂલન કેપમાં જોવા મળી હતી. અભિનેતાએ કેપ પહેરીને સોશિયલ મીડિયા પર એક વીડિયો પણ શેર કર્યો હતો. પોતાની તસવીર શેર કરતી વખતે રશ્મિકાએ કેપ્શન લખ્યું- 'મારી તમામ પ્યારી મહિલાઓને મહિલા દિવસની શુભેચ્છા. સ્ત્રી બનવું એ આશીર્વાદથી ઓછું નથી - આ હંમેશા યાદ રાખો.'



રશ્મિકાની આ પોસ્ટ પર યુઝર્સે પોતાની પ્રતિક્રિયાઓ પણ આપી હતી. જ્યાં એક યુઝરે લખ્યું- 'આ વિજય દેવરાકોંડાની ટોપી છે.' જ્યારે અન્ય એક યુઝરે લખ્યું- 'રશ્મિકાએ વિજય દેવરાકોંડાની કેપ પહેરી છે.'

જો રિપોર્ટ્સનું માનીએ તો વિજય અને રશ્મિકા એકબીજા સાથે રિલેશનશિપમાં છે. બંને અવાર-નવાર સાથે વેકેશન પર જાય છે. બંને તાજેતરમાં વિયેતનામ ટ્રીપ પર સાથે ગયા હોવાની ચર્ચા હતી. ગયા વર્ષે બંનેએ સાથે દિવાળી મનાવી હતી અને તાજેતરમાં જ રશ્મિકા વિજયની હૂડીમાં પણ જોવા મળી હતી. જો કે, બંને હંમેશા એકબીજાને ખૂબ સારા મિત્રો ગણાવતા રહે છે.

2018માં રિલીઝ થયેલી ફિલ્મ 'ગીતા ગોવિંદમ'માં વિજય અને રશ્મિકા પહેલીવાર સાથે જોવા મળ્યા હતા. બંનેની કેમેસ્ટ્રી ખૂબ જ પસંદ આવી હતી. આ પછી બંનેએ 2019માં રિલીઝ થયેલી ફિલ્મ 'ડિયર કોમરેડ'માં પણ સાથે કામ કર્યું હતું. આ ફિલ્મના સેટ પરથી એવા અહેવાલો પણ આવ્યા હતા કે બંને રિલેશનશિપમાં છે, જોકે બંને કલાકારોએ આ વિશે ક્યારેય ખૂલીને વાત કરી નથી.

વર્ક ફ્રન્ટની વાત કરીએ તો, રશ્મિકાની અગાઉની ફિલ્મ 'એનિમલ' હતી, જેણે વૈશ્વિક સ્તરે 900 કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો. તેની આગામી ફિલ્મો 'પુષ્પા 2', 'છાવા', 'રેનબો' અને 'ધ ગર્લફ્રેન્ડ' છે.

# ક્યારેક માત્ર 1 રૂપિયો લઈને મુસાફરી કરતી હતી રવીના



## અભિનેત્રીએ કહ્યું, 'એક પ્રખ્યાત નિર્માતાની પુત્રી હોવા છતાં, તેણે સંઘર્ષ કરવો પડ્યો અને પોતાની મહેનતથી કારકિર્દી બનાવી'

રવિના ટંડને ખુલાસો કર્યો હતો કે પ્રખ્યાત ફિલ્મ નિર્માતા રવિના ટંડનની પુત્રી હોવા છતાં, તેણે તેની કારકિર્દીમાં ઘણો સંઘર્ષ કરવો પડ્યો હતો. ઈન્ડસ્ટ્રીમાં તેનો કોઈ ગોડફાધર પણ નહોતો. રવિનાએ કહ્યું કે તેણે આ ઈન્ડસ્ટ્રીમાં પોતાનો અલગ રસ્તો બનાવ્યો છે. તેણે એમ પણ કહ્યું કે તે ક્યારેય અભિનેત્રી બનવા માંગતી નથી. તેનું જીવન ત્યારે બદલાઈ ગયું જ્યારે એક પ્રતિભા સ્કાઉટે તેને પ્રખ્યાત બ્રાન્ડની જાહેરાતમાં કામ કરવાની ઓફર કરી.

એક ઈન્ટરવ્યુમાં રવિનાએ કહ્યું, 'બધી વસ્તુઓ બસ થતી જ રહી. એવું ન હતું કે પિતા મારા માટે કામ માંગવા લોકો પાસે ગયા હતા. તેમણે મને હમણાં જ કહ્યું કે આ ઈન્ડસ્ટ્રીમાં શું ખોટું છે અને શું સાચું છે. તેમણે મને દરેક વસ્તુ સાથે ડીલ કરતા શીખવ્યું. જ્યાં સુધી કરિયરની વાત છે તો મેં તેને જાતે જ બનાવ્યું છે. નસીબ અને મહેનતથી મને ફિલ્મોમાં કામ મળ્યું'.

રવીનાએ વધુમાં જણાવ્યું કે તે કરિયરની શરૂઆતમાં બસમાં મુસાફરી કરતી હતી. ભાડા માટે તેમના ખિસ્સામાં માત્ર 1 રૂપિયો હતો. તેણે કહ્યું,'હું પણ આમાંથી પસાર થઈ છું. દરેકની પાસે ગુલાબ જેવું જીવન હોતું નથી. અમે પૈસા માટે ઘણી મહેનત કરી છે'.

રવીનાની ફિલ્મ 'પટના શુક્લા' 29 માર્ચે રીલિઝ થઈ રહી છે. આ ફિલ્મનું નિર્માણ અરબાઝ ખાને કર્યું છે, જે રવિનાના નજીકના મિત્રોમાંથી એક છે. આ ફિલ્મ OTT પ્લેટફોર્મ Hotstar પર રિલીઝ થશે. ફિલ્મમાં રવિના પહેલીવાર વકીલની ભૂમિકામાં જોવા મળશે. આ ફિલ્મમાં દિવંગત અભિનેતા સતીશ કૌશિક પણ જોવા મળશે. તેમાં અનુષ્કા કૌશિક, જતીન ગોસ્વામી, ચંદન રોય સાન્યાલ અને માનવ વિજ જેવા કલાકારો પણ જોવા મળશે. રવિના છેલ્લે વેબ સિરીઝ 'કર્મા કોલિંગ'માં જોવા મળી હતી અને આગામી દિવસોમાં તેની પાસે મલ્ટી સ્ટારર ફિલ્મ 'વેલકમ ટુ ધ જંગલ' જેવા પ્રોજેક્ટ પણ છે.

## એક્શન ફિલ્મોમાં ગજ વાગતો નથી...

# અક્ષય કુમારે વધુ એક કોમેડી ફિલ્મ સાઈન કરી...



અક્ષય કુમાર હાલ એકસાથે અનેક કોમડી ફિલ્મોમાં કામ કરી રહ્યો છે. તેણે વધુ એક કોમેડી ફિલ્મ સાઈન કરી છે.

'ફૂકરે'ના દિગ્દર્શનક મૃગદિપસિંહ લાંબાએ અક્ષયને એક સ્ક્રિપ્ટ વંચાવી હતી. તે તેને પસંદ પડી છે અને તેણે આ ફિલ્મમાં કામ કરવા માટે સંમતિ આપી દીધી છે.

અક્ષય અને મૃગદીપની આ ફિલ્મ ૨૦૨૪ના ઉતરાર્ધમાં શરૂ થાય તેવી શક્યતા છે. હાલ અન્ય કાસ્ટિંગનું કામ ચાલુ છે. અક્ષયની કારકિર્દી છેલ્લાં કેટલાંક વર્ષોથી ડામાડોળ ચાલી રહી છે. તે એક હિટ ફિલ્મની તલાશમાં છે. તેને આગામી ફિલ્મ 'બડે મિયાં છોટે મિયાં' પર બહુ મોટી આશા છે. જોકે, અક્ષયને ખ્યાલ આવી ગયો છે કે માત્ર એક્શનના આધારે તે ઝાઝી સફળતા મેળવી શકે તેમ નથી. આથી, તેણે કોમેડીનાં પોતાનાં નિવડેલા જોનરમાં મહત્તમ ફિલ્મો સ્વીકારવાનું નક્કી કર્યું હોય એમ મનાય છે.

## એક્શન સ્ટાર તરીકે નામ જમાવવા પ્રયાસ...

# સિદ્ધાર્થ મલ્હોત્રા યોદ્ધા પછી વધુ એક એક્શન ફિલ્મમાં



### ફિલ્મનું શૂટિંગ આગામી જુલાઈમાં ઉત્તરાખંડમાં શરૂ કરવાની જાહેરાત

સિદ્ધાર્થ મલ્હોત્રાએ વધુ એક એક્શન ફિલ્મ સ્વીકારી છે. જોકે, આ ફિલ્મનું ટાઈટલ હજુ જાહેર કરાયું નથી. થોડા સમય પહેલાં 'તેરા ક્યા હોગા લવલી' નામની ફિલ્મ આવી હતી. તેના સર્જક બલવિંદર સિંઘ હવે નવી એક્શન એડવેન્ચર ફિલ્મ બનાવી રહ્યા છે. આ ફિલ્મનું શૂટિંગ આવતા જુલાઈ માસમાં ઉત્તરાખંડથી શરુ થવાનું છે. ફિલ્મની હિરોઈન તથા અન્ય કલાકારોની જાહેરાત હવે પછી થશે તેમ મનાય છે. સિદ્ધાર્થની 'યોદ્ધા' ફિલ્મ બહુ લાંબા સમય સુધી યોગ્ય રીલીઝ ડેટ માટે તરસતી રહી હતી. હવે તે ટૂંક સમયમાં રીલીઝ થવાની છે. આ ફિલ્મ બાદ સિદ્ધાર્થને એક્શન સ્ટાર તરીકે ઉભરી આવવાના અભરખા હોય તેમ તેણે નવી ફિલ્મ સ્વીકારી છે.

## ઓફિશિયલ એકાઉન્ટ પર વીડિયો વાયરલ

# ફેન્સે કહ્યું... પેટ પર દાઝ્યાના નિશાન, છતાં જિમમાં પરસેવો પાડી રહી છે સારા અલી ખાન



બોલિવૂડ એક્ટ્રેસ સારા અલી ખાન તેની એક્ટિંગ અને સ્ટાઈલને કારણે અવારનવાર લાઈમલાઈટમાં રહે છે. આ દિવસોમાં અભિનેત્રી તેની આગામી ફિલ્મો 'મર્ડર મુબારક' અને 'એ વતન મેરે વતન'ના પ્રમોશનમાં ખૂબ જ વ્યસ્ત છે. પ્રમોશનની વચ્ચે, સારા અલી ખાને તેનો એક વર્કઆઉટ વીડિયો શેર કર્યો છે, જેમાં એક્ટ્રેસ જિમમાં પરસેવો પાડતી જોવા મળી રહી છે અને તેના પેટ પર દાઝેલા નિશાન છે. સારા અલી ખાનના આ વીડિયો પર નેટીઝન્સ ઉગ્ર પ્રતિક્રિયા આપી રહ્યા છે. સારા અલી ખાને તાજેતરમાં જ જિમ વર્કઆઉટનો વીડિયો તેના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ પર શેર કર્યો છે.

વીડિયોમાં સારા અલી ખાન બ્લુ કલરના સ્પોર્ટ્સ વેર પહેરીને જીમમાં પાઈલેટ્સ કરતી જોવા મળે છે. આ દરમિયાન એક્ટ્રેસના પેટ પર બળવાના નિશાન પણ જોવા મળે છે. સારાએ તેના વર્કઆઉટ વીડિયોની સાથે કવિતાનું કેપ્શન લખ્યું છે - 'પહેલા પેટ બળે છે, હવે એબ્સનો વારો આવે છે. તમે જે સરસવની લીલોતરી ઈચ્છો છો તેના માટે તમારે કામ કરવું પડશે. અભિનેત્રીના વર્કઆઉટ વીડિયો પર નેટીઝન્સ સંપૂર્ણ સમર્પણ સાથે વિવિધ પ્રકારની પ્રતિક્રિયાઓ આપી રહ્યા છે. સારા અલી ખાનના વર્કઆઉટ વીડિયો પર નેટીઝન્સ વિવિધ પ્રકારની પ્રતિક્રિયાઓ આપી રહ્યા છે. ઘણા લોકો અભિનેત્રીના સમર્પણની પ્રશંસા કરી રહ્યા છે. તો ઘણા સારાને ટોન્ટ પણ કરી રહ્યા છે. સારા માટે એક યુઝરે લખ્યું - 'મહેનતુ છોકરી.' તો બીજાએ લખ્યું - 'રમઝાન ચાલી રહ્યો છે, ઉપવાસ રાખો, બધું સારું થઈ જશે.' કેટલાક લોકો અભિનેત્રીના દાઝી ગયેલા નિશાન પર પણ ચિંતા વ્યક્ત કરી રહ્યા છે.



# રણબીર કપૂર ખૂબ સંસ્કારી બાળક, રામના પાત્ર માટે શ્રેષ્ઠ છે: અરુણ ગોવિલ

રણબીર કપૂર આગામી ફિલ્મ 'રામાયણ'માં ભગવાન રામની ભૂમિકા ભજવતો જોવા મળશે. આવી સ્થિતિમાં જ્યારે અરુણ ગોવિલને પૂછવામાં આવ્યું કે શું તેમને લાગે છે કે, રણબીર કપૂર 'રામ'ના પાત્ર સાથે ન્યાય કરી શકશે? ત્યારે અરુણ ગોવિલે કહ્યું 'જુઓ તે કરી શકશે કે નહીં એ તો સમય જ કહેશે. કોઈના વિશે અગાઉથી કંઈ કહી શકાય નહીં. પરંતુ જો હું રણબીર કપૂર વિશે વાત કરું તો તે એક અદ્ભુત અભિનેતા છે.

તે એવોર્ડ વિજેતા અભિનેતા છે. હું રણબીરને જેટલો ઓળખું છું, તે ખૂબ જ મહેનત કરે છે અને સંસ્કારી બાળક છે. મેં તેને ઘણી વખત જોયો છે. તેમની અંદર મૂલ્યો અને સંસ્કૃતિ છે. એટલા માટે મને લાગે છે કે તે આ રોલમાં પોતાનું સર્વશ્રેષ્ઠ આપશે.' 'રામાયણ'ની વાત કરીએ તો આ ફિલ્મ 2025માં દિવાળીના અવસર પર રિલીઝ થઈ શકે છે. આ ફિલ્મમાં રણબીર કપૂર ભગવાન રામના રોલમાં જોવા મળશે અને સાઈ પલ્લવી સીતાજીના રોલમાં જોવા મળશે.

રાવણ માટે, અલબત્ત, નિર્માતાઓ કેજીએફના 'રોકી ભાઈ' ફેમ યશ સાથે આગળ વધી રહ્યા છે. હનુમાન માટે સની દેઓલને કાસ્ટ કરવામાં આવ્યો છે.ફિલ્મના લીડ સ્ટાર્સનું શૂટિંગ માર્ચથી શરૂ થશે. સૂત્રોનું માનીએ તો રાવણનું પાત્ર ભજવનાર યશ આ ફિલ્મનું શૂટિંગ જૂન કે જુલાઈથી શરૂ કરશે. તે 15 દિવસમાં તેના પાત્રને સંપૂર્ણપણે શૂટ કરશે. રામાયણના પહેલા ભાગનું શૂટિંગ જુલાઈ સુધીમાં પૂર્ણ થઈ જશે. નિર્માતાઓએ આ ફિલ્મના પોસ્ટ પ્રોડક્શન માટે દોઢ વર્ષનો સમય નક્કી કર્યો છે. ડ્યૂન' ઉપરાંત, 'લોર્ડ ઑફ ધ રિંગ્સ' પર કામ કરનાર ટેક્નિકલ ક્રૂને પણ 'રામાયણ'ના નિર્માતાઓએ હાયર કર્યા છે. મોક શૂટની પ્રક્રિયાનો ઉપયોગ સામાન્ય રીતે ઐતિહાસિક અને પૌરાણિક શૈલીની ફિલ્મોમાં થાય છે.

# ઉર્વશી રૌતેલાએ શેર કર્યું ફિલ્મ JNUનું પોસ્ટર

## બેંગાલ 1947: એન અનટોલ્ડ લવ સ્ટોરી'નો ફર્સ્ટ લૂક પણ જાહેર, બંને ફિલ્મોએ રિલિઝ પહેલા ચર્ચા જગાવી...



ઉર્વશી રૌતેલાની આગામી ફિલ્મ 'JNU: જહાંગીર નેશનલ યુનિવર્સિટી'નું પોસ્ટર રિલીઝ કરવામાં આવ્યું છે. ઉર્વશીએ તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર ફિલ્મનું પોસ્ટર શેર કર્યું છે. શેર કરેલી પોસ્ટમાં ભારતનો નકશો ભગવા રંગમાં દેખાય છે. પોસ્ટરમાં દર્શાવવામાં આવેલા ભારતના નકશાને મુઠ્ઠીમાં પકડી રાખવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

પોસ્ટર રિલીઝ થયા બાદ આ ફિલ્મ સોશિયલ મીડિયા પર ચર્ચામાં છે. ઈન્સ્ટાગ્રામ પર ફિલ્મનું પોસ્ટર શેર કરતી વખતે ઉર્વશીએ લખ્યું- 'શિક્ષણની બંધ દીવાલોની પાછળ દેશને તોડવાનું ષડયંત્ર રચવામાં આવી રહ્યું છે, ડાબેરી અને જમણેરી ટકરાતા જ કોણ જીતશે આ સર્વોપરિતાની લડાઈ? મહાકાલ મૂવીઝ જૂ કરે છે જહાંગીર નેશનલ યુનિવર્સિટી.' ફિલ્મમાં રવિ કિશન અને ઉર્વશી રૌતેલા મુખ્ય ભૂમિકામાં જોવા મળશે, જેઓ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની વાર્તા ભજવશે અને તેને મોટા પડદા પર બતાવશે. આ ફિલ્મમાં ઉર્વશી રૌતેલા અને રવિ કિશન ઉપરાંત સિદ્ધાર્થ બોડકે, પીયૂષ મિશ્રા, રશ્મિ દેસાઈ, સોનાલી સહગલ અને વિજય રાજ જેવા કલાકારો પણ જોવા મળશે. આ પોસ્ટરને શેર કરતી વખતે તરણ આદર્શે કેપ્શનમાં લખ્યું- 'JNU ફિલ્મનું પહેલું પોસ્ટર બહાર આવ્યું છે, ફિલ્મ 5 એપ્રિલે રિલીઝ થઈ રહી છે, શિક્ષણની બંધ દીવાલોની પાછળ દેશને તોડવાનું ષડયંત્ર રચવામાં આવી રહ્યું છે.' ટીવી શો 'સાથ નિભાના સાથિયા' ફેમ અભિનેત્રી દેવોલિના ભટ્ટાચારીએ ઈન્સ્ટાગ્રામ પર 'બંગાલ 1947: એન અનટોલ્ડ લવ સ્ટોરી'નું ફર્સ્ટ લૂક પોસ્ટર રિલીઝ કર્યું છે. આ ફિલ્મ ઐતિહાસિક વિભાજનની પૃષ્ઠભૂમિ પર આધારિત હશે. પોસ્ટર શેર કરતી વખતે તેણે લખ્યું, 'પાર્ટિશન ડ્રામા 'બંગાળ 1947'નો ફર્સ્ટ લૂક. ફિલ્મમાં ભાગલા દરમિયાનની લવ સ્ટોરી બતાવવામાં આવશે. દેવોલિના આ ફિલ્મમાં મુખ્ય અભિનેત્રી તરીકે જોવા મળશે. દેવોલિના ભટ્ટાચાર્યજી ઉપરાંત, ફિલ્મ 'બંગાળ 1947'માં સોહેલા કપૂર, ઓમકાર દાસ માનિકપુરી, આદિત્ય લાખિયા, અનિલ રસ્તોગી, પ્રમોદ પવાર, અંકુર અર્મમ, સુરભિ શ્રીવાસ્તવ, ફલક રાહી, વિક્રમ ટીડીઆર અને અતુલ ગંગવાર જેવા ઘણા કલાકારો છે. આ ફિલ્મ 29 માર્ચે સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. તમને જણાવી દઈએ કે, બંને ફિલ્મો વિવાદાસ્પદ મુદ્દાઓ પર બની છે. પોસ્ટર રિલીઝ થયા બાદથી જ બંને ફિલ્મો ચર્ચામાં છે.



# પંતની કેપ્ટનશીપ અંગે સ્પષ્ટતા નહીં:સૂત્રોએ કહ્યું- પોન્ટિંગ આવ્યા બાદ નિર્ણય લેવામાં આવશે



નવી દિલ્હી | તા.14

ટીમ ઈન્ડિયાનો સ્ટાર વિકેટકીપર ઋષભ પંત સ્વસ્થ થઈ ગયો છે. એ પણ નક્કી થઈ ગયું છે કે તે ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) માં રમશે. જો કે, પંત દિલ્હી કેપિટલ્સની કેપ્ટનશીપ કરશે કે નહીં તે અંગેની સ્પષ્ટતા નથી. ટીમ મેનેજમેન્ટના એક સૂત્રોએ ભાસ્કરને જણાવ્યું છે કે મુખ્ય કોચ રિકી પોન્ટિંગના આવ્યા બાદ ટીમની બેઠક દરમિયાન પંતની કેપ્ટનશીપ અંગે નિર્ણય લેવામાં આવશે. અત્યારે કંઈ કહી શકાય તેમ નથી. અન્ય એક સૂત્રએ આ વાતની પુષ્ટિ કરી અને કહ્યું કે પંતની કેપ્ટનશીપ અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટતા નથી. આગામી 4-5 દિવસમાં આ અંગે નિર્ણય લેવામાં આવી શકે છે.

ઋષભ પંત દિલ્હીમાં ટ્રેનિંગ કેમ્પમાં પ્રેક્ટિસ કરી રહ્યો છે. તે 662 દિવસ બાદ દિલ્હીની જર્સીમાં પ્રેક્ટિસ કરતો જોવા મળ્યો હતો. તેણે તેની છેલ્લી મેચ 22 મે 2022ના રોજ દિલ્હી માટે રમી હતી. દિલ્હી ટીમના કોઓનર પાર્થ જિંદાલે કહ્યું હતું કે જો ઋષભ પંત ફિટ હશે તો તે કેપ્ટન બનશે. IPLની આગામી સિઝન 22 માર્ચથી શરૂ થઈ રહી છે. દિલ્હી કેપિટલ્સ 23 માર્ચે મોહાલીમાં પંજાબ કિંગ્સ સામે તેમના અભિયાનની શરૂઆત કરશે. પંત 2022માં કાર અકસ્માતનો શિકાર બન્યો હતો ડિસેમ્બર 2022માં એક કાર અકસ્માતમાં પંત ગંભીર રીતે ઘાયલ થયો હતો. ત્યારથી તે ક્રિકેટથી સંપૂર્ણપણે દૂર છે. 14 મહિનાની લાંબી રિકવરી પ્રક્રિયા બાદ તે ફિટ થઈ ગયો. બીસીસીઆઈની મેડિકલ ટીમે તેને એક દિવસ પહેલા જ વિકેટ કીપિંગ અને બેટિંગ માટે ફિટ જાહેર કર્યો હતો.શાહે કહ્યું હતું- જો તમે વિકેટ કીપિંગ કરશો તો તમે વર્લ્ડ કપ પ્લાનમાં પણ સામેલ થઈ શકે

BCCI સેક્રેટરી જય શાહે પંતના આવવા પર કહ્યું હતું કે તે પ્રેક્ટિસમાં સારી બેટિંગ કરી રહ્યો છે, જો તે IPLમાં વિકેટો જાળવી શકે છે તો તે અમારી વર્લ્ડ કપ પ્લાનમાં પણ સામેલ થઈ શકે છે. ચાલો જોઈએ કે તે IPLમાં કેવું પ્રદર્શન કરે છે. જો પંત T20 વર્લ્ડ કપ રમી શકે છે તો તે અમારા માટે મોટી વાત હશે. તે અમારા માટે મહત્વપૂર્ણ ખેલાડી છે. ફ્રેન્ચાઈઝી માટે પંતની કેપ્ટનશીપ શા માટે મહત્વપૂર્ણ છે? પંતની કેપ્ટનશીપ દિલ્હી માટે મહત્વપૂર્ણ છે, કારણ કે તેની બેટિંગ, વિકેટકીપિંગ અને કેપ્ટનશિપથી ફ્રેન્ચાઈઝીને ઘણા ફાયદા થશે. ચાલો આને કેટલાક મુદ્દાઓ દ્વારા સમજીએ... ટીમનું મનોબળ વધશે પંત એક મોટી દુર્ઘટના સામે લડી રહ્યો છે, જો તે દિલ્હીની કેપ્ટનશીપ કરશે તો ટીમનું મનોબળ વધશે. ટોપ ઓર્ડરને મજબૂત કરશે, ફિનિશ પણ કરી શકશે પંત ઝડપથી રન બનાવે છે. તે ટોપ ઓર્ડરને વધુ મજબુતી આપી શકે છે અથવા મિડલ-લોઅર ઓર્ડરમાં આવીને ઈનિંગ્સને સંભાળી શકે છે. તે મોટી હિટ ફટકારવામાં માહેર છે, તેથી તે ટીમમાં ફિનિશરની જગ્યા પણ ભરી શકે છે. સ્પોન્સર અને બ્રોડકાસ્ટરની માંગ પંત ગઈ સિઝનમાં આ લીગનો ભાગ નહોતો. તે 14 મહિનાથી ક્રિકેટથી દૂર છે. આવી સ્થિતિમાં ચાહકો તેની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આવી સ્થિતિમાં, ફ્રેન્ચાઈઝીના સ્પોન્સર્સ અને બ્રોડકાસ્ટર્સ ઈચ્છે છે.

## વર્લ્ડ કપ પહેલા ન્યૂઝીલેન્ડ કરશે પાકિસ્તાનનો પ્રવાસ



નવી દિલ્હી | તા.14

ટી 20 વર્લ્ડકપ 2024 પહેલા પાકિસ્તાનની ટીમ 5 ટી 20 મેચની સીરીઝ રમશે. ટી 20 વર્લ્ડકપ પહેલા આ સીરિઝ પાકિસ્તાન માટે ખુબ મહત્વની છે અને તેના શેડ્યુલની પણ જાહેરાત કરવામાં આવી ચૂકી છે. વર્લ્ડકપ પહેલા ન્યુઝીલેન્ડની ટીમ 5 ટી 20 મેચની સિરીઝ માટે પાકિસ્તાનનો પ્રવાસ કરશે. ટી 20 વર્લ્ડકપ જુનમાં વેસ્ટઈન્ડિઝ અને અમેરિકામાં રમાશે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે બુધવારના રોજ ન્યુઝીલેન્ડની સાથે ટી 20 મેચની ડોમેસ્ટ્રીક સીરિઝનું શેડ્યુલ જાહેર કર્યું છે. કીવી ટીમ 18 એપ્રિલ થી 27 એપ્રિલ સુધી પાકિસ્તાનનો પ્રવાસ કરશે. ન્યુઝીલેન્ડ 17 મહિનામાં પાકિસ્તાનમાં આ ત્રીજો પ્રવાસ છે.પાકિસ્તાન અને ન્યુઝીલેન્ડ વચ્ચે ટી 20 સીરિઝ18 એપ્રિલથી 27 એપ્રિલ સુધી રમાશે.

## દિલ્હી કેપિટલ્સ WPL 2024ની ફાઈનલમાં ક્વોલિફાય થનાર પ્રથમ ટીમ બની

નવી દિલ્હી | તા.14

દિલ્હી કેપિટલ્સ ગયા વર્ષે પણ ફાઈનલમાં જગ્યા બનાવી હતી પરંતુ તેમને મુંબઈ ઈન્ડિયન્સ સામે હારનો સામનો કરવો પડ્યો હતો. આ વખતે દિલ્હીએ જોરદાર પ્રદર્શન કર્યું છે અને ફાઈનલમાં પહોંચનાર પહેલી ટીમ બની ગઈ છે. આ વખતે ટાઈટલ માટે તેમનો દાવો પહેલા કરતા વધુ મજબૂત



લાગી રહ્યો છે.સિઝનની પહેલી જ મેચમાં છેલ્લા બોલે મળેલી હારમાંથી બહાર નીકળીને દિલ્હી કેપિટલ્સ વુમન્સ પ્રીમિયર લીગની ફાઈનલમાં પહોંચનારી પ્રથમ ટીમ બની ગઈ છે. મેગ લેનિંગની આગેવાની હેઠળ દિલ્હીની ટીમે WPL 2024ની છેલ્લી લીગ મેચમાં ગુજરાત જાયન્ટ્સને 7 વિકેટથી હરાવી પોઈન્ટ ટેબલમાં પ્રથમ સ્થાન મેળવ્યું અને ફાઈનલમાં જગ્યા બનાવી. ગયા વર્ષે પ્રથમ સિઝનમાં દિલ્હીએ ફાઈનલમાં જગ્યા બનાવી હતી પરંતુ ફાઈનલમાં મુંબઈ ઈન્ડિયન્સ સામે હારનો સામનો કરવો પડ્યો હતો. તેમના હોમ ગ્રાઉન્ડ ગુજરાતને આસાનીથી હરાવી દીધું હતું.ગુજરાતની બેટરો મારિજન કેપ (2/17) અને શિખા પાંડે (2/23) ની શક્તિશાળી ઝડપી બોલિંગ જોડી સામે ટકી શકી નહીં.

# અશ્વિને કહ્યું- સ્વાર્થી દુનિયામાં રોહિત જેવી વ્યક્તિ મળવી મુશ્કેલ

### માતાની તબિયત બગડતાં તેણે તરત જ ઘરે જવાનું કહ્યું હતું, ફિઝિયોને પણ મોકલ્યો હતો

નવી દિલ્હી | તા.14

રવિચંદ્રન અશ્વિને કહ્યું હતું કે આ સ્વાર્થી દુનિયામાં કેપ્ટન રોહિત શર્મા જેવી વ્યક્તિ મળવી મુશ્કેલ છે. અશ્વિને તેની યુટ્યૂબ ચેનલ પર કહ્યું, 'હું વર્ષોથી ઘણા કેપ્ટન સાથે રમ્યો છું, પરંતુ રોહિતની વાત કંઈક અલગ છે. તેનું દિલ સાફ છે, તેથી જ તે 5 IPL ટ્રોફી જીતવામાં સફળ રહ્યો. અશ્વિને 500 ટેસ્ટ વિકેટ અને માતાની બીમારીને કારણે ટેસ્ટ છોડવાની વાત પણ જણાવી. તેણે કહ્યું કે 500 વિકેટની ખુશી એક જ ઝટકામાં ઉદાસીમાં બદલાઈ ગઈ હતી. અશ્વિને પોતાની ચેનલ પર ક્રિકેટ, પરિવાર અને રોહિત વિશે રસપ્રદ વાતો જણાવી અશ્વિને તેના ટેસ્ટ કરિયરમાં 500મી વિકેટ ઝડપી અશ્વિને કહ્યું, 'હું ઈંગ્લેન્ડ સામેની બીજી ટેસ્ટમાં જ 500મી વિકેટ લેવા ઈચ્છતો હતો, પરંતુ એવું બન્યું નહીં. રાજકોટમાં ત્રીજી ટેસ્ટના બીજા દિવસ સુધી રાહ જોવી પડી. ભારતે 2 દિવસ સુધી 132 ઓવરની બેટિંગ કરી, ત્યાર બાદ ઈંગ્લેન્ડે પણ 'તેજ બેટિંગની શરૂઆત કરી.'માતાની તબિયત બગડ્યા બાદ અશ્વિન અધવચ્ચે જ મેચ છોડીને પોતાના ઘરે પરત ફર્યો હતો. માતાની તબિયત બગડ્યા બાદ અશ્વિન અધવચ્ચે જ મેચ છોડીને પોતાના ઘરે પરત ફર્યો હતો.



### મેચમાં માતા અને પિતાનો વીડિયો ચલાવ્યો, હું કંઈ સાંભળી શક્યો નહીં

અશ્વિને કહ્યું, 'મને કહેવામાં આવ્યું હતું કે 500 વિકેટ બાદ બ્રોડકાસ્ટરે ઈન્ટરવ્યૂ આપવો પડશે. જ્યારે અમે વાત કરી રહ્યા હતા ત્યારે તેણે મારાં પિતા અને માતાનો વીડિયો પ્લે કર્યો, પણ ઘોંઘાટ વચ્ચે મને કશું સંભળાતું નહોતું. મેં પ્રેસ-કોન્ફરન્સમાં હાજરી આપી હતી. ઈંગ્લેન્ડની સ્થિતિ મજબૂત હતી, ટીમે 2 વિકેટે 200 (207) રન બનાવ્યા હતા. હું બીજા દિવસે એક્સ્ટ્રા એફર્ટ કરવા માગતો હતો. મને યાદ છે કે મેં કહ્યું હતું કે ગેમ રોહિત અને મેં રમત વિશે વાત કરી અને પછી હું મારા રૂમમાં પહોંચી ગયો.

### 500મી વિકેટ પછી જે થયું એ હું ક્યારેય નહીં ભૂલી શકું

અશ્વિને કહ્યું, '500મી વિકેટ પછી જે થયું એ હું ક્યારેય નહીં ભૂલી શકું. બીજા દિવસની રમત પૂરી થયા બાદ તેને ઘરે પરત ફરવું પડ્યું. ત્યાર બાદ ચોથા દિવસે તે ટીમ સાથે જોડાયો અને ફરીથી રમવાનું શરૂ કર્યું.' પરિવારજનોએ ફોન ન કરતાં ચિંતા થતી હતી અશ્વિને કહ્યું, 'મને ઘરેથી કોઈનો ફોન આવ્યો ન હતો. મને લાગ્યું કે કદાચ તેઓ ઈન્ટરવ્યૂ આપવામાં વ્યસ્ત હશે. મેં લગભગ 7 વાગે પ્રીતિ (પત્ની)ને ફોન કર્યો. તેણે કહ્યું હતું કે મારી માતાને માથાનો દુખાવો ઊપડ્યા પછી તેઓ જમીન પર ઢળી પડ્યા. મને ખબર ન હતી કે કેવી રીતે પ્રતિક્રિયા આપવી. હું મારા રૂમમાં ગયો અને રડવા ન આપ્યો, પછી મારી મારા વિશે પૂછ્યું. મને ખબર નહોતી કે શું કરું, હું પ્લેઈંગ-11નો ભાગ હતો.

# સર્જરીના 15 દિવસ બાદ મો. શમીએ શેર કર્યા ફોટો, કહ્યું ટાંકા તુટી ગયા છે



નવી દિલ્હી | તા.14

બીસીસીઆઈ સચિવ જયશાહે હાલમાં કહ્યું હતુ કે, આઈપીએલ 2024 અને ટી 20 વર્લ્ડકપ 2024માં રમશે નહિ,શમી અને અન્ય ફાસ્ટ બોલર પ્રસિદ્ધ કૃષ્ણ IPLમાં રમી શકશે નહીં. હવે સર્જરીના 15 દિવસ બાદ શમીએ હેલ્થ અપડેટ આપતા ફોટો શેર કર્યા છે.ભારતીય ફાસ્ટ બોલર મોહમ્મદ શમીએ સર્જરીના 15 દિવસ બાદ પોતાનું હેલ્થ અપડેટ આપ્યું છે. સર્જરી બાદ તેમણે ફોટો શેર કર્યા હતા. ત્યારબાદ હવે ફરી એક વખત પોતાનું હેલ્થ અપડેટ આપ્યું છે. ફાસ્ટ ફાસ્ટ બોલર મોહમ્મદ શમીએ સર્જરીના 15 દિવસ બાદ પોતાનું હેલ્થ અપડેટ આપ્યું છે. સર્જરી બાદ તેમણે ફોટો શેર કર્યા હતા. ત્યારબાદ હવે ફરી એક વખત પોતાનું હેલ્થ અપડેટ આપ્યું છે. ફાસ્ટ બોલરે આગળ કહ્યું કે, તે હવે સારવાર પ્રક્રિયાના આગામી તબક્કાની રાહ જોઈ રહ્યો છે.વનડે વર્લ્ડકપમાં 24 વિકેટ લેનાર મોહમ્મદ શમી ઈજાના કારણે ઈંગ્લેન્ડ વિરુદ્ધ હાલમાં પૂર્ણ થયેલી પાંચ ટેસ્ટ સીરિઝ મેચમાં પણ રમ્યો ન હતો. તેમણે ગત્ત મહિને સર્જરી કરાવી છે, આ કારણે તે ઈન્ડિયન પ્રીમિયર લીગમાં પણ રમી શકશે નહિ. મોહમ્મદ શમીએ સર્જરી બાદ હેલ્થ અપટેડ આપતા ફોટો શેર કર્યા છે. તેમણે કહ્યું હું મારી ઈજાનું અપડેટ આપવા માંગુ છુ. ઓપરેશનને 15 દિવસ થઈ ચૂક્યા છે અને હાલ ટાંકા પણ તોડી નાંખવામાં આવ્યા છે. આ 33 વર્ષીય ફાસ્ટ બોલરે ગયા વર્ષે ODI વર્લ્ડ કપ બાદ કોઈ મેચ રમી નથી. ભારતીય ક્રિકેટ બોર્ડે મંગળવારે કહ્યું હતું કે શમી અને અન્ય ફાસ્ટ બોલર પ્રસિદ્ધ કૃષ્ણ IPLમાં રમી શકશે નહીં.

## હેરી બ્રુકે જણાવ્યું IPL છોડવાનું કારણ, દિલ તોડનારી ઘટના બાદ લીધો આ નિર્ણય

નવી દિલ્હી | તા.14

ઈંગ્લેન્ડના ઘણા ખેલાડીઓ IPL સિઝનની શરૂઆત પહેલા વિવિધ કારણોસર પોતાના નામ પાછા ખેંચી લે છે, જેના કારણે ટીમો અને ચાહકોમાં નારાજગી છે. હેરી બ્રુકને લઈને પણ આવા જ સવાલો ઉઠાવવામાં આવી રહ્યા હતા, પરંતુ ઈંગ્લેન્ડના આ યુવા બેટ્સમેને એક દિલધડક કારણ આપ્યું છે, જેના કારણે ભાગ્યે જ કોઈ તેના નિર્ણય પર સવાલ ઉઠાવશે. IPL 2024 સિઝનની શરૂઆત પહેલા કેટલાક ખેલાડીઓના બહાર હોવાના અહેવાલો છે, જેમાંથી કેટલાક ઈજાના કારણે આ વખતે રમી શકશે નહીં, જ્યારે કેટલાક ખેલાડીઓએ અંગત કારણોસર પોતાના નામ પાછા ખેંચી લીધા છે. ઈંગ્લેન્ડનો બેટ્સમેન હેરી બ્રુક તે ખેલાડીઓમાંથી એક છે જેણે ટૂર્નામેન્ટની શરૂઆતના 9 દિવસ પહેલા પોતાનું નામ પાછું ખેંચી લીધું હતું. હવે ઈંગ્લિશ બેટ્સમેને આ નિર્ણયનું કારણ આપ્યું છે, જેને જાણીને કોઈ પણ ભાવુક થઈ જશે. આ સાથે તેમના નિર્ણયને લઈને ઉભા થઈ રહેલા સવાલો પણ બંધ થઈ જશે. હેરી બ્રુક IPL 2024 સિઝનમાં નહીં રમે બુધવાર, 13 માર્ચે, બ્રુકના આ સિઝનમાંથી ખસી જવાના સમાચાર મીડિયા રિપોર્ટ્સમાં આવવા લાગ્યા. આ પછી, મોડી સાંજે ઈંગ્લિશ બેટ્સમેને પોતે સોશિયલ મીડિયા પર એક નિવેદન જારી કરીને તેની પુષ્ટિ કરી અને આ નિર્ણયનું કારણ પણ આપ્યું. હેરી બ્રુકે પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે ગયા મહિને તેણે તેની દાદીને ગુમાવી દીધી હતી, હેરી દાદીની ખૂબ જ નજીક હતી, જેમની સાથે ઈંગ્લિશ બેટ્સમેને તેનું બાળપણ ઘણું વિતાવ્યું હતું. 25 વર્ષીય બેટ્સમેને 'X' (ટ્વીટર) પર તેની દાદીની તસવીરો પોસ્ટ કરવાની સાથે તેનું નિવેદન જાહેર કર્યું. બ્રુકે કહ્યું કે તે દિલ્હી કેપિટલ્સ માટે રમવા માટે ખૂબ જ ઉત્સુક હતો પરંતુ તેણે પોતાનું નામ પાછું ખેંચવું પડ્યું.

# બર્થ ડે બોય મોહમ્મદ સિરાજ હૈદરાબાદમાં ઘર બાદ આ સ્થળે જવાનું ભૂલતો નથી

નવી દિલ્હી | તા.14

ભારતીય ટીમનો સ્ટાર ફાસ્ટ બોલર મોહમ્મદ સિરાજનો આજે 30 મો જન્મદિવસ છે. આ ખાસ દિવસ પર BCCIએ સિરાજનો ખાસ વીડિયો શેર કર્યો છે. જેમાં સિરાજ હૈદરાબાદમાં ફરી રહ્યો છે, મિત્રોને મળી રહ્યો છે, ચાયની ચૂસકી લેતા-લેતા પોતાના બાળપણ અને જવાનીના મજેદાર કિસ્સા શેર કરી રહ્યો છે. મોહમ્મદ સિરાજ હવે IPL 2024ની તૈયારીમાં વ્યસ્ત છે. IPLની 17મી સિઝનમાં પણ તે RCB માટે જ રમતો જોવા મળશે. તેનું પ્રદર્શન RCB માટે પણ મહત્વનું રહેશે કારણ કે તે બોલિંગમાં આ ટીમની મહત્વની કડી છે. IPL 2024નું બ્યુગલ વાગતા પહેલા સિરાજ 30 વર્ષનો થઈ ગયો છે. તેનો જન્મ 13 માર્ચ 1994ના રોજ થયો હતો. તેનું બાળપણ હૈદરાબાદમાં વિત્યું હતું, જ્યાં BCCIએ તેના 30માં જન્મદિવસ પર તેની યાદો અને કેટલાક કિસ્સાઓનો વીડિયો શેર કર્યો છે. વીડિયોમાં મોહમ્મદ સિરાજ પોતાના વિશે ઘણી વાતો કહેતો જોવા મળી રહ્યો છે. તેની હૈદરાબાદ શહેર સાથે જોડાયેલી યાદો, ત્યાંના લોકો, તેના મિત્રો અને પરિચિતોને તે ટીમ ઈન્ડિયાનો ક્રિકેટર બન્યા બાદ પણ ભૂલી શક્યો નથી. બીસીસીઆઈના વીડિયોમાં સિરાજના મિત્રો પણ તેમના સ્ટાર ખેલાડી સિરાજ વિશે વાતો શેર કરે છે.

## IPL 2024 પહેલા પંજાબ કિંગ્સે આ દિગ્ગજ ખેલાડીને ટીમમાંથી હટાવ્યો

નવી દિલ્હી | તા.14

ઈન્ડિયન પ્રીમિયર લીગ 2024 શરૂ થવા જઈ રહી છે અને આ ટૂર્નામેન્ટ પહેલા જ ઘણા ખેલાડીઓને બહાર કરવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. ખેર, આમાં માત્ર ખેલાડીઓ જ સામેલ નથી, હવે એક કોચ પણ ટૂર્નામેન્ટ પહેલા ટીમથી અલગ થઈ ગયા છે. ઈન્ડિયન પ્રીમિયર લીગ 2024માં તેમના અભિયાનની શરૂઆત પહેલા પંજાબ કિંગ્સે એક મોટો નિર્ણય લીધો છે અને એક અનુભવી ખેલાડીને તેમની ટીમમાંથી બહાર કરી દીધો છે. અમે વાત કરી રહ્યા છીએ વસીમ જાફરની, જેણે હવે પંજાબ કિંગ્સથી અલગ થઈ ગયો છે.

વસીમ જાફર પંજાબ કિંગ્સનો બેટિંગ કન્સલ્ટન્ટ હતો અને હવે આ જવાબદારી તેની પાસે નથી. સીમ જાફરની વાત કરીએ તો તે રણજી ટ્રોફીમાં સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન છે.

# ચૂંટણીઓ એ લોકશાહીનો પાયો છે, જે નાગરિકોને તેમના પ્રતિનિધિઓને ચૂંટવાનો મહત્વપૂર્ણ વિશેષાધિકાર આપે છે

નીરજ ચોપરા

ખેલાડીઓ પોતાના સમર્પણ, લગન અને ટીમ વર્ક દ્વારા દેશની સેવા કરે છે. રાષ્ટ્રીય રંગો પહેરવા એ એક વિશેષાધિકાર અને જવાબદારી બંને છે, પછી ભલે તે દેશમાં હોય કે વિદેશમાં. જો કે વિશ્વના સૌથી જીવંત લોકતંત્રના એક અભિન્ન અંગ તરીકે અમે ખેલાડી અને યુવા ભારતીય એક વિશેષાધિકારની આકાંક્ષા કરે છે - તે છે મતદાન.

ચૂંટણીઓ એ લોકશાહીનો પાયો છે, જે નાગરિકોને તેમના પ્રતિનિધિઓને ચૂંટવાનો મહત્વપૂર્ણ વિશેષાધિકાર આપે છે. જો કે, આ અધિકાર નિષ્ક્રિય નથી; ચૂંટણી પ્રક્રિયામાં સક્રિયપણે જોડાવું એ એક ફરજ છે, ખાસ કરીને યુવાનોની ફરજ છે. ઐતિહાસિક રીતે, યુવાનોએ સામાજિક પરિવર્તનની આગેવાની લીધી છે, અને ચૂંટણીમાં તેમની ભાગીદારી નિર્ણાયક છે. લોકશાહીને મજબૂત કરવા માટે મતદાર નોંધણીથી માંડીને પાયાના પ્રચાર અભિયાન સુધીના દરેક તબક્કે યુવાનોની સક્રિય ભાગીદારી જરૂરી છે.

પહેલી વખતના મતદાતાઓ નવા દ્રષ્ટિકોણ લાવે છે અને પારદર્શકતા અને સર્વસમાવેશકતા જેવા આદર્શોને સમર્થન આપે છે. એક યુવાન મતદાતાની ઊર્જા અને ટેક-સેવી પ્રકૃતિ ચૂંટણીના પરિદ્રશ્યમાં ગતિશીલતા લાવે છે, જે નાગરિકોની જરૂરિયાતો પ્રત્યે સુલભતા અને પ્રતિભાવને પ્રોત્સાહન આપે છે. યુવાનો ચૂંટાયેલા અધિકારીઓને જવાબદાર બનાવવા તેમજ જનતાથી જોડાયેલા મુદ્દાઓનું સમર્થન કરવા અને અવાજ ઉઠાવવા માટે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે તથા આ પ્રકારે લોકતંત્રના મહત્વ અને તેના પ્રત્યેની નિષ્ઠાની રક્ષા કરે છે.

મહાત્મા ગાંધીના શબ્દોમાં કહીએ તો, 'ભવિષ્ય તે વાત પર નિર્ભર કરે છે કે તમે આજે શું કરો.' ભારતમાં વર્ષ 2024ની સામાન્ય ચૂંટણીની તૈયારીઓ ચાલી રહી છે, લોકશાહીના પૈડાં ફરી ફરી રહ્યાં છે, ત્યારે રાષ્ટ્રના ભાગ્યને ઘડવામાં યુવાનોની મુખ્ય ભૂમિકા પર ભાર મૂકવો અનિવાર્ય છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમના રેડિયો કાર્યક્રમ 'મન કી બાત'માં ચૂંટણી પ્રક્રિયામાં યુવાનોની ભાગીદારીના મહત્વ પર ભાર મૂક્યો હતો, જેમાં પ્રથમ વખતના મતદારોને ધ્યાનમાં રાખીને ચૂંટણી પંચના 'મેરા પહેલા મત દેશ કે લિયે' અભિયાન પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે ભારતના યુવાનોના ઉત્સાહ અને જુસ્સાની પ્રશંસા કરી હતી અને તેમને મતદાનમાં સક્રિયપણે જોડાવા વિનંતી કરી હતી, કારણ કે તેનાથી દેશનાં ભવિષ્ય પર સીધી અસર થાય છે.

પ્રથમ વખતના મતદાતાઓને વિક્રમી સંખ્યામાં સહભાગી થવાની અપીલ કરતાં તેમણે દેશની નિયતિને આકાર આપવામાં તેમની મહત્ત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂક્યો હતો. પીએમ મોદીએ વિવિધ ક્ષેત્રોના પ્રભાવશાળી લોકોને આ અભિયાનમાં જોડાવા અને યુવા મતદારોને પ્રોત્સાહિત કરવા, સામાજિક પરિવર્તન લાવવામાં તેમની પ્રભાવશાળી ભૂમિકાને માન્યતા આપીને પ્રોત્સાહિત કરવા હાકલ કરી હતી. ચૂંટણીના ધમધમાટ વચ્ચે તેમણે યુવાનોને માત્ર રાજકીય પ્રવૃત્તિઓમાં જ ભાગ ન લેવા, પરંતુ ચાલી રહેલી ચર્ચાઓ અને દલીલો વિશે પણ માહિતગાર રહેવા અપીલ કરી હતી.



**પ્રથમ વખત મતદાન કરનારા યુવાનો પર ઓલિમ્પિયન નીરજ ચોપરા દ્વારા લેખ**

ભારતનું ચૂંટણી પંચ 'મેરા પહેલા મત દેશ કે લિયે'નું નેતૃત્વ કરી રહ્યું છે, જેનો ઉદ્દેશ ચૂંટણીમાં યુવાનોની સાર્વત્રિક પ્રબુદ્ધ ભાગીદારીને પ્રોત્સાહન આપવાનો છે. કેન્દ્રીય પ્રધાન અનુરાગ ઠાકુરે યુવા મતદારોને પ્રોત્સાહિત કરવાની રાષ્ટ્રની પ્રતિબદ્ધતાના પ્રતીકરૂપે તેમજ તેમના લોકશાહી અધિકારનો ઉપયોગ કરવા માટે અભિયાન ગીતની શરૂઆત કરી છે. આ અભિયાન ગીત મતદાતા જાગૃતિની પહેલનો એક ભાગ છે, જે ચૂંટણી પ્રક્રિયામાં યુવાનોની વધુ ભાગીદારી માટે પીએમ મોદીના આહ્વાનની ભાવનાને મૂર્તિમંત કરે છે. દેશભરના યુવાનો તેમના યુવા મિત્રોને મત આપવા માટે વચન આપવા માટે પ્રોત્સાહિત કરવા માટે આ અભિયાન ગીતને એક આહ્વાન તરીકે સ્વીકારી રહ્યા છે.

આ પહેલમાં ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ (એચઈઆઈ) દેશભરમાં વ્યાપક મતદાર જાગૃતિ પ્રવૃત્તિઓ હાથ ધરી રહી છે અને વધુ પ્રતિનિધિત્વ ધરાવતી લોકશાહી માટે મતદાનના મૂલ્ય પર ભાર મૂકે છે. જ્યારે ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ ફિઝિકલ ઈવેન્ટ્સનું આયોજન કરે છે, ત્યારે MyGov પ્લેટફોર્મ પર ઓનલાઈન સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવે છે, જેમાં બ્લોગ લેખન, પોડકાસ્ટ, ડિબેટ્સ સહિતની વસ્તુનો સમાવેશ થાય છે, જેથી કન્ટેન્ટ ક્રિએશનમાં સર્જનાત્મકતાને પ્રોત્સાહિત કરી શકાય. વર્કશોપ, સેમિનાર, ફ્લેશ મોબ અને મતદાર પ્રતિજ્ઞા ઝુંબેશ વિદ્યાર્થીઓને ચૂંટણી પ્રક્રિયા પર વધુ આકર્ષક અને શિક્ષિત કરે છે, જેમાં એનએસએસ સ્વયંસેવકો અને સંસ્થા ક્લબો આ અભિયાનમાં સક્રિયપણે ભાગ લઈ રહ્યા છે.

પ્રધાનમંત્રીની અપીલનો પ્રતિસાદ આપતા, ઈન્સ્ટાગ્રામ, યૂટ્યુબ અને મનોરંજન ઉદ્યોગ સહિતના વિવિધ પ્લેટફોર્મ પરના પ્રભાવકો સક્રિયપણે આ અભિયાનને ટેકો આપી રહ્યા છે, પ્રથમ વખતના મતદારોને પ્રેરિત કરી રહ્યા છે. રમતગમત, મનોરંજન, વેપાર અને ઉદ્યોગ જેવા ક્ષેત્રોમાં પોતાની આગવી ઓળખ ઊભી કરનારા દેશના ખૂણે ખૂણેથી આવેલા જાણીતા નામોએ ભેગા મળીને આ સંદેશને દૂર-દૂર સુધી પહોંચાડ્યો છે. જસપ્રિત બુમરાહ, રવિચંદ્રન અશ્વિન, મોહમ્મદ સિરાજ, અવની લેખારા, સાઈખોમ મીરાબાઈ ચાનુ, જેવા મારા સાથી ખેલાડીઓ અને અનિલ કપૂર, પ્રોસેનજિત ચેટર્જી, રવીના ટંડન, રાણા દગ્ગુબાતી, કૈલાશ ખેર, શ્રેયા ઘોષાલ જેવી ફિલ્મી હસ્તીઓ ઉપરાંત ઉદ્યોગ અગ્રણીઓ જેવા કે રિતેશ અગ્રવાલ, બી.વી.આર.મોહન રેડ્ડી અને કેટલાંક પદ્મ પુરસ્કાર વિજેતાઓએ આ અભિયાનમાં ભાગ લીધો છે, જેમણે મતદાર જાગૃતિને 'રાષ્ટ્રીય ચળવળ'માં ફેરવી દીધી છે.

આ 'જન આંદોલન' યુવાનોના અવાજની સામૂહિક શક્તિ અને દેશના લોકતાંત્રિક પરિદ્રશ્યને આકાર આપવામાં તેમની સક્રિય ભાગીદારીના મહત્વને રેખાંકિત કરે છે. ચાલો આપણે આ જવાબદારીને સ્વીકારવા અને આપણા સામૂહિક અવાજોની શક્તિની ઉજવણી કરવા માટે એક થઈએ. ચાલો આપણે પડકારનો સામનો કરીએ, ચાલો આપણે આપણો અવાજ ઉઠાવીએ, અને ચાલો આપણે અન્ય લોકોને પણ આવું કરવા માટે સશક્ત બનાવીએ.

નીરજ ચોપરા, ભારતીય ટ્રેક અને ફિલ્ડ એથ્લેટ અને મેન્સ જેવલિન થ્રોમાં ઓલિમ્પિક અને વર્લ્ડ ચેમ્પિયન છે. વ્યક્ત કરેલા મંતવ્યો તેમના વ્યક્તિગત છે.

# રમઝાન દરમિયાન PIAના ખાસ નિયમો, ઓનડ્યુટી પાયલોટ-ક્રૂ નહિ રાખી શકે રોજા




લાહોર | પાકિસ્તાની સરકારી ઉડ્ડયન કંપની PIA દ્વારા એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. કંપનીએ રમઝાનના પવિત્ર મહિનામાં ઉડ્ડયન દરમિયાન ડ્યુટી પર હાજર પાયલોટ અને ફ્લાઈટ એટેન્ડેન્ટના રોજા રાખવા પર પ્રતિબંધ લગાવી દીધો છે. વાસ્તવમાં, એવિએશન કંપનીએ આ નિર્ણય મેડિકલ એડવાઈઝને ધ્યાનમાં લઈને કર્યો છે જેમાં કહેવામાં આવ્યું છે કે રોજા રાખવાથી વ્યક્તિને ડિહાઈડ્રેશન થઈ શકે છે. સાથે જ તેને આળસ અને ઊંઘ જેવી સમસ્યાઓ પણ થઈ શકે છે. કોર્પોરેટ સેફ્ટી મેનેજમેન્ટ અને એર ક્રૂ મેડિકલ સેન્ટર બંને એજન્સીઓ દ્વારા આ સલાહ આપવામાં આવી છે કે પાકિસ્તાન ઈન્ટરનેશન એરલાઈન્સના પાયલોટ અને કેબિન ક્રૂના સભ્યોએ ફ્લાઈટ દરમિયાન રોજા ન રાખવા જોઈએ. PIAના એક અધિકારીએ જણાવ્યું કે, PIAના ટોચના મેનેજમેન્ટ દ્વારા આ સૂચનોના આધારે પાયલોટ અને કેબિન ક્રૂ સ્ટાફને તાત્કાલિક અસરથી પાલન કરવા માટેના આદેશો જાહેર કરવામાં આવ્યા છે.

## ન્યૂઝ ટ્રેક

### અમેરિકાને ભારતીય પ્રોફેશનલ્સની તાતી જરૂરિયાત

ન્યૂયોર્ક | અમેરિકામાં આઈટી સહિતના દરેક ક્ષેત્રમાં ભારતીયોની બોલબાલા વધી રહી છે. ભારતીયોના વધતા વર્ચસ્વ વચ્ચે અમેરિકાના પેન્સિલ્વેનિયા રાજ્યના સાંસદ મેટ કાર્ટરાઈટે તો સ્પષ્ટપણે કહ્યુ છે કે, ભારતીય પ્રોફેશનલ્સની અમેરિકામાં તાતી જરૂરિયાત છે અને આ માટે ભારતીયોને ગ્રીન કાર્ડ આપવા માટે લગાવવામાં આવેલો સાત ટકાનો ક્વોટા હટાવી દેવામાં આવે. ભારતની ન્યૂઝ એજન્સીને આપેલા ઈન્ટરવ્યૂમાં અમેરિકન સાસંદે કહ્યુ હતુ કે, અમેરિકાને ઉત્તમ ગુણવત્તાવાળા, હાઈ સ્કિલ્ડ અને બાહોશ લોકોની જરૂર છે અને એટલા માટે જરૂરી છે કે, નોકરી મેળવવા માંગતા ભારતીયો અમેરિકામાં આવીને વસવાટ કરે. ઉલ્લેખનીય છે કે, અમેરિકા દર વર્ષે સાત ટકા ભારતીયોને જ ગ્રીન કાર્ડ આપે છે. આ ક્વોટાને હટાવવા માટે મેટ કાર્ટરાઈટ લાંબા સમયથી માંગ કરી રહ્યા છે. તેમણે કહ્યુ હતુ કે, અમેરિકાએ દરેક દેશના સાત ટકા નાગરિકોને જ ગ્રીન કાર્ડ આપવાનુ નક્કી કર્યુ છે.

### અમેરિકા ટિકટોક પર પ્રતિબંધ મુકવાની વિચારણા

ન્યૂયોર્ક | અમેરિકાની સંસદમાં ટિકટોકને બેન કરવા માટેનો પ્રસ્તાવ ભારે બહુમતિ સાથે પસાર કરવામાં આવ્યો છે. આ મામલે ડેમોક્રેટિક અને રિપબ્લિકન એમ બંને પાર્ટીના મોટાભાગના સાંસદો એકમત હતા. પ્રતિબંધ મુકવાના પ્રસ્તાવની તરફેણમાં 352 અને વિરોધમાં માત્ર 65 મત પડ્યા હતા. અમેરિકન સંસદની આ કાર્યવાહીથી ચીનના હોશ ઉડી જશે તે સ્વાભાવિક છે. આ નિર્ણયના કારણે ટિકટોકને અમેરિકામાં જો કાર્યરત રહેવુ હશે તો ચીનની કંપનીની માલિકીથી અલગ થવુ પડશે અથવા તો અમેરિકામાં પ્રતિબંધ માટે તૈયાર રહેવુ પડશે. હવે આ પ્રસ્તાવ રાષ્ટ્રપતિ જો બાઈડન સમક્ષ મુકવામાં આવશે અને તેના પર બાઈડન સહી કરશે તો ટિકટોકનુ અમેરિકામાં ભવિષ્ય ખતરામાં પડી જશે. પ્રસ્તાવની જોગવાઈ અનુસાર હાલમાં ટિકટોકની માલિકી ધરાવતી કંપની બાઈટ ડાન્સે 180 દિવસમાં આ એપ વેચી દેવી પડશે નહીંતર અમેરિકામાં ગૂગલ તેમજ એપલના એપ સ્ટોર પર તે પ્રદર્શિત નહીં કરી શકાય.

### અફઘાનિસ્તાનની ધરતી ફરી ભૂકંપથી ધ્રૂજી ઉઠી, ડર...

કાબૂલ | અફઘાનિસ્તાનની ભૂકંપ સંવેદનશીલ ધરતી ફરી એકવાર ભૂકંપના કંપનથી ધ્રૂજી ઉઠી છે. અહીં ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. નેશનલ સિસ્મોલોજી સેન્ટર અનુસાર, રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા 5.3 નોંધવામાં આવી હતી. ભૂકંપનું કેન્દ્ર જમીનથી 146 કિલોમીટર ઊંડે હતું. જો કે અફઘાનિસ્તાનના ભૂકંપની અસર પાકિસ્તાનમાં પણ અનુભવાઈ હતી. પાકિસ્તાનના કેટલાક વિસ્તારોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. હાલમાં કોઈ નુકસાનના અહેવાલ નથી, પરંતુ ભૂકંપની તીવ્રતાને જોતા મોટા પ્રમાણમાં નુકસાન થવાની આશંકા છે. અફઘાનિસ્તાનમાં વારંવાર ભૂકંપ આવી રહ્યા છે. અગાઉ ગયા મહિને 21 ફેબ્રુઆરીએ સવારે 4.2ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો.

## હવામાં જ એન્જિન બંધ કરી દીધું; 10 વર્ષ પહેલાં ગુમ થયું હતું

# એક્સપર્ટનો દાવો - MH370 દરિયાના પેટાળમાં સમાયું

કુઆલાલંપુર | તા.14

ગુમ થયેલી મલેશિયન એરલાઈન્સની ફ્લાઈટ MH370 આજે પણ એક રહસ્ય છે. એ માર્ચ 2014માં કુઆલાલંપુરથી બેઈજિંગ જવા રવાના થયા બાદ ગુમ થઈ હતી. હવે તેનું રહસ્ય ઉકેલાઈ રહેલું જણાય છે. એક્સપર્ટનું કહેવું છે કે કેપ્ટને જ વિમાનને ક્રેશ કરવાનો પ્લાન ઘડ્યો હતો. એક્સપર્ટ અને બ્રિટિશ બોઈંગ 777ના પાયલટ સિમોન હાર્ડીએ કહ્યું - ફ્લાઈટ MH370 સમુદ્રના પેટાળ (સમુદ્રમાં બનેલી ખીણ)માં સમાઈ ગઈ છે. કેપ્ટન ઝહરી અહેમદ શાહે વિમાનને ક્રેશ કરવાનું પ્લાનિંગ કર્યું હતું. ફ્લાઈટના પ્રી-ડિપાર્ચર ડોક્યુમેન્ટ્સ પરથી આ વાત સામે આવી છે. ટેક-ઓફ પહેલાં તરત જ વિમાનમાં ફેરફારો કરવામાં આવ્યા હતા બ્રિટિશ મીડિયા 'ધ ઈન્ડિપેન્ડન્ટ'ના રિપોર્ટ અનુસાર એક્સપર્ટ હાર્ડીએ કહ્યું- એડિશનલ ફ્યૂલ, ઓક્સિજન સહિત કાર્ગો મેનિફેસ્ટ (વિમાન સંબંધિત દસ્તાવેજો જેમાં વિમાનમાં સવાર તમામ મુસાફરોની વિગતો હોય છે)માં ટેક-ઓફ કરતા પહેલા ફેરફાર કરવામાં આવ્યા હતા. ટેકઓફ પહેલા. જેથી સંકેત મળે છે કે કેપ્ટન ઝાહરીએ વિમાનને ક્રેશ કરવાની યોજના બનાવી હતી.




### ક્રેશ સાઇટ દક્ષિણ હિન્દ મહાસાગરમાં હોઈ શકે છે

એક્સપર્ટ હાર્ડીએ કહ્યું- વિમાન છેલ્લી ઘડી સુધી પાયલટના નિયંત્રણમાં હતું. યુ-ટર્ન લેતા પહેલા અને વિમાન ક્રેશ થતા પહેલા મુસાફરોને બેભાન કરવા માટે તેણે જાણીજોઈને કેબિનમાં હવાનું દબાણ ઓછું કર્યું હતું. જેના કારણે લોકોને શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી હતી. તેઓ બેભાન થવા લાગ્યા હતા. હાર્દિકે કહ્યું- મેં સેટેલાઈટ તસવીરો ધ્યાનથી જોઈ છે. મારું માનવું છે કે હું ક્રેશ લોકેશન જાણું છું. આ ઓફિશિયલ સર્ચ એરિયાની બહાર છે. ક્રેશ સાઈટ દક્ષિણ હિન્દ મહાસાગરમાં ગિલ્વિનક ફ્રેક્ચર ઝોનની આસપાસ ખીણમાં હોઈ શકે છે.

**પુરાવા પણ પ્લાનિંગના સંકેત આપી રહ્યા છે :** હાર્ડીએ કહ્યું કે રિયુનિયન ટાપુ પર મળી આવેલ ફ્લેપરોન પણ સંકેત આપે છે કે ઉડાનના અંત સુધી એક પાઇલટ એક્ટિવ હતો. MH370ના પાયલોટે પાણીની સપાટી પર ઈંધણ ન મેળવવાનો પૂરો પ્રયાસ કર્યો. આ જ કારણ છે કે અત્યાર સુધી વિમાનની ક્રેશ સાઈટ મળી શકી નથી. એક્સપર્ટોનું માનવું છે કે તેમને વિશ્વભરમાં રેડિયો ફ્રીક્વન્સીમાં થયેલી ગડબડીને ટ્રેક કરીને વિમાનનો અંતિમ માર્ગ જાણવા મળ્યો હતો.જેમાં સમુદ્રની ઉપર વિમાનના માર્ગમાં આશ્ચર્યજનક પેટર્ન જોવા મળી હતી. આવું ત્યારે થાય છે જ્યારે પાઈલટ ઈરાદાપૂર્વક એરક્રાફ્ટ એન્જિનને બંધ કરી દે છે.

**MH370 ટેકઓફના 38 મિનિટ પછી ગુમ થયું હતું :** મલેશિયન એરલાઈન્સની ફ્લાઈટે MH370 8 માર્ચ 2014ના રોજ કુઆલાલંપુરથી બેઈજિંગ માટે ઉડાન ભરી હતી. ચીની મીડિયા સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટના જણાવ્યા અનુસાર, વિમાનમાં 239 મુસાફરો સવાર હતા. ફ્લાઈટ ટેકઓફના લગભગ 38 મિનિટ પછી રડારથી ગુમ થઈ ગઈ હતી.26 દેશોના 18 જહાજ, 19 એરક્રાફ્ટ અને 6 હેલિકોપ્ટર પ્લેનની શોધમાં લાગેલા હતા.

### વિમાન ગુમ થવા બાબતે કેટલાક કોયડા

એવિએશનમાં એક ઉડતું વિમાન બીજા ઉડતા વિમાનના કવર પાછળ છુપાઈ જાય છે. ટેક્નિકલ ભાષામાં તેને સિંગલ બ્લીપ કહેવાય છે. એવી આશંકા છે કે મલેશિયાના બોઈંગ વિમાનને તે દિવસે આખી દુનિયાની નજરોથી દૂર રાખીને આવી જ રીતે કોઈ ગુપ્ત જગ્યાએ લઈ જવામાં આવ્યું હશે. એક રશિયને કહ્યું- કુઆલાલંપુરથી બીજિંગ જઈ રહેલા બોઈંગ એરક્રાફ્ટે પોતાનો માર્ગ બદલતા જ પેસિફિક મહાસાગરમાં તૈનાત યુએસ નેવીના રડારે તેને પકડયું. ચેતવણીઓ છતાં જ્યારે પ્લેન તેના આયોજિત રૂટ પર પાછું ન ફર્યું ત્યારે યુએસ નેવીના વિમાનોએ તેના પર કબજો મેળવી લીધો.પ્લેનનો રસ્તો સીધો હતો, તેથી પાઈલટ ઝાહરી અહેમદ શાહે તેને ઓટો-પાઈલટ મોડ પર મૂક્યું હશે. આ દરમિયાન એવો પણ દાવો કરવામાં આવ્યો હતો.

# રશિયાથી 10 જ દિવસમાં માલ મુંબઈ પહોંચી જશે

મોસ્કો | તા.14

રશિયા-યુક્રેન યુદ્ધ શરૂ થયા બાદ યુરોપ સાથે રશિયાનો વેપાર ઘટ્યો છે. આવી સ્થિતિમાં મોસ્કોએ ભારત, ચીન અને મિડલ ઈસ્ટના દેશો સાથે વેપાર વધાર્યો છે. હવે રશિયા આવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર કામ કરી રહ્યું છે, જેનાથી પશ્ચિમી દેશો પર તેની નિર્ભરતા સંપૂર્ણપણે દુર થઈ શકે. ન્યૂયોર્ક ટાઈમ્સના રિપોર્ટ અનુસાર, તેનો સૌથી મોટો હિસ્સો 14 હજાર કરોડ રૂપિયાની 165 કિલોમીટર લાંબો રેલમાર્ગ છે જે રશિયાને ઈરાનના પોર્ટ સાથે જોડશે. આનાથી રશિયાના મોસ્કો અને સેન્ટ પીટર્સબર્ગ જેવા શહેરોથી મુંબઈ પહોંચવું ખૂબ જ સરળ બનશે. આ પ્રોજેક્ટ માટે રશિયા ઈરાનને લગભગ 11 હજાર કરોડ રૂપિયાની લોન પણ આપી રહ્યું છે.

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને જણાવ્યું હતું કે નવા રૂટથી સેન્ટ પીટર્સબર્ગથી મુંબઈ સુધીના કાર્ગો માટે મુસાફરીનો સમય 30થી ઘટાડીને માત્ર 10 દિવસ થશે. રશિયન અધિકારીઓ તેને એક ક્રાંતિકારી પ્રોજેક્ટ ગણાવી રહ્યા છે જે સુએઝ કેનાલને પડકારશે.ન્યૂયોર્ક ટાઈમ્સ અનુસાર, રશિયાનો ચીન સાથેનો વેપાર 2021થી 61% વધીને 2023માં 19.88 લાખ કરોડ રૂપિયાથી વધુ થઈ ગયો છે. ભારત સાથે રશિયાનો વેપાર પણ 2021ની સરખામણીમાં ચાર ગણો વધ્યો છે અને 5.38 લાખ કરોડ રૂપિયાને પાર કરી ગયો છે. 2023માં બંને દેશો સાથે રશિયાનો વેપાર યુક્રેન યુદ્ધ પહેલા EU સાથેના વેપાર કરતાં ઘણો વધુ છે. મેરીટાઈમ ન્યૂઝ સ્પેશિયાલિસ્ટ લોયડ્સ લિસ્ટ અનુસાર, હાલના મહિનાઓમાં યુદ્ધ દરમિયાન રશિયા માટે મધ્ય એશિયા અને કેસ્પિયન સમુદ્રથી ઈરાન સુધીનો વેપાર માર્ગ મહત્વપૂર્ણ રહ્યો છે. ઈરાન સુધીની રેલવે લાઈન ઉપરાંત, રશિયા જૂની સોવિયેત રેલવેને પણ ફરી શરુ કરવા માંગે છે.તે મોસ્કોને અઝરબૈજાન અને આર્મેનિયા થઈને ઈરાન અને તુર્કી સાથે જોડશે. 1990ના દાયકાની શરૂઆતમાં આર્મેનિયા અને અઝરબૈજાન વચ્ચે યુદ્ધ ફાટી નીકળ્યું ત્યારે આ રેલવે લાઇનને છોડી દેવામાં આવી હતી.



# પ્રોજેક્ટ 2025: ટ્રમ્પ જીતશે તો 11 લાખ ભારતીયને ગ્રીન કાર્ડ મળવું મુશ્કેલ

વૉશિંગ્ટન | તા.14

અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ઈમિગ્રેશન સૌથી મોટો મુદ્દો રહેશે. રિપબ્લિકન પાર્ટીથી કટ્ટરપંથી જૂથે આ વખતે પ્રોજેક્ટ 2025 નામથી એક બ્લૂ પ્રિન્ટ તૈયાર કરી છે. તેમાં કાયદેસર પ્રવાસીઓને વીઝા અને ગ્રીન કાર્ડ આપવાની દિશામાં અનેક કડક શરતો પ્રસ્તાવિત છે. તેની સૌથી મોટી અસર અમેરિકામાં ગ્રીન કાર્ડની પ્રતિક્ષા કરી રહેલા લગભગ 11 લાખ ભારતીયો પર પડવાની આશંકા છે. બાઈડેને વર્ષમાં 10 લાખ ભારતીયોને વિઝા આપ્યા રાષ્ટ્રપતિ બાઈડેનની ડેમોક્રેટિક પાર્ટી કાયદેસર ઈમિગ્રેશન પર સરળ શરતો લાગૂ કરવાના પક્ષમાં છે. બાઈડેન સરકારે 2023 દરમિયાન ભારતીયો માટે રેકોર્ડ 10 લાખ વિઝા જારી કર્યા હતા. વિદ્યાર્થીઓને સર્વાધિક વિઝા અપાયા હતા. ત્યારબાદ પ્રોફેશનલ્સને વિઝા મળ્યા. બાઈડેનની પાર્ટી ગેરકાયદે ઈમિગ્રેશન પર સખત વલણ અપનાવવાની જાહેરાત કરી ચૂકી છે. તેમાં મેક્સિકો અને કેનેડા મારફતે થતા ગેરકાયદે ઈમિગ્રેશનનો વિરોધ સામેલ છે.



# અરેબિયાએ ઇફ્તાર પર પ્રતિબંધ મૂક્યા પછી હવે ઝકાતને લઈને જાહેર કર્યો નવો આદેશ

અબુ ધાબી | તા.14

સાઉદી અરેબિયાની પ્રેસિડેન્સી ઑફ સ્ટેટ સિક્યોરિટીના પ્રવક્તાએ ચેતવણી ઉચ્ચારી છે કે જો કોઈ એનજીઓમાં રમઝાન મહિનામાં દાનમાં આપેલી રકમ જમા કરાવતા પકડાશે તો તેની સામે કાર્યવાહી કરવામાં આવશે. નોટિસમાં એવું પણ કહેવામાં આવ્યું હતું કે કેટલીક સંસ્થાઓ અને વ્યક્તિઓ જકાતની આડમાં નાગરિકો પાસેથી દાન એકત્ર કરી રહી છે, જેનો દુરુપયોગ થવાની શક્યતા છે. પવિત્ર રમઝાન માસ શરૂ થઈ ગયો છે. વિશ્વભરમાં ઈસ્લામ ધર્મનું પાલન કરનારા લોકો આ મહિનામાં ઝકાત એટલે કે દાન આપે છે. સાઉદી અરેબિયાની સરકારે આ દાનને લઈને કેટલીક કડક સૂચનાઓ જાહેર કરી છે. અગાઉ સાઉદી અરેબિયાએ રમઝાન માસ દરમિયાન મસ્જિદોમાં ઈફ્તાર કરવા પર પ્રતિબંધ મૂક્યો હતો.

ઈસ્લામના પાંચ સ્તંભોમાં રોઝા, ઝકાત (દાન), હજ, નમાઝ અને શહાદાનો સમાવેશ થાય છે. રમઝાન મહિનામાં મોટાભાગના મુસ્લિમો 'ઝકાત' ચૂકવે છે એટલે કે દાન આપે છે. તમને જણાવી દઈએ કે ગરીબોને પોતાની સંપત્તિનું દાન કરવું 'ઝકાત' કહેવાય છે. જ્યારે લોકો સીધા જ ગરીબોને ઝકાત આપી શકે છે, ત્યારે વિશ્વભરમાં ઘણી સંસ્થાઓ પણ આ કામ કરે છે. મુસ્લિમો આ સંસ્થાઓમાં તેમની ઝકાત ચૂકવે છે. પરંતુ ઘણી સંસ્થાઓ સહાય દાનમાં હેરાફેરી કરતી હોવાનું પણ જાણવા મળ્યું છે.

# શ્રીલંકામાં 21 ભારતીયોની ધરપકડ: ટૂરિસ્ટ વિઝાના દુરુપયોગનો આરોપ,

કોલંબો | તા.14

શ્રીલંકામાં 21 ભારતીય નાગરિકોની ધરપકડ કરવામાં આવી છે. તેમના પર પ્રવાસી વિઝાનો દુરુપયોગ કરવાનો આરોપ છે. અહેવાલો અનુસાર, ધરપકડ કરાયેલા તમામ ભારતીયો શ્રીલંકામાં ઓનલાઈન માર્કેટિંગ કેન્દ્રોમાં કામ કરતા હતા. આ પ્રવાસી વિઝાની શરતોનું ઉલ્લંઘન છે. શ્રીલંકાના મીડિયા રિપોર્ટ્સ અનુસાર, શ્રીલંકાની સરકારે તાજેતરમાં ટૂરિસ્ટ વિઝા માટેના નિયમોને સરળ બનાવ્યા છે. આરોપ છે કે ધરપકડ કરાયેલા ભારતીયો આ ટૂરિસ્ટ વિઝા પર શ્રીલંકા ગયા હતા અને ત્યાં એક ઓનલાઈન માર્કેટિંગ સેન્ટરમાં કામ કરવા લાગ્યા હતા. ધરપકડ કરાયેલા ભારતીયોની ઉંમર 24 થી 25 વર્ષની વચ્ચે છે. શ્રીલંકાના અખબાર 'ડેઈલી મિરર' અનુસાર, ઈમિગ્રેશન વિભાગે જણાવ્યું છે કે તમામ 21 ભારતીયોની મંગળવારે ધરપકડ કરવામાં આવી હતી. નેગોમ્બો શહેરમાં એક ઘરમાંથી કેટલાક લોકોની ધરપકડ કરવામાં આવી હતી. આ ઘરમાંથી ઓનલાઈન માર્કેટિંગ સેન્ટર ચલાવવામાં આવતું હતું. અહીંથી કેટલાક ઈક્વિપમેન્ટ્સ પણ મળી આવ્યા હતા. આ તસવીર 7 માર્ચે ધરપકડ કરાયેલા ભારતીયોની છે. તેમની સંખ્યા 18 હોવાનું કહેવાય છે. આ તસવીર શ્રીલંકામાં ભારતીય દૂતાવાસ દ્વારા જાહેર કરવામાં આવી છે. શ્રીલંકાના વિઝા નિયમોમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે ટૂરિસ્ટ વિઝા પર આવતા લોકો કોઈપણ પ્રકારની નોકરી કરી શકતા નથી. શ્રીલંકાની સરકારે અમુક દેશોના લોકોને વિઝા નિયમોમાં 31 માર્ચ સુધી રાહત આપી છે. તેનો ઉદ્દેશ પ્રવાસન ક્ષેત્રને પાટા પર લાવવાનો છે. 14 ફેબ્રુઆરી 2018ના રોજ શ્રીલંકામાં 23 ભારતીયોની ધરપકડ કરવામાં આવી હતી. ડિપાર્ટમેન્ટ ઓફ ઈમિગ્રેશન અનુસાર, તેમાંથી 9 જ્યોતિષ સાથે સંબંધિત કામ કરી રહ્યા હતા. (પ્રતિકાત્મક) 14 ફેબ્રુઆરી 2018ના રોજ શ્રીલંકામાં આવી જ રીતે 23 ભારતીયોની ધરપકડ કરવામાં આવી હતી. આ તમામ પ્રવાસી વિઝા પર શ્રીલંકા આવ્યા હતા. ઈમિગ્રેશન વિભાગના જણાવ્યા અનુસાર, ધરપકડ કરાયેલા લોકોમાંથી 9 જ્યોતિષ સાથે સંબંધિત કામ કરતા હતા. બાકીના કપડાના વ્યવસાયમાં હતા. આ પછી, 2020માં 7 ભારતીયોની ધરપકડ કરવામાં આવી હતી. આ લોકો બાંધકામ ક્ષેત્રે કામ કરતા હતા.



# અમેરિકામાં લેડી ગેંગે 66 કરોડની કોસ્મેટિક્સની ચોરી કરી: 50% ડિસ્કાઉન્ટમાં ઓનલાઇન વેચતી હતી

વૉશિંગ્ટન | તા.14

ધરપકડ દરમિયાન પોલીસે લેડી ગેંગની માસ્ટરમાઈન્ડ મિશેલ મેકના ઘરેથી 24.86 કરોડ રૂપિયાની કિંમતની કોસ્મેટિક્સ જપ્ત કરી છે.

અમેરિકાની પોલીસે મેક-અપના સામાનની ચોરી કરતી લેડી ગેંગની લીડરની ધરપકડ કરી છે. પોલીસે કહ્યું- 53 વર્ષીય મિશેલ મેક, જે ત્રણ બાળકોની માતા છે, તેણે 66 કરોડ રૂપિયાના કોસ્મેટિક્સની ચોરી કરી અને પછી તેને ઓનલાઈન શોપિંગ સાઈટ એમેઝોન પર વેચી દીધી છે.પોલીસના જણાવ્યા અનુસાર, મિશેલે ચોરીને અંજામ આપવા માટે 12 છોકરીઓને હાયર કરી હતી. આ તમામ છોકરીઓ સેફોરા, લેન્સ ક્રાફ્ટર, અલ્ટા, ટીજે મેક્સ, વોલગ્રીન્સ જેવા લક્ઝરી કોસ્મેટિક્સ સ્ટોરમાં જતા હતા અને મેક-અપની વસ્તુઓની ચોરી કરતી હતી. આ પછી મિશેલ આ સામાનને ડિસ્કાઉન્ટ પર ઓનલાઈન વેચી દેતી હતી અમેરિકાના 10 રાજ્યોમાં ચોરી કરી

આ ગેંગે કેલિફોર્નિયા, ઓહાયો, ટેક્સાસ, ફ્લોરિડા સહિત અમેરિકાના 10 રાજ્યોમાં ચોરીને અંજામ આપ્યો હતો. આ જ કારણ છે કે આ ગેંગનું નામ 'કેલિફોર્નિયા ગર્લ્સ' રાખવામાં આવ્યું હતું. પોલીસે 12 માર્ચે મિશેલના ઘરે દરોડો પાડ્યો હતો. આ દરમિયાન તેમને રૂ. 24.86 કરોડના કોસ્મેટિક્સ મળ્યા હતા. 4,500 સ્કવેર ફૂટમાં બનેલા આ ઘરની કિંમત 2.90 કરોડ રૂપિયા છે. 2 વર્ષથી ગેંગને પકડવાનો પ્રયાસ કરી રહ્યા હતા બ્રિટિશ મીડિયા ડેઈલી મેઈલના અહેવાલ મુજબ પોલીસ 2 વર્ષથી આ ગેંગને પકડવાનો પ્રયાસ કરી રહી હતી. કોસ્મેટિક બ્રાન્ડ અલ્ટાના સ્ટોરમાંથી ગેંગની બે યુવતીઓની ધરપકડ કરવામાં આવતા આ કેસમાં પોલીસને કડી મળી હતી. યુવતીઓએ જણાવ્યું કે એક મહિલાએ તેમને પૈસાની લાલચ આપી હતી. તેણે સ્ટોરનું લોકેશન પણ જણાવ્યું હતું. યુવતીઓના ફોન પરથી મળેલા મેસેજ દ્વારા પોલીસ મિશેલ સુધી પહોંચી હતી. આ ફૂટેજ મેરીલેન્ડના વેસ્ટ ઓશન સિટી ખાતે અલ્ટા બ્યુટી સ્ટોરના છે. જેમાં બે યુવતી સામાનની ચોરી કરતી જોવા મળે છે. માસ્ટર માઈન્ડ ઓનલાઈન મેક-અપ સ્ટોર ચલાવતી હતી તપાસ દરમિયાન પોલીસને ખબર પડી કે મિશેલ ઓનલાઈન મેક-અપ સ્ટોર ચલાવતી હતી.




# નાઈઝીરિયામાં 287 વિદ્યાર્થીઓનું અપહરણ

## બંદૂકધારીઓએ કરોડોની ખંડણી માંગી

કાબૂલ | તા.14

નાઈઝીરિયામાં 287 સ્કૂલનાં વિદ્યાર્થીઓના અપહરણનો મામલો સામે આવ્યો છે. સ્થાનિક સમુદાયના એક સભ્યએ આપેલી જાણકારી અનુસાર, ગત ગુરુવારની આ ઘટનાની જાણ કરવામાં આવી હતી, કે કેટલાક બંદૂકધારીઓએ બાળકોનું અપહરણ કર્યું હતું. અને હવે જો તેમની માંગણી છે કે એક અબજ નાયરા 621,848 અમેરિકી ડોલરની ખંડણી માંગી રહ્યા છે. જો તે નહીં અપાય તો તમામ બાળકોને મારી નાખવાની ધમકી પણ આપી છે.

કડુના રાજ્યના કુરિગા ગામના રહેવાસીએ જણાવ્યું કે, 'તેઓએ મને મંગળવારે બપોરે 12:16 વાગ્યે એક નંબર પરથી ફોન કર્યો અને 1 બિલિયન નાયરા 621,848 ડોલરની ખંડણી માંગી હતી. અપહરણ કરનારાઓએ કહ્યું કે, બાળકોના અપહરણની તારીખથી માત્ર ત્રણ અઠવાડિયા કે 20 દિવસ સુધી ચાલશે અને જો સરકાર તરફથી કોઈ કાર્યવાહી નહીં થાય તો તેઓ બધાને મારી નાખશે. બાળકોનું 7 માર્ચે અપહરણ કરવામાં આવ્યું હતું. સ્થાનિકના જણાવ્યા અનુસાર, ગુનેગારોએ કહ્યું હતું કે અપહરણ એ તેમની ગેંગના સભ્યોની હત્યા કરવા માટે સરકાર અને સુરક્ષા એજન્સીઓ પર હુમલો કરવાનો એક માર્ગ હતો. કુરિગા સમુદાયના સભ્યએ જણાવ્યું હતું કે તેમનું માનવું છે કે અપહરણકર્તાઓએ શાળાના જુનિયર સેકન્ડરી વિભાગના વડા પાસેથી તેનો નંબર મેળવ્યો હતોઇ સશસ્ત્ર ડાકુઓએ કડુનાના ચિકુન જિલ્લાના કુરિગા ગામમાં LEA પ્રાથમિક અને માધ્યમિક શાળામાં દરોડો પાડ્યો હતો અને 300 થી વધુ વિદ્યાર્થીઓનું અપહરણ કર્યું હતું. કેટલાક વિદ્યાર્થીઓને બચાવી લેવામાં આવ્યા હતા.

# નોર્થ કોરિયાના તાનાશાહ કિમે ટેન્ક ચલાવી, PHOTOS: કિમ સૈનિકો વચ્ચે દેખાયા

નોર્થ કોરિયા તા 14

નોર્થ કોરિયાના રાષ્ટ્રપતિ અને તાનાશાહ કિમ જોંગ ઉને ટેન્ક ચલાવી હતી. નોર્થ કોરિયાની ન્યૂઝ એજન્સી KCNA એ તસવીરો જાહેર કરી છે. આમાં કિમ બ્લેક લેધર જેકેટ પહેરેલા દેખાય છે. KCNA મુજબ, કિમ નવી યુદ્ધ ટેન્કનું પરીક્ષણ કરવા પહોંચ્યા હતા. અહીં મોક બેટલ (યુદ્ધ અભ્યાસ) કરાયો હતો. આ દરમિયાન કિમે ટેન્ક પણ ચલાવી હતી. તેઓ આ ટેન્કોની ફાયરપાવર ક્ષમતાઓથી ખૂબ પ્રભાવિત થયા હતા. આ યુદ્ધ અભ્યાસના એક દિવસ પહેલા અમેરિકા અને સાઉથ કોરિયાએ સંયુક્ત સૈન્ય કવાયત હાથ ધરી હતી.

ટાંકી ક્રૂની યુદ્ધ ક્ષમતાઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું

KCNAના અહેવાલ મુજબ, ટેન્ક ક્રૂની યુદ્ધ ક્ષમતાઓનું નિરીક્ષણ કરવા અને વિવિધ વ્યૂહાત્મક મિશન પર યુદ્ધ કેવી રીતે કરવું તે શીખવવા માટે આ યુદ્ધાભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. નવી ટેન્કોએ સૌથી ખરાબ યુદ્ધ પરિસ્થિતિઓ વચ્ચે ઝડપથી તેમનો માર્ગ બનાવતા લક્ષ્ય પર હુમલો કર્યો. સિઓલને કબજે કરનાર યુનિટે મોક બેટલ જીત્યું મોક બેટલમાં 105મી ટેન્ક ડિવીઝનને વિજેતા જાહેર કરવામાં આવી હતી. આ એ જ ટીમ છે જેણે કોરિયન યુદ્ધ દરમિયાન દક્ષિણ કોરિયાની રાજધાની સિઓલ પર કબજો કર્યો હતો. તેમજ, નિરીક્ષણ દરમિયાન કિમની સાથે સંરક્ષણ પ્રધાન કાંગ સુન નામ અને સેનાના અધિકારીઓ પણ હાજર હતા. નોર્થ કોરિયાની નવી ટેન્કની ફાયરપાવર ક્ષમતાઓનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. યુએસ-સાઉથ કોરિયા 2018થી ફ્રીડમ શીલ્ડનો અભ્યાસ કરે છેઆ નિરીક્ષણના એક દિવસ પહેલા અમેરિકા અને સાઉથ કોરિયાએ ફ્રીડમ શીલ્ડ એક્સરસાઈઝ (સંયુક્ત લશ્કરી કવાયત) હાથ ધરી હતી. આ કવાયત સૌપ્રથમ 2018 માં બંને દેશો દ્વારા હાથ ધરવામાં આવી હતી જ્યારે નોર્થ કોરિયાએ સાઉથ કોરિયા

આ ફૂટેજ 13 માર્ચે અમેરિકા અને સાઉથ કોરિયા વચ્ચેની મિલિટરી ડ્રિલના છે.

## ગાંધીનગરમાં મામાના ટ્રકના ડ્રાઈવરે રિવર્સ લેતાં ભાણિયો ટાયર નીચે કચડાયો

ગાંધીનગર | ગાંધીનગરના ભાટ મધર ડેરી ખાતે મામાની ટ્રકના ડ્રાઈવરે ટ્રક ગફલતભરી રીતે હંકારી રિવર્સ લેતા ભાણિયાને ટક્કર વાગી હતી. આ અકસ્માત સર્જાતાં ટ્રકનાં પાછળના ટાયર નીચે ચગદાઈ જવાથી ભાણિયાનું અકાળે મોત થયું હતું. જેથી અડાલજ પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અમદાવાદના શાહઆલમ રહેતો મોહમ્મદ જુબેર મોહમ્મદ રફીક શેખનો 22 વર્ષીય ભાઈ તૌકીર છેલ્લા એક વર્ષથી તેના મામા મોહમ્મદ આરીફની ટ્રકની કંડક્ટરીનું કામ કરતો હતો. ગઈકાલે સાંજના સમયે મોહમ્મદ જુબેર ઘરે હાજર હતો.

## દહેગામથી નરોડા સુધી એએમટીએસનો પ્રારંભ

ગાંધીનગર | દહેગામવાસીઓ જેની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા તેવી એએમટીએસ બસ સેવાનો બુધવારે શુભારંભ થતાં તેમની આતુરતાનો અંત આવ્યો હતો. દહેગામના ધારાસભ્ય ટ્રાન્સપોર્ટ, સમિતિના ચેરમેન પાલિકાના પ્રમુખ સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં નરોડા બસ ટર્મિનસથી પાલૈયા પાસે બાયડ ચોકડી સુધીના રૂટનો આજે પાલૈયા ખાતેથી શુભારંભ કરાયો હતો. દહેગામ શહેર અને તાલુકાની પ્રજા શહેરી બસ સર્વિસ (એએમટીએસ) શરૂ થાય તે માટે રાહ જોઈ રહી હતી.

### જ્યાંથી PM મોદી ચૂંટણી લડ્યા હતા એ ગુજરાતની લોકસભા બેઠક પર ભાજપમાં ભડકો

# પૂર્વ મેયર ડોક્ટર જ્યોતિબેન પંડ્યાનો ભાજપ સામે બળવો

અમદાવાદ | તા.14

વડોદરા લોકસભા બેઠક... આ બેઠક પરથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી લોકસભા ચૂંટણી લડ્યા હતા. ત્યારે હવે આ બેઠક પર ભાજપમાં ભડકો થયો છે. વડોદરા બેઠક પર રંજનબેન ભટ્ટનું પત્તુ કપાશે તેવી ચર્ચા હતી પરંતુ ભારે વિવાદો બાદ પણ ભાજપે રંજન ભટ્ટને ત્રીજીવાર ટિકિટ આપીને રિપીટ કર્યા છે. જેને લઈને હવે વડોદરામાં એક નવો વિવાદ શરૂ થયો છે.

વડોદરામાં ભાજપ નેતા જ્યોતિબેન પંડ્યા ટિકિટ ન મળતા નારાજ થયા હતા. ત્યારે હવે ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે વડોદરાના ડૉ.જ્યોતિબેન પંડ્યાને ભાજપમાંથી છ વર્ષ માટે તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કર્યા છે. મહત્વનું છે કે, જ્યોતિબેન પંડ્યા ભાજપના વરિષ્ઠ કાર્યકર્તા હતા. જ્યોતિબેન પંડ્યા વડોદરા શહેરના મેયર રહી ચૂક્યા છે. તેઓ ભાજપ રાષ્ટ્રીય મહિલા મોરચાના ઉપાધ્યક્ષ અને ભાજપના મધ્ય ઝોન પ્રવક્તા હતા. જોકે, હાલ તેમની ભાજપ પક્ષના તમામ પદો અને પ્રાથમિક સભ્યપદેથી હકાલપટ્ટી કરી દેવાઈ છે.

ડૉ.જ્યોતિબેન પંડ્યા વડોદરા શહેરના ભાજપ ઉમેદવાર રંજનબેન ભટ્ટના સંદર્ભમાં પ્રેસ કોન્ફરન્સ કરવાના હતા. જેને લઈને ભાજપ દ્વારા તેમની તાત્કાલિક ધોરણે હકાલપટ્ટી કરવામાં આવી છે. જોકે, ભાજપે સસ્પેન્ડ કરવા પાછળનું કારણ જાહેર કર્યું નથી.

### પાર્ટીએ તાત્કાલિક અસરથી 6 વર્ષ માટે સસ્પેન્ડ કર્યા

**પ્રેસ કોન્ફરન્સ કરે તે પહેલા જ કરાયા સસ્પેન્ડ**

#### સસ્પેન્ડ થયા બાદ ડૉ. જ્યોતિબેન પંડ્યાએ શું કહ્યું?



પક્ષમાંથી સસ્પેન્ડ કરવા મામલે ડૉ. જ્યોતિબેન પંડ્યાની પ્રતિક્રિયા સામે આવી છે. તેમણે રંજનબેન ભટ્ટ સામે કેટલાક સવાલો ઉભા કર્યા અને રંજનબેનનું નામ લીધા વગર ભ્રષ્ટાચારના આરોપ પણ લગાવ્યા છે. ડૉ. જ્યોતિબેન પંડ્યાએ કહ્યું કે, 'વડોદારનો વિકાસ રૂંધાઈ રહ્યો છે. શહેરના વિકાસના રૂપિયા ક્યાં જાય છે? રંજનબેનને શા માટે વારંવાર ટિકિટ આપવામાં આવી રહી છે? અમદાવાદ, સુરતની જેમ વડોદરાનો વિકાસ કેમ નથી થતો? રંજનબેનના કારણે કાર્યકરો દુ:ખી છે. છેલ્લા ઘણા સમયથી વડોદરાના વિકાસની મૂડી ઘસાઈ રહી છે. શહેર જેને પસંદ નથી કરતું પાર્ટીએ તેને ટિકિટ આપી છે. વારાણસીની જેમ વડોદરાનો ક્યારે વિકાસ થશે ? હું લોકસભા ઉમેદવાર માટે લાયક છું. મે સવારે પાર્ટી છોડવા મુદ્દે હાઈકમાન્ડને જાણ કરી છે. હું છેલ્લા 30 વર્ષથી સક્રિય કાર્યકર છતાં પાર્ટીએ મને ટિકિટ ન આપી. રંજનબેનને ત્રીજી વખત ટિકિટ આપવાની પક્ષની એવી કઈ મજબૂરી હશે કે ખ્યાલ નથી.' ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે પણ થોડા સમય અગાઉ વડોદરાનો વિકાસ રૂંધાયો હોવાની વાત કરી હતી.

#### વડાપ્રધાન મોદી પણ આ બેઠકથી લડ્યા હતા ચૂંટણી

વડોદરા બેઠક પર જ્યાં રંજનબેન ભટ્ટને રિપીટ કરાયા છે તે બેઠક પર અગાઉ વડાપ્રધાન મોદી પણ ચૂંટણી લડ્યા હતા. તેમણે પોતાની બેઠક ખાલી કરીને વારાણસીની બેઠક જાળવી રાખતા વડોદરામાં પેટા ચૂંટણી યોજાઈ હતી. આ પેટા ચૂંટણીમાં ભાજપે રંજનબેન ભટ્ટને ટિકિટ આપી હતી. રંજનબેન ભટ્ટ પેટા ચૂંટણીમાં કોંગ્રેસના તત્કાલિન શહેર પ્રમુખ નરેન્દ્ર રાવત સામે જંગી બહુમતીથી ચૂંટાયા હતા.

**ડૉ. જ્યોતિબેન પંડ્યા લોકસભા લડે તેવી સંભાવના :** જ્યોતિબેને આ વર્ષે અને પાંચ વર્ષ પહેલા 2019માં પણ વડોદરા લોકસભા બેઠક પરથી લોકસભાની ટિકિટની માંગી હતી. ભાજપ દ્વારા લોકસભાની ટિકિટ ન મળવા અને રંજનબેન ભટ્ટને ફરી ટિકિટ આપવાને લઈને નારાજ થયેલા ડૉ. જ્યોતિબેન પંડ્યા લોકસભા લડશે તેવા સમાચાર મળી રહ્યા છે. ડૉ. જ્યોતિબેન પંડ્યા કોંગ્રેસ અથવા અપક્ષમાંથી ચૂંટણી લડે તેવી ચર્ચાએ જોર પકડ્યું છે. ત્યારે જો હવે જ્યોતિબેન ચૂંટણી લડે તો વડોદરા બેઠક પર ખરાખરીનો જંગ જોવા મળી શકે છે.

## લોકસભા ચૂંટણી પહેલા પોલીસબેડામાં મોટા ફેરફાર
# ગુજરાતમાં 8 IPS અને 65 DySPની બદલી

અમદાવાદ | તા.14

લોકસભા ચૂંટણી પહેલા પોલીસ વિભાગમાં બદલીઓના આદેશ અપાયા છે. રાજ્યના 8 IPS અને 65 DySPની બદલી કરાઈ છે. વિસ્તાર અને વિભાગની જરૂરિયાત અનુસાર બદલી કરવામાં આવી છે. જેના માટે ઉચ્ચ અધિકારીઓ અને જનપ્રતિનિધિઓના ઈનપુટ મેળવ્યા બાદ નિર્ણય લેવાયો છે.

ગુજરાત રાજ્ય ગૃહ વિભાગ દ્વારા રાજ્યના 8 આઈપીએસની બદલીના આદેશ અપાયા છે. જેમાં વલય વૈધને મદદનીશ પોલીસ અધિક્ષક તરીકે સાવરકુંડલા ખાતે નિમણૂક કરાઈ છે. જ્યારે અંશૂલ જૈનની મદદનીશ પોલીસ અધિક્ષક તરીકે મહુવા ખાતે નિમણૂક કરાઈ છે. લોકેશ યાદવની રાજપીપળા, ગૌરવ અગ્રવાલની બોડેલી, સંજયકુમાર કેશવાલાની મોડાસા, વિવેક ભેડાની સંતરામપુર, સાહિત્યા વી.ની પોરબંદર અને સુબેધ માનકરની દિયોદર ખાતે પોલીસ અધિક્ષક તરીકે નિમણૂક કરાઈ છે. ગુજરાત પોલીસ વિભાગમાં ફરજ બજાવતા 65 DySPની બદલી કરાઈ છે. તેમની નવી નિમણૂકના આદેશ અપાયા છે.

## પોલીસમાં ભરતીના ફોર્મ ભરવાની તારીખ જાહેર કરવામાં આવી

અમદાવાદ | તા.14

રાજ્યની સૌથી મોટી એવી પોલીસ વિભાગની પો.સ.ઇ. કેડરની બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટર તથા લોકરક્ષક કેડરની બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ, હથિયારી પોલીસ કોન્સ્ટેબલ, હથિયારી પોલીસ કોન્સ્ટેબલ (એસ.આર.પી.એફ.) અને જેલ સિપોઇ વર્ગ-3 સંવર્ગની કુલ: 12472 ભરતી માટેના ઓનલાઈન અરજીઓ મંગાવવામાં માટે ફોર્મ ભરવાની તારીખ જાહેર કરાઈ છે. પોલીસ બોર્ડ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, ભરતી નિયમો અને પરીક્ષા નિયમોની પ્રવર્તમાન જોગવાઈઓ મુજબ લાયકાત પરિપૂર્ણ કરતા અને ઈચ્છા ધરાવતા ઉમેદવારોએ તા.04/04/2024 (બપોરના 15:00 કલાક)થી તા.30/04/2024 (રાત્રિના 23:59 કલાક સુધી) કાળજીપૂર્વક ઓનલાઈન અરજી કરવાની રહેશે.

**04 એપ્રિલ થી 30 એપ્રિલ સુધી ફોર્મ ભરાશે**

### શિક્ષણ અને ઉંમરની છૂટછાટ

લોકરક્ષક માટે ધોરણ-12 પાસ હોવું અનિવાર્ય છે. જ્યારે બિન હથિયારી પોલીસ સબ ઈન્સપેક્ટર માટે કોઈપણ ફિલ્ડના ગ્રેજ્યુએટ અરજી કરી શકશે. આ સાથે જ મહત્તમ ઉંમર લોકસક્ષક માટે 33 વર્ષ રહી છે, જ્યારે પોલીસ સબ ઈન્સપેક્ટર માટે મહત્તમ ઉંમર 35 વર્ષ રાખવામાં આવી છે. જેમાં ઉંમર અંગેના વિવિધ છૂટછાટ પણ અનામત માટે આપવામાં આવી છે.

## Quick Read

### સ્કૂલમાં મોબાઇલથી ચોરી કરતી વિદ્યાર્થિની પકડાઇ

અમદાવાદ | ધોરણ 10ની બોર્ડની પરીક્ષાના પ્રથમ સેશનમાં સ્ટાન્ડર્ડ ગણિતમાં 71,586, જ્યારે બેઝિક ગણિતની પરીક્ષા 7,43,682 વિદ્યાર્થીએ આપી હતી. ધો. 10માં 20958 વિદ્યાર્થી ગેરહાજર રહ્યા હતા. જ્યારે બીજા સેશનની પરીક્ષામાં ધોરણ 12 સામાન્ય પ્રવાહમાં અર્થશાસ્ત્રમાં કુલ 3,10,789 વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી. ધોરણ 12 સાયન્સમાં કેમિસ્ટ્રી વિષયમાં કુલ 1,28,191 વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી. બીજી તરફ અમદાવાદ સહિત રાજ્યભરમાં 11 કોપી કેસ નોંધાયા હતા. અમદાવાદ શહેર ડીઈઓ હસ્તકના પદાધિકારીઓએ કાંકરિયા-ખોખરા વિસ્તારની પ્રગતિ વિદ્યાલયમાં એક વિદ્યાર્થિનીને મોબાઈલ ફોનની મદદથી ચોરી કરતા પકડી હતી. સવારના સેશનમાં ધોરણ 10ના બેઝિક્સ મેથ્સની પરીક્ષા આપી રહેલી આ વિદ્યાર્થિની ફોનના માધ્યમથી કોપી કરવાનો પ્રયાસ કરી રહી હતી, તે સમયે પરીક્ષા કેન્દ્રના પ્રતિનિધિઓના ધ્યાનમાં આ બાબત આવી ગઈ હતી, જેથી કોપી કેસ કરાયો હતો. પરીક્ષામાં શિક્ષણ બોર્ડના પદાધિકારીઓ અને જિલ્લા શિક્ષણાધિકારીઓ, પ્રતિનિધિઓના સંકલનથી મોનિટરિંગ કરાયું હતું.

### સાળંગપુર કષ્ટભંજન હનુમાનજી મંદિરમાં રાજ્યનો સૌથી મોટો રંગોત્સવ ઊજવાશે

અમદાવાદ | સાળંગપુર ધામમાં શતામૃત મહોત્સવના ઉપલક્ષમાં સ્વામિનારાયણ મંદિર વડતાલ ધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરના શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિરમાં આ વર્ષે 25 માર્ચે ધુળેટીના દિવસે ગુજરાતના સૌથી મોટા રંગોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ રંગોત્સવની વિશેષતાની વાત કરીએ તો હનુમાનજીને હોળીના દિવસે વિશેષ શણગાર કરવામાં આવશે. આ ઓર્ગેનિક સપ્તધનુષના રંગો ઉદયપુરની ફેક્ટરીમાંથી મગાવાયા છે. આ સાથે સાત પ્રકારના 51 હજાર કિલો રંગ અર્પણ કરવામાં આવશે. સવારે હનુમાનજીને રંગ ધરાવી ભક્તો પર સંતો દ્વારા છંટકાવ કરવામાં આવશે. આ ઓર્ગેનિક સપ્તધનુષના રંગો ઉદયપુરના 50થી વધુ કારીગરો દ્વારા બનાવવામાં આવ્યા છે. મંદિરમાં પહેલી વાર આ પ્રકારનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સંતો સહિત સંપ્રદાયના આચાર્ય રાકેશપ્રસાદ મહારાજ પણ ઉપસ્થિત રહેશે. બે દિવસના ઉત્સવમાં દર્શન માટે આવનારા તમામ ભક્તોને મંદિર દ્વારા પ્રસાદની વ્યવસ્થા પણ કરવામાં આવશે.

### 2 વર્ષમાં રાજ્યમાં 1181 જીવંત વ્યક્તિની કિડની જરૂરિયાતમંદ દર્દીને ટ્રાન્સપ્લાન્ટ કરાઈ

અમદાવાદ | દર વર્ષે માર્ચ મહિનાના બીજા ગુરુવારને 'વિશ્વ કિડની દિવસ' તરીકે મનાવાય છે. લોકોમાં કિડનીના આરોગ્ય વિશે જાગરૂકતા આવે અને કિડની સંબંધી રોગો વિશે જાણકારી મળે તે હેતુથી આ દિવસ મનાવાય છે. સરકારે વિધાનસભામાં આપેલી માહિતી પ્રમાણે 2 વર્ષમાં રાજ્યમાં 1687 દર્દીમાં કિડની ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી હતી, જેમાંથી 1181 કિડની ટ્રાન્સપ્લાન્ટ જીવંત વ્યક્તિઓમાંથી કરાઈ હતી જ્યારે 506 ટ્રાન્સપ્લાન્ટ કેડેવર એટલે મૃતકના શરીરમાંથી કરવામાં આવ્યા હતા. રાજ્યમાં અમદાવાદ, વાપી, વડોદરા, સુરત, રાજકોટ, ગાંધીનગર, નડિયાદ અને આણંદની 23 હૉસ્પિટલ કિડની પ્રત્યારોપણ કરે છે. 2024માં કિડની દિવસની થીમ: 'કિડની હેલ્થ ફોર ઓલ' છે. 2018થી 2022 દરમિયાન દેશમાં 43,983 કિડની ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા હતા.

### વસ્ત્રાલમાં હિટ એન્ડ રનની ઘટના બની : અડફેટે લેનાર વાહનચાલક ભાગી છૂટયો

# કેશવબાગ ખાતે કાર ચાલકે એક્ટિવાચાલકને અડફેટે લીધો

અમદાવાદ | તા.14

અમદાવાદમાં અકસ્માતોનો કેર યથાવત રહ્યો છે. જેમાં શહેરમાં રફતારના રાક્ષસની રફતાર થંભી રહી નથી. તેમાં વસ્ત્રાલ બાદ કેશવબાગ ખાતે અકસ્માત થયો છે. કેશવબાગ ખાતે કાર ચાલકે એક્ટિવાચાલક અને અન્ય એકને અડફેટે લીધા છે. ત્યારે એક્ટિવાચાલાક મહિલાને હોસ્પિટલ ખસેડાવામાં આવી છે. યુવતીની હાલત ગંભીર છે. સવારે અમદાવાદના વસ્ત્રાલમાં હિટ એન્ડ રનની ઘટના બની છે. જેમાં રતનપુરા ગામ પાસે અકસ્માત થયો છે. તેમાં 63 વર્ષીય મહિલાનું ઘટનાસ્થળે જ મોત થયુ છે. મહિલા શાક લેવા જતી હતી ત્યારે ઘટના બની છે. અડફેટે લેનાર વાહનચાલક



ભાગી છૂટયો છે. તેમજ આઇ ડિવિઝન ટ્રાફિક પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ગુજરાત રાજ્યમાં એક પછી એક હિટ એન્ડ રનની ઘટનાઓ સામે આવી રહી છે, રાજ્યમાં બેફામ બનેલા કાર ચાલકો અકસ્માત કરી રહ્યાં છે. પૂર્વ અમદાવાદના વસ્ત્રાલ વિસ્તારમાં હિટ એન્ડ રનની ઘટના બની છે. રતનપુરા ગામ પાસે સવારે અજાણ્યા વાહને મહિલા ચાલકને ટક્કર મારી હતી. જેમાં મહિલા ચાલકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતુ.



#### 63 વર્ષીય મહિલા વહેલી સવારે શાક લેવા જતી હતી

63 વર્ષીય મહિલા વહેલી સવારે શાક લેવા જતી હતી ત્યારે આ ઘટના બની હતી. તેમજ જૂનાગઢમાં હીટ એન્ડ રનમાં 3 યુવકોનાં મોત થયા છે. જેમાં અજાણ્યો કાર ચાલક અકસ્માત કરી ફરાર થયો છે. તેમજ આ ગોઝારો અકસ્માત બાટવાના પાજોદ ગામ પાસે બન્યો છે. જેમાં કારચાલકે બાઈકને અડફેટે લેતા અકસ્માત થયો હતો.

### લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં... મરચાંના પાવડરમાં મકાઈનો લોટ

# બોટાદમાંથી ભેળસેળયુક્ત 2438 કિલો મરચાનો જથ્થો ઝડપાયો

અમદાવાદ | તા.14

રાજ્યમાં સતત ભેળસેળયુક્ત ખાદ્ય પદાર્થનો જથ્થો મળતો રહે છે. આ વચ્ચે ભેળસેળયુક્ત 2438 કિગ્રાનો મરચા પાવડર જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. જેમાં બોટાદના પાળીયાદ રોડ પર આવેલા જીઆઈડીસી વિસ્તારમાં લાઈસન્સ પુર્ણ થઈ ગયેલ હોવા છતા ગેરકાયદેસર રીતે ભેળસેળ યુક્ત સુકા દળેલા લાલ મરચાનો જથ્થો રૂ.4.47 લાખ જથ્થો બોટાદ એસ.ઓ.જી. તથા સાયબર ક્રાઇમ પો.સ્ટે ટીમે ઝડપી લઇ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગેની માહિતી અનુસાર, બોટાદ એસ.ઓ.જી. પોલીસ સ્ટાફ તથા સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનનો પોલીસ સ્ટાફ એસ.ઓ.જી. કચેરી ખાતે હાજર હતા તે દરમિયાન ખાનગી રાહે બાતમી મળેલ કે, બોટાદ, પાળીયાદ રોડ, જી.આઇ.ડી.સી વિસ્તારમાં ભરતભાઇ ગોપાળભાઇ દેગામા ભેળસેળયુક્ત ચીલી મરચુ બનાવી વેચાણ અર્થે બહાર મોકલે છે.

જ્યારે બતમીના આધારે દરોડો કરી તલાશી લેતા મકાઈના લોટની ભેળસેળ કરતો મળી આવ્યો હતો સ્પેશિયલ ઓપરેશન ગ્રુપના સ્ટફે લાયસન્સ અંગે ચકાસણી કરતા લાયસન્સ પણ પૂર્ણ થઈ ગયેલ હોય આ શખ્સ પાસેથી 2438 કિ.ગ્રામ જેટલો જથ્થો જે અંદાજે રૂ. 4,87,600 નો જથ્થો સીઝ કરવામાં આવ્યો હતો. આગળની કાર્યવાહી બોટાદ એસ.ઓ.જી.ના પોલીસ ઈન્સ્પેક્ટર એ.જી. સોલંકીએ સંભાળેલ છે.

સ્પેશિયલ ઓપરેશન ગૃપે જ્યારે તલાસી લીધી ત્યારે ભેળસેળયુક્ત મકાઈનો પાવડર અને મરચાનો પાવડર મળી આવતા ફુડ એન્ડ સેફ્ટી ઓફિસરને જાણ કરતા તેઓ પોતાની ટીમ સાથે સ્થળ ઉપર આવેલ અને દળેલ મરચાના પાઉડરમાં ચેક કરતાં જેમાં આ મજકુર ઈસમ મકાઈના લોટની ભેળસેળ કરતો હોવાનું પ્રમાણ મેળવ્યું હતું.

### ગેરકાયદે ઊભા રહેતા 150 ફેરિયાને હટાવાયાં

# સિંધુ ભવન રોડ પર રાત્રે બેસી રહેતાં કે સ્ટંટ કરતાં નબીરાઓ સામે હવે કાર્યવાહી કરાશે

અમદાવાદ | તા.14

સિંધુ ભવન રોડ પર રેસ લગાવતા, સ્ટંટ કરતાં તેમજ મોડી રાત સુધી બેસી રહેતા નબીરાઓ સામે પોલીસે કાર્યવાહી શરૂ કરી છે. પોલીસને સ્ટંટ અને હરીફાઈની ફરિયાદો મળતાં 2 દિવસથી રાતના સમયે ગાડી કે ટુ વ્હીલર પાર્ક કરીને બેસતા યુવાનોના વાહનો ડિટેઈન કરવાનું શરૂ કર્યુ હતું. ઉપરાંત રોડ ઉપર રાતના સમયે ટેબલ, લારી, ટેમ્પો લઈને ઉભા રહેતા 150 પાનના ગલ્લા, ખાણી-પીણીવાળાને ભગાડી મૂકયા હતા. આ લોકો ફરી આવી ન જાય તે માટે રાતે 8થી 2 વાગ્યા સુધી પોલીસે સિંધુ ભવન રોડ ઉપર પેટ્રોલિંગ શરૂ કર્યું છે. મોડી રાત સુધી બેસી રહેતા નબીરાઓએ ફરી એક વખત આખો રોડ બાનમાં લઈ લીધો હતો. જે અંગે બોડકદેવ પીઆઈ આર.વી.વિંછીને ફરિયાદો મળી હતી. જેથી તેઓ 2 દિવસ પહેલા રાતના સમયે ટીમ સાથે સિંધુ ભવન રોડ પર નીકળ્યા હતા અને ત્યાં ગાડીઓ અને ટુ વ્હીલર પાર્ક કરીને બેસી રહેતા નબીરાઓને ભગાડ્યા હતા. આટલું જ નહીં આખા રોડ ઉપર ટેબલ ઉપર, લારીઓમાં તેમજ ટેમ્પો લઈને ઊભા રહેતા લોકોને પોલીસે ભગાડી મૂક્યા છે અને તેમને ફરી અહીં નહીં બેસવા દેવા માટે કડક સૂચના આપી છે. તેમ છતાં બીજા દિવસે ફરી વખત રેકડીવાળા અને છોકરાઓ આવીને બેસી જતાં પોલીસે રેકડીવાળાઓને ભગાડી મુકયા હતા. જ્યારે 8 થી 10 વાહનો ડિટેઈન કરી લીધા હતા. આટલું જ નહીં આ લોકો ફરી વખત આવીને બેસી ન જાય તે માટે રાતે 8 વાગ્યા થી 2 વાગ્યા સુધી પોલીસની 2 ગાડીઓનું સિંધુ ભવન રોડ ઉપર ક્રોસ પેટ્રોલિંગ શરૂ કરાયું છે. ઉલ્લેખનીય છે કે, થોડા દિવસ પહેલાં જ કારની ટક્કરે એક સગીરનું મૃત્યુ નીપજ્યું હતું. મંગળવારે રાતે એક યુવાન લીલા રંગનું મોડીફાઈ કરેલું બાઈક લઈને પકવાન ચાર રસ્તાથી નીકળ્યો હતો. તેનું સાઈલેન્સર પણ મોટો અવાજ કરતું હોવાથી પોલીસે તે બાઈક રોકતા તેની નંબર પ્લેટ ન હતી. પોલીસે જૈમિન નાગર વિરુદ્ધ ગુનો નોંધી તેની ધરપકડ કરી બાઈક ડિટેઈન કર્યું હતું.

### એક્સ્ટ્રા બસ 19 માર્ચથી શરૂ કરાશે, ડાકોર અને દ્વારકા માટે ખાસ 500 બસો દોડશે

# હોળીમાં પેસેન્જરો માટે 1500 જેટલી એક્સ્ટ્રા બસો દોડાવાશે

અમદાવાદ | તા.14

ગુજરાતમાં હોળી પર વતન જતા પેસેન્જરોને તકલીફ પડશે નહિ. તેમજ એક્સ્ટ્રા બસ સંચાલન 19 માર્ચથી શરૂ કરાશે. તેમજ 1500 જેટલી બસો દ્વારા 7 હજાર ટ્રીપનું આયોજન કરવામાં આવ્યું છે. ડાકોર અને દ્વારકા માટે ખાસ 500 બસો દોડશે. અમદાવાદ શહેરમાં દોડતી AMTS બસ સર્વિસ અમદાવાદની જીવાદોરી સમાન માનવામાં આવે છે. ડબલ ડેકર બસ પણ શરૂ કરાતા નાગરિકોમાં આનંદ બેવડાઈ ગયો હતો. જોકે, હવે અમદાવાદના વધુ 3 નવા રૂટ પર ડબલ ડેકર બસ દોડાવવાનો નિર્ણય કમિટીમાં કરવામાં આવ્યો છે. AMTS કમિટીમાં લેવાયેલા નિર્ણય અનુસાર, લાલ દરવાજાથી શીલજ, સારંગપુરથી સિંગરવા પાટિયા અને નરોડાથી લાંભા ક્રોસ રોડ સુધી રૂટમાં એસીવાળી ડબલડેકર બસ ઉમેરાશે.



#### 1500 જેટલી બસો દ્વારા 7 હજાર ટ્રીપનું આયોજન

હોળી-ધૂળેટીનો તહેવાર હોઈ પર એસટી વિભાગે મુસાફરો માટે મોટું આયોજન કરાયું છે. આ તહેવાર માટે ખાસ 7 હજાર ટ્રીપ વધારે દોડાવશે. જેમાં 1500 જેટલી બસો દ્વારા 7 હજાર ટ્રીપનું આયોજન કરાયું છે. અલગ અલગ વિસ્તારોમાં સરળતાથી લોકો મુસાફરી કરી શકે તે હેતુથી આ વધારાની બસો દોડશે.

#### સરળતાથી મુસાફરી કરી શકે તેવું આયોજન કરવામાં આવ્યું

ઉલ્લેખનીય છે કે અમદાવાદ, રાજકોટ, અમરેલી, જુનાગઢ અને ભાવનગર, ભુજ જેવા વિસ્તારોમાં બસો દોડશે. એસટી વિભાગે એક્સ્ટ્રા બસ સંચાલનનો નિર્ણય લીધો છે. જેમાં ગોધરા, દાહોદ ઝાલોદ, છોટાઉદેપુર સુધી બસો દોડશે. લોકો સરળતાથી મુસાફરી કરી શકે તેવું આયોજન કરવામાં આવ્યું છે. તથા અલગ અલગ વિસ્તારોમાં સરળતાથી લોકો મુસાફરી કરી શકે તે હેતુથી આ વધારાની બસો દોડશે.

### કરદાતાને યોગ્ય ફોર્મેટમાં જવાબ રજૂ કરવા કહેવાયું

# ITએ 25 હજાર કરદાતાને એસેસમેન્ટની નોટિસ ફટકારી

અમદાવાદ | તા.14

વીમા પોલિસીનું કામ કરતા એજન્ટે મહિલા તબીબને પ્રેમ જાળમાં ફસાવીને ધંધો સેટ કરવા માટે ટુકડે ટુકડે રૂ.28 લાખ પડાવી લીધા હતા. જો કે પ્રેમિકાના પિતાનું અવસાન થતાં તેને પૈસાની જરૂર હોવાથી પૈસા પાછા માગતાં પ્રેમીએ કરવાની વાત બંધ કરી પ્રેમ સંબંધ કટ કરી દીધો હતો. આ અંગે મહિલા તબીબે પ્રેમી સામે ક્રાઈમ બ્રાંચમાં ફરિયાદ નોંધાવી છે. વાડજમાં રહેતા ડોકટર સપનાબહેન(38)(નામ બદલેલ છે) 2012થી સોલા સિવિલ હોસ્પિટલમાં ગુજરાત મેડિકલ રિસર્ચ એન્ડ કોલેજમાં નોકરી કરે છે. 10 વર્ષ પહેલાં સપનાબેનને પોલિસી લેવાની હોવાથી તેમણે ઓનલાઈન સર્ચ કર્યું ત્યારે ધર્મદીપ અનિરુદ્ધ નરેલા (સાનિધ્ય બંગલોઝ, સાઉથ બોપલ) સંપર્કમાં આવ્યા હતા. ત્યારે સપનાબહેને ધર્મદીપ પાસેથી કોટક મહિન્દ્રાનો ઈન્સ્યોરન્સ લીધો હોવાથી તેઓ સંપર્કમાં આવ્યા હતા. ત્યારથી સપનાબહેન અને ધર્મદીપ ફોન પર વાત કરતા હતા. 2017માં સપનાબહેનની સગાઈ તૂટી ગઈ હતી અને તે જ સમયે ધર્મદીપના પણ છૂટાછેડા થઈ ગયા હતા. જેથી ધર્મદીપે સપનાને ફ્રેન્ડશિપ માટે પ્રપોઝ કર્યુ હતું. સમય જતાં સપના અને ધર્મદીપ વચ્ચે પ્રેમ સંબંધ બંધાયો હતો. સપનાએ ધર્મદીપને લગ્નની વાત કરતા તેણે કહ્યું કે હાલમાં મારી પાસે કોઈ કામ ધંધો નથી, ધંધો સેટ થયા બાદ આપણે લગ્ન કરીશું.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...